To get rid of (રિડ) To be free from, to dismiss. થી છૂટું થવું, દૂર કરવું, મુક્ત થવું.

This......done—It was easy to say but very difficult to do it. કરવા કરતાં કહેવું સહેલું હતું, મનમાં નિશ્ચય તો કર્યો પરંતુ મિત્રને દૂર થવાનું જણાવવું કેમ ?

Offend (ઑફેન્ડ) Displease. માઠું, ખોટું લગાડવું. To take offence or to be offended—માઠું ખોટું લાગવું. [L. *Offendo*, I strike against].

Fellow (ફેલો) Man. તે માણસ. 'ફેલો' શબ્દમાં તિરસ્કાર અથવા અતિ પરિચયની ભાવના રહેલી છે, માટે જે તે માણસને માટે એ શબ્દ નહિં વાપરવો. (2) બીજો અર્થ, જોડીઓ.

Hit on (હીટ ઑન) Suddenly found out, એકદમ શોધી કાઢી, અચાનક મનમાં ઉગી આવી.

Plan (પ્લૅન) Arrangement. યોજના, યુક્તિ.
Certainly (સેરટન્લી) Assuredly. ચોકકસ.
In the hope—એવી આશાથી કે. Just—તેજ વખતે.
Later on (લેયટર ઑન) After some time. થોડા વખત પછી, મોડેથી.
Put......aside (પુટ ધી રેસ્ટ ઍસાઈડ) Put the remainder away. વધે તે મૂકી રાખજે.

Finished (ફિનિશ્ડ) Completed. પૂરૂં કર્યું છે.
Meal (મીલ) Dinner. ખાણું.
Never mind (નેવર માઈન્ડ) કંઇ ફીકર નહિં, હરકત નહિં. કંઈ નહિં.
Cook (કૂક) Prepare. રાંધવું, તૈયાર કરવું.
Dare to do (ડેઅર ટુ ડુ) Be bold enough to do. કરવાની હિંમત કરવી.

Shameful (શેઈમ ફુલ) Disgraceful, causing shame. શરમ ભરેલું.
Husband (હઝબન્ડ) પતિ, ધણી.
Permission (પરમિશન) Leave. રજા. [L *per*, through, *mitto*,
I send]. Polite (પોલાઈટ) Kind in speech. વિવેકી, વિનયી.

Advised (ઍડવાઇઝડ) Guided, suggested. શિખામણ આપી, સૂચવેલું.
(1) Advise, v. શિખામણ દેવી. (2) Advice (ઍડવાઇસ) n. શિખામણ

I am sorry (સૉરી) I regret. દિલગીર છું.
Cock (કૉક) મુરઘો, કુકડો. મુરઘો મારી, રંધાવીને તમને ખાવા આપે.
It......matter(મૅટર) It is of no importance, never mind.
તેનું કંઇ નહિં.

Ashamed (ઍશેઈમ્ડ) Put to shame. શરમાતો.
Never—એમ કદાપિ ન બને. Please (પ્લીઝ) મહેરબાની કરીને કૃપયા.
Bother (બૉધર) Trouble, worry. ઉપાધિ કરશો નહિં, મહેનત,
તસ્દી લેશો મા, માથાકુટમાં પડશો મા. In—ઘરમાં હોય.
Put off (પુટ ઑફ) Dismissed, persuaded to stop. ધકેલી નંખાય
તેમ ન્હોતો, ઉડાવી દેવાય, સમજાવી દેવાય.

Bother—મહેનત ? એમાં મહેનત શું ? [સાચેંજ.
Believe me (બીલીવ મી) I speak the truth. ખરેખર
Prepare (પ્રીપેઅર) Make ready. તૈયાર કરવી.
Prepare a fire—સગડી સળગાવ, ચેતાવ; ચૂલો ચેતાવ.
Explain (એકસપ્લેઈન) Make clear. સમજાવીશ, સમજ પાડીશ. [L.
ex, *planus*, plain].

Matters—વાત. The situation, position.
Returns (રીટર્ન્સ) Comes back. Yard (યાર્ડ) Compound વાડો.
Fowls (ફાઉલ્સ) Cocks and hens. મુરઘા મુરઘીઓ.
Finest (ફાયનેસ્ટ) સારામાં સારો. Catch (કૅચ) Hold fast. પકડવું.
Handing (હૅન્ડીંગ) Giving. આપીને.
Escape (એસ્કેઇપ) Being free. છુટકારો, છટકવું. [L. *ex*, out of,
Difficulty (ડિફ્કલ્ટી) Hard position. મુશ્કેલી, સંકટ.
Obeyed (ઓબેઈડ) Submitted. તાબે થઇ કહ્યું માન્યું.
Salam (સલામ) Good day. સલામ, સાહેબજી.

Usual (યૂઝવલ) Familiar. રૂઢી મુજબના, સાધારણ રીતે પૂછાય છે તેવા, હર હંમેશના.

Questions (કવે'સ્ટચન્સ) Inquires. પ્રશ્ન, સવાલ, પૂછપરછ.

Rnshed (રશ્ડ) Ran. એકદમ ધુસ્યો, ધસ્યો. [શંધણીયું,

Kitchen (કિચન) The room in which food is cooked. રસોડું,

Get the better of (ગેટ ધી બેટર ઑવ) Defeat. હરાવવું, લુચ્ચાઈને પ્હોંચી વળવું. Listen (લિસન) Hear attentively. ધ્યાન દઈને સાંભળ. Copper pot (કૉપર પૉટ) ત્રાંબાનું વાસણ.

The rest—બાકીનું, વધે તે. Set (સેટ) Put. મેલવું મૂકવું.

Earthen (અર્ધન) Made of earth. માટીનું, ઠીકરનું.

Sharp (શાર્પ) Cunning, clever, પ્હોંચેલ, લુચ્ચો, ચપળ.

Too......them—તેમના કરતાં વધારે પ્હોંચેલ હતો. Noticed—જોયું.

Quantity (કવૉન્ટીટી) Mass. જથ્થો, ભાગ. Going to eat—ખાવાનો છું.

Earthen ware (અર્ધન હવેઅર) મટ્ટીકામ

Seized (સીઝડ) Grasped, took hold of. ઉપાડયું, પકડયું, ઝાલ્યું.

Instead—બદલે. Upon this—આથી, આ ઉપરથી.

Meaningly (મીનીંગ્લી) As if to give her a hint. સંકેતથી, આંખના પલકારાથી સૂચના કરીને. હું કહું છું તે ખોટું છે પરંતુ તારે ખરૂં છે એમ હાજી હા ભણવું અને તે પ્રમાણે વર્તવું એવું ઇસારાથી સમજાવીને. Several (સેવરૅલ) Many. ઘણા એક.

Deva (દેવ) A god. દેવ. But here, an evil spirit. ભૂત.

Haunted (હૅાન્ટેડ) Inhabited invisibly. ભરાયા છે, અદ્દશ્ય રીતે વસ્યા છે, જેમ ભૂત વસે તેમ.

This house is haunted—આ ઘરમાં ભૂત છે. આ ઘર વ્હેમ વાળું છે.

About......time—લગભગ આ વખતે, આ અરસામાં.

Put out (પુટ આઉટ) Extinguished. ઓલવી, ઠારી નાંખ્યા છે, બુઝાવી નાખ્યા, રજા, વિદાય દીધી.

Lights (લાઈટ્સ) Lamps. દીવાબત્તી.

Indeed (ઇન્ડીડ) Really ! ખરેખર ! એમ કે ! ઓહોહો !

Visitor (વિઝિટર) New-comer. મુલાકાત લેનાર, આવેલું માણસ.

Hint (હિન્ટ) Suggestion. ધ્વનિ. સૂચના.

Took the hint—પોતાના ધણીના બોલવાનો ધ્વનિ ઝીલી લીધો, સૂચના ઉપાડી લીધી. Acted upon his secret advice.

Total (ટોટલ) Complete, entire. સાવ, તદ્દન, બિલકુલ.

Put out—Stretched. લંબાવ્યો, [દિવાનો દાંડો, દીવાની ઉલાણી.

Lampstand (લૅમ્પ સ્ટૅન્ડ) The frame on which a lamp is fixed.

Host (હોસ્ટ) One who entertains. મ્હેમાનગીરી, બરદાસ કરનાર; ઘરધણી.

Exclaimed (એક્સક્લેઇમ્ડ) Cried out. બોલી ઉઠયો, બૂમ પાડી.

Shouted (શાઉટેડ) Spoke out loudly.બૂમ પાડી, ચીસ નાખી.

Steal (સ્ટીલ) Take away by theft. છૂપી રીતે, ચોરીને લઇ જવું.

Each time—બૂમ પાડી તે દરેક વખતે, બૂમ પાડતો જાય ને મારતો જાય.

Struck (સ્ટ્રક) Beat with the lamp stand. ઉલાણીથી લગાવ્યું.

Hard (હાર્ડ) Severely જોરથી.

Contents (કૉન્ટેન્સ) The things inside. અંદર રહેલોમાલ, ખાવાનું.

Taking......him—અને સાથે સાથે માટીનું કામ તથા તેની અંદર રહેલો માલ સાચવી સંભાળી તે લઇ ગયો.

5.—THE MERCHANT OF VENICE.

(વેનીસનો વેપારી.)

Introduction (ઇન્ટ્રોડક્શન) Preface. ઉપોદ્ઘાત. Play—નાટક.

Briefly—ટુંકમાં. Heiress (એઅરેસ) મોટા વારસાની ધણી.

Loan—ઉચ્છીનાં નાણાં. Ducats—(ડકેટ) નવ શિલિંગની કીંમત. જેટલો એક સિક્કો.. Expense—ખર્ચ. Wedding—લગ્ન.

Lend—ઉચ્છીનું દેવું. Security (સીક્યુરિટી) જામીન,

Laden—લાદેલાં. Merchandise (મર્ચન્ડાઇઝ) માલ.

Interest—વ્યાજ. Pretending—ઢોંગ, દંભ કરીને.

Insisting—આગ્રહ, શરત કરીને. Bond—દસ્તાવેજ.

Forfeit (ફૉરફીટ) ખોવું. Pound—એક રતલ.

At all costs—ગમે તે જોખમે. Legal—વકીલ, કાયદાવાળા.

Robes—ઝભ્ભો. Lawyer—વકીલ, ધારાશાસ્ત્રી. Defence—બચાવ.

Scene—નાટકનો પ્રવેશ. Trial scene—જે પ્રવેશની અંદર ઍન્ટોનીયો પર કામ ચાલે છે, તે. Doctor—પંડિત, શાસ્ત્રી.

Clutches—પંજો, પકડ. [તે દેખાવ.

Scene (સીન) બનાવની જગ્યો, નાટકમાં વર્ણવેલો બનાવ જ્યાં બન્યો હોય

Venice (વેનિસ) A city of Italy. It stands on 80 islands. It 'was the mistress of Europe,' a great commercial city in ancient times. Even today, much industrial activity prevails. In ship-building it comes next after Genoa among Italian cities. Area 820 sq. miles. Population, 390,400, nearly. ઇટાલીનું એક મોટું શહેર.

A Court of Justice (કોર્ટ ઑવ જસ્ટીસ) કોરટ, ન્યાયની કચેરી, ન્યાય મંદિર. હાલમાં ઘણું ખરૂં A Court of Law અથવા A Law Court કહેવાય છે, કારણ ન્યાય કરવો એ એક વાત છે અને માત્ર કાયદો સમજાવવો એ બીજી વાત. કાયદા તો ઘણાજ અન્યાયી પણ હોય. સ્પષ્ટ રીતે 'કાયદાની કોરટ' કહેવામાં આવે છે, એટલી સત્યતા માટે પણ આપણાં અહોભાગ્ય!

Enter Portia (એન્ટર પોર્શિએ) પોર્શિઆ પ્રવેશ કરે છે. *Enter* વિગેરે જે Italics (વાંકા અક્ષર)માં લખેલું છે તે Stage Direction (રચના સૂચન) કહેવાય. Enter એ આજ્ઞાર્થમાં છે માટે એકવચન.

Doctor of Laws (ડોકટર ઑવ લૉઝ) One who has obtained the degree of Doctor at a legal examination. ધારાશાસ્ત્રમાં પારંગત, કાયદા પંડિત. ડૉકટર માત્ર દવાખાનાના હોતા નથી. દરેક વિદ્યામાં ઉંચામાં ઉંચી પરીક્ષા પસાર કરે તેને તે વિદ્યાના ડૉકટરની ડીગ્રી મળે છે. કોઇવાર ઉંચું જ્ઞાન ધરાવનારને કે સેવકને વગર પરીક્ષાએ આપવામાં આવે છે. આનું નામ Honorary Degree—માનદ ઉપાધિ, પદ્દી. [L. *doceo*, I teach]. Dressed (ડ્રેસ્ડ) નો વેષ પહેરીને.

Duke (ડ્યૂક) Judge. વેનીસનો ડ્યૂક, જે ન્યાયાધીશ તરીકે બેઠો હતો તે બોલેછે. Give me...hand-મારી સાથે હાથ મિલાવો, સત્કાર કરવાની રીત.

Bellario (બેલ્લૅરિઓ) The legal friend of Portia. His letter of recommendation was received by the Duke and so he knew that Portia came from Bellario. 'Old' is used as a term of endearment. દોસ્ત બેલારીઓ પાસેથી આવે છે? બેલારીઓ વકીલની ભલામણ લઇને, પુરૂષનો પોશાક પહેરી પોર્શિઆ

કોરટમાં આવી હતી, જેથી ડયૂકને કે બીજા કોઇને કંઈ વ્હેમ ન પડે. બૅસૅનીઓ, તે પોર્શીઆનો પતિ થાય છતાં તે પણ વર્તી ન શકે.

My lord—વરિષ્ઠ કોર્ટના ન્યાયાધીશને કહેવાય. હા, મારા સાહેબ.

Welcome (વેલ્કમ્) ભલે પધાર્યા.

Place (પ્લેઈસ) Proper seat. સલાહકાર વકીલની જગ્યા.

Acquainted (ઍકવેઈન્ટેડ) Familiar. પરિચિત.

Difference (ડિફ્રેન્સ) Quarrel. તકરાર, કેસ.

Holds (હોલ્ડઝ) Has given rise to. ઉભો રાખે છે. કરાવે છે.

Present (પ્રેઝન્ટ) આ, ચાલતો. Question (ક્વેસ્ટચન) Conversation, dispute. વાદવિવાદ. Por.—Portia.

Informed (ઈન્ફૉર્મ્ડ) Given information. માહિતી આપેલી, વિગત મળેલી.

Thoroughly (થરલી) In details, wholly. સદંતર, વિગતવાર, [સંપૂર્ણ રીતે.

Cause (કૉઝ) Case. કેસ, પક્ષાપક્ષી, તકરાર.

Merchant—વેનીસનો વેપારી, ઍન્ટોનીઓ.

Jew (જૂ) A descendant of Jacob, a Hebrew. યાહુદી વિલાયતી મારવાડી. બાઇબલના જૂના પંથનો અનુયાયી. જે ઈશુ ખ્રિસ્તના ધર્મમાં બાઇબલના નવા પંથમાં ન માને.

Stand forth—બન્ને આગળ આવો.

Strange nature (સ્ટ્રેઈન્જ નેઇટચર) Quaint manner. વિચિત્ર, [બેહુદા, પ્રકાર.

Suit (સ્યૂટ) Complaint. ફરીયાદ.

In such a rule—એવા નિયમ પ્રમાણે કે.

Venetion (વેનીશ્યન) Of Venice. વેનીસનો.

Notice the *Cannot* is one word.

Impugn (ઇમ્પ્યૂન) Question the legality of. કાયદાથી વિરૂદ્ધ ઠરાવે.

You...danger—ઍન્ટોનિયાને કહે છે કે તમે તેની દયા પર અથવા તેના કરજવાન છો, ખરૂંને! In debt to him, at his mercy. અહીં માંસ કાપવાના ભયની વાત નથી, પરંતુ હા તેવો ધ્વનિ પણ નીકળે ખરો.

Ay (આય) Yes. હા. Confess the bond (કૉન્ફેસ ધી બૉન્ડ) Admit that the document has been signed by you, દસ્તાવેજ ખરો છે તેમ તમે કબુલ રાખો છો?

Compulsion (કૉમ્પલ્શન) Legal force. ક્યા કાયદાની ફરજે, ક્યા દબાણથી? [L. *com*, *pello*, I drive].

The quality, etc.—This passage is a famous one and should be learnt by heart.

Quality (ક્વૉલિટિ) Virtue. ગુણ, સદ્ગુણ.

Strained (સ્ટ્રેઇન્ડ) Forced to come out. દબાણ કરીને, ફરજ પાડીને નીકળતો નથી. યાહુદી એમ પૂછે છે કે કયાં દબાણથી મારે દયા બતાવવી જોઇએ? દસ્તાવેજમાં હું કંઇ બંધાયેલો છું? તેના જવાબમાં પોર્શીઆ કહે છે કે દયા આવે તો આપોઆપ આવે, દબાણથી નહિં.

Droppeth (ડ્રૉપેથ) Drops. આવે છે, પડે છે.

Heaven (હેવન) આકાશ. આકાશ વિશાળ અને સ્વચ્છ હોય છે તેમ હૃદય વિશાળ અને સ્વચ્છ હોય તો દયા રૂપી વૃષ્ટિ આપો આપ આવે.

Twice blest (ટ્વાઇસ બ્લેસ્ટ) Advantageous in two ways. બન્ને પ્રકારે લાભ કારી, દ્વિગુણ તેની ધન્યતા.

Blesseth (બ્લેસેથ) Blesses, makes happy. આશિષ અર્પે છે, સુખ આપે છે, વરદાન દે છે,

Gives (ગિવ્ઝ) Who shows mercy. જે દયા દાખવે છે તેને.

Takes (ટેઇક્સ) Who receives it, is the object of it. જે દયાનું પાત્ર બને છે તેને.

Mightiest (માઇટિએસ્ટ) Strongest quality.

It......mightiest—સૌથી સબલનો સબલમાં સબલ ગુણ છે તે.

Becomes (બીકમ્સ) Befits. ને શોભે છે, છાજે છે, લાજમ છે.

Throned (થ્રોનેડ) Crowned. સિંહાસનારૂઢ, રાજ્યાસને બેઠેલા.

Monarch (મૉનાર્ક) King રાજા. [Gr. *monos*, alone, *arche*, rule].

Sceptre (સેપ્ટર) Staff of a king. રાજદંડ.

Force (ફોર્સ) Might. બળ, જોર.

Temporal (ટેમ્પોરૅલ) Earthly, worldly, is opposed to religious or spiritual. દુન્યવી, ઐહિક, ધાર્મિક કે આધ્યાત્મિક નહીં.

Power (પાવર) સત્તા. The attribute (ઍટ્રીબ્યૂટ) A helping instrument, an outward Quality. ગુણ, ધર્મ, સહાયક, સાધન. [L. *ad*, *tribuo*, rant].

Awe (ઑા) Dignity, lustre. રૂઆબ, દાબ, કડબ, મોભો.
Majesty (મૅજેસ્ટી) Greatness, પ્રતાપ, પ્રભાવ. રાજ તેજ, ભવ્યતા.
Doth sit (ડથ સિટ) Does sit, sits, remains. રહેલો છે.
Dread (ડ્રેડ) Fright. ધાક, ત્રાસ.

It becoms......kings—સિંહાસનારૂઢ રાજાને પોતાના રાજમુકુટ કરતાં તે (દયા ભાવ) વધારે શોભે છે, (કારણ કે) તેનો રાજદંડ, જે તેના મોભ્ભા અને પ્રતાપનું ચિન્હ છે અને જેની અંદર રાજાઓથી થતી ધાક અને બ્હીક ખસુસ રહેલી છે, તે (રાજ દંડ) ફકત તેની દુન્યવી સત્તા દાખવે છે
Is above (ઇઝ ઍબવ) Is superior to, is more than. ના કરતાં ઉંચી છે.

Sceptred sway (સેપ્ટર્ડ સ્વે) Power of the sceptre. રાજદંડની સત્તા.
Enthroned (એન્થ્રોનેડ) Seated on the throne. રાજ્યાસનારૂઢ.
Heart (હાર્ટ) હૃદય, અંતકરણ.
Doth......like—Resembles most. સૌથી વિશેષ સરખી જેવી દેખાય છે. Show—દેખાવું (અહિંઆં તે અકર્મક છે એટલે તેનો અર્થ બતાવવું એવો નથી થતો)

Seasons (સીઝન્સ) Tempers, softens સુંવાળો, નરમ બનાવે છે.
But mercy......justice—પરંતુ દયા આ રાજદંડની સત્તા કરતાં ચઢીયાતી છે, રાજાઓના હૃદયમાં તે આરૂઢ થએલી વિરાજેલી હોય છે.(જ્યારે રાજદંડ હાજાઓના માત્ર હાથમાં વિરાજેલો હોય છે.) અને ખુદ ખુદાનો તે ગુણ છે (જ્યારે રાજ દંડ, ઉપર કહ્યું તેમ માત્ર મોભ્ભો અને પ્રતાપ જાળવવાનું ચિન્હ છે), અને જ્યારે દયા ન્યાયને નરમ બનાવે છે ત્યારેજ દુન્યાની સત્તા દૈવી સત્તા સરખી સૌથી વિશેષ દેખાય છે રાજા પ્રજાના જીગરનો નાથ છે પરંતુ રાજાના જીગરની પણ નાથ દયા છે. કડક ન્યાય અકારો છે, તેમાં લાગણીને સ્થાન હોવુંજ જોઇએ, તેનો અર્થ એમ નહિં કે પક્ષપાત કરી ન્યાયનો અન્યાય કરી નાંખવો પરંતુ, કાયદાનાં પોથાનાં શબ્દોનેજ વળગી રહેવું એ ન્યાય નથી. હરકોઇ સવાલનું બારીક નિરીક્ષણ કરવામાં બુદ્ધિ (ન્યાય) અને હૃદય (દયા) બન્નેનો ઉપયોગ થવો જોઇએ, નહિતર કહેવાતો ન્યાય, અન્યાય છે.

Plea (પ્લી) પ્રશ્ન, દલીલ.
In the......justic—ન્યાયને માર્ગે.

Salvation (સૅલ્વેશન) Absolution, મોક્ષ, મુક્તિ, પરમાત્મા માત્ર કડક ન્યાયથીજ આપણાં કર્મો જુએ તો તો ઘણાં પાપો નીકળે અને છુટકારો થાયજ નહીં પરંતુ તે પરમ કૃપાળુ માણસ પર દયા કરે છે અને મોક્ષ આપે છે.

Pray (પ્રે) Beseech or beg God. પ્રાર્થના કરીએ છીએ.

Render (રેન્ડર) Do. કરવાને.

And......mercy—આપણે જેવું ઇચ્છીએ તેવું બીજાને પણ કરવું જોઇએ, આપણે ઇચ્છીએ છીએ કે પ્રભુ આપણા પર દયા કરે, તો પછી આપણે પણ બીજા તરફ દયા દેખાડવી જોઇએ.

Spoke (સ્પોક) હું બોલ્યો છું. Thus much—આટલું.

Mitigate (મિટિગેઇટ) Lesson, ઓછો કરવો, નરમ કરવો.

Justice (જસ્ટીસ) કાયદાની રૂએ તારો કડક ન્યાય.

Strict (સ્ટ્રીક્ટ) Stern. સખત, કડક.

Needs (નીડ્ઝ) Necessarily. અવશ્ય, જરૂર.

Sentence (સેન્ટેન્સ) Punishment. શિક્ષા, ચુકાદો.

Against (અગેન્સ્ટ) વિરૂદ્ધ.

Which......there—જો તું તારા કેસના કાયદા પ્રમાણેજ વર્તે તો વેનીસની આ કડક કચેરીને પેલા વેપારી વિરૂદ્ધ અવશ્ય ચુકાદો આપવો જોઇએ.

My deeds...head—May I alone bear the consequences of my deeds. મારા દસ્તાવેજ (મારાં કરમ) નાં ફળ ભલે હું એકલો ભોગવું, સારાં કે નઠારાં મારે ભોગવવાં છે. તમે તમારે કાયદાની રૂએ ન્યાય ચુકવો.

Deeds (ડીડ્ઝ) Actions, Documents. કરમ, દસ્તાવેજ.

Crave(ક્રેઇવ) Ask for. માગું છું. Law—કાયદો.

Justice—ન્યાય, અથવા કાયદાની કલમ પ્રમાણેનો ચુકાદો, ન્યાય.

Penalty (પેનલ્ટી) Punishment. શિક્ષા, જે પેલા વેપારીને કાયદા પ્રમાણે થવી જોઇએ તે.

Forfeit (ફૉરફીટ) The flesh which is to be taken by me according to my bond. દસ્તાવેજ પ્રમાણે લેવાનું માંસ.

Discharge (ડિસ્ચાર્જ) Repay. ભરી દેવું.

Bass—Bassanio (બૅસૅનીઓ) ઍન્ટોનીઓનો મિત્ર અને પોર્શીઆનો પતિ.

Tender (ટેન્ડર) Offer to give. આપવા ધારૂં છું.
For him—ઍન્ટોનીઓને બદલે.
Yea......sum—અરે, બમણી રકમ પણ.
Suffice (સફાઈસ) Satisfy. પૂરી ન થાય.
Bound (બાઉન્ડ) Pledged. બંધાઇશ, બંધણી કરીશ,
Ten O'er—ten times as much. દશ ગણી.
On forefit—ન ભરૂં તો ખાલસા થઇ જવાની, ઝોંટાઇ જવાની શરતે.
My home......heart—All my powers, my body, and my soul. ન ભરૂં તો મારાં સર્વ સાધનો, મારૂં શરીર, અને મારો આત્મા ભલે ખાલસા થઇ જાય, નાશ પામે, મારી સદ્‌ગતિ થતી પણ ભલે અટકે, મારૂં સત્યાનાશ જાય.
Malice (મૅલિસ) Hatred. દ્વેષ, વેરની લાગણી.
Bears down (બેઅર્સ ડાઉન) Defeats. હરાવે છે; ની ઉપર વિજય મેળવે છે. જો યાહુદીને પૈસાનુંજ કામ હોય, અને ખરી રીતે તેમજ હોવું જોઇએ, તો હું દશ ગણી રકમ પણ ભરવા તૈયાર છું, પરંતુ તે ન સ્વીકારતાં તે યાહુદી માંસ લેવાજ તલ્પે તો પછી તેને દ્વેષ છે એમ નક્કી થાય અને ખરો ન્યાય, ખરૂં સત્ય રહે નહીં.
Beseech (બીસીચ) Beg. આજીજી કરૂં છું.
Wrest (રેસ્ટ) Seize, grasp away. લઈ લ્યો, ઝોંટીને લઇ લ્યો.
Wrest......authority—Take the law into your own hands; stretch a point in our favour, using your discretionary powers. તમને પોતાને કાયદાની કલમ ઉપર સારાસાર વિચાર કરવાની છૂટ છે, તે સત્તાને આધારે કાયદાને તમારા હાથમાં જોરથી લઇ લ્યો. કાયદાનાં પોથાં પાસેથી ઝુંટવી તમારી સત્તાને સોંપો.
Authority (ઑથૉરીટી) Power of position. હોદ્દાની રૂએની સત્તા.
To do—wrong—This is a famous line, often quoted. મોઢે કરવા જેવી લીટી છે. એક મહાન ધર્મકાર્ય કરવા માટે, થોડો અધર્મ કરો. ઘણાએક વિચારશીલ પુરૂષો આ સિદ્ધાંતને વ્યાજબી ગણે છે. પરંતુ અહિં તેનો ભાવાર્થ અરસપરસ સંબંધ જોઇ નક્કી કરવો જોઈએ. સવાલ એ છે કે એક તરફ માણસે ઘડેલો કાયદો અને બીજી તરફ ઇશ્વરી કાયદો, એ બેનો જ્યાં વિરોધ ત્યાં માણસે ઘડેલા કાયદાનું

સ્હેજ ઉલ્લંઘન થાય તો તેમાં ખોટું નથી, અને તેમ કરવા આ વિનંતિ છે. ખરૂં જોતાં એ અધર્મ છેજ નહિ. આનો અર્થ એમ ન નીકળે કે અમુક સત્ય માટે થોડું એક અસત્ય ચાલે. આપણા વીર પુરૂષો, જેવા કે હરિશ્ચંદ્ર, વિગેરે આ સિદ્ધાંત સ્વીકારે નહીં; ઈશ્વરી કાયદાને પહેલું માન આપે પરંતુ સાધારણ માણસોએ નિયમથી બંધાવું જોઇએ.

Curb of (કર્બ ઑવ) Prevent from. પોતાની મરજી મુજબ વર્તતાં અટકાવો. [રાક્ષસ, જાલીમ.

Cruel devil (ક્રુએલ ડેવિલ) Merciless Satan. નિર્દય શયતાન.

Can alter (કૅન ઑલ્ટર) Who can change, જે ફેરવી શકે.

Decree (ડીક્રી) Article of the law, order, section. કાયદાની કલમ. કાયદાનું વિધાન.

Established (એસ્ટૅબ્લિશ્ડ) Which is laid down. જે વિહિત સ્થાપિત હોય. પોર્શીઆ પહેલ વહેલાં યાહુદીની તરફેણમાં બોલીને તેને ફુલાવે છે અને કચેરીમાં પોતાના નિષ્પક્ષપાતીપણાનો દાખલો બેસાડે છે અને પછી યાહુદીને ચાલાકીથી હેઠો પાડે છે. બોલો અબલાઓ બારિસ્ટર થવા લાયક ખરી કે નહીં? પરંતુ બધી અબલાઓ પોર્શીઆ જેવી હોય ખરી?

Denial (ડૅનિઅલ) A 'young youth' described as preeminent in wisdom. He was famous as an impartial and far—seeing judge. બાયબલનાં 'ઇઝેકિએલ,' 'ડૅનિએલ' તથા સ્ટોરી ઑવ સુસાના ઍન્ડ ધી એલ્ડર્સ' નામના પ્રકરણોમાં વર્ણવેલો એક ડાહ્યો ન્યાયાધીશ..

Come to judgment (કમ જજમેન્ટ) ન્યાય ચુકવવા આવ્યો છે.

A......judgment—વાહવાહ, આ બારિસ્ટર ડૅનીએલ જેવો ડાહ્યો અને ન્યાયી છે; વાહ; અદલ ન્યાય.

A Daniel—ડૅનીએલના જેવો ન્યાયી. Cf. A Caesar—સીઝરના જેવો બહાદુર. A Harishchandra—હરિશ્ચંદ્ર જેવો સત્યવાદી અથવા ધીર. An Akbar—અકબરના જેવો ન્યાયી મુત્સદ્દી. આ અલંકાર Antonomasia (સમાનશીલનામાર્પણ) કહેવાય છે.

Yea, a Daniel—ઓહો હો, ખરેખર તે ખરેખર ડૅનીએલના જેવો.

Honour (ઑનર) Revere. પૂજું છું.

How......thee—હું તને કેટલો પૂજું છું એ કેમ કહી શકાય ? તારા તરફનું મારૂં માન અનિર્વર્ણનીય છે આમ કહી પોર્શિઆની ખુશામત કરે છે, જેથી પોર્શિઆ પોતાનાજ પક્ષમાં રહે. માણસનો શું મોહ!

Reverend (રેવરેન્ડ) પૂજ્ય, માનનીય.

There's......thee—Antonio will repay to you thrice as much money as you lent to him. તેં ઍન્ટાનીઓને જે નાણું ઉછીનાં આપ્યાં છે તેનાં ત્રગણું તેને પાછાં આપવા તે તૈયાર છે. પોર્શિઆ આમ ધારી લે છે, કારણ કે ઍસાનીઓ દશ ગણું આપવા પણ તૈયાર હતો. અથવા બમણી રકમ આપવાનું ઍસેનીયો અગાઉ કહી ચૂકેલો છે તેની સાથે મૂળ રકમ. મુદ્દલ ગણીને પોર્શિઆ ત્રગણીની વાત કરે છે.

J......heaven—I have sworn before God. ઈશ્વરને હાજર જાણી હું સોગંદ લઉં છું કે તે પ્રમાણે ખરેખર કબુલત થયેલ. ડયૂકને તેણે કહેલું કે હું ગમે એટલાં વધારે નાણાં મને આપે તોપણ નહીં લઉં, આ વાતને તે ગંભીર સોગંદરૂપ ગણી લઇ આમ બોલે છે.

Perjury (પરજ્યુરી) False swearing. ખોટા સોગંદ, ખોટી સાક્ષી આપવી તે, તેનું નામ પાપ ગુન્હો.

Shall......soul—ખોટા સોગંદ લઇને હું મારા :આત્માને કલંકિત કરૂં ? ખોટા શપથના પાપનો ભાર હું મારા આત્મા પર મેલું?

Not for Venice—Not even if I get the whole dukedom, kingdom of Venice. વેનીસનું રાજ્ય મળે તોપણ ખોટા સોગંદ નખાઉં.

Forefit (ફોરફિટ) Its terms are not fulfilled and so the Jew can claim. શરત પૂરી ન થવાથી યાહુદી દાવો કરી શકે.

By this—આ દસ્તાવેજની રૂએ.

Bid me (બિડ મી) Give me leave ask me મને રજા આપ, મને કહે Bid પછી To ન આવે, માટે Bid me (to) tear.

Tear (ટિઅર) Cut up. ફાડી નાખવું.

Tenor (ટેનોર) Meaning, Terms. શરત, ભાવાર્થ.

According to (ઍકૉર્ડીંગ) પ્રમાણે, મુજબ.

It doth, etc.—વળી પાછી પોર્શિઆએ દયાને માટે દલીલ કરી તેથી શાયલૉક વળી પાછી તેને ચાવી ચ્હડાવે છે, ખુશામત કરીને.

Exposition (એક્સપોઝીશન) Explanation of the case. કેસ સમજાવ-
વાની રીતિ, પૃથક્કરણ, ઉપોદ્ઘાત. [L. *ex.* out *pono*. I put].
Sound (સાઉન્ડ) Solid સધર, ગહન, ભારે સરસ. Hath—Has.
I...law—કાયદાને નામે હું તમને કહું છું કે.
Where of (હ્વેઅર) ઑવ) Of which. જે કાયદાના.
Well-deserving (વેલ-ડીઝર્વીંગ) Worthy. લાયક; સ્તુતિ, પ્રશંસાપાત્ર.
Pillar (પિલર) Great supporter. સ્તંભ, ખેરખાં, ખડીખમ. ચુકાદો
આપવા તૈયારી કરો, આગળ ચલાવો.
By......swear. હું મારા આત્માના સોગંદ ખાઇને કહું છું, એટલે કે હું
ખોટો પડું તો મારી દુર્ગતિ થાય, મને પ્રભુ પુછે, જેના નામના સોગંદ
ખાવા હોય તેને By લાગે.
By me—મારા સોગંદ, મારા સમ.
Tongue of man (ટન્ગ) કોઈ માણસની જીભમાં.
Stay (સ્ટે) Have chief support. મારા દસ્તાવેજ ઉપર મારા હકનો.
અહિં આધાર છે, તે કોઇ ખોટો પાડી શકે એમ નથી.
Heartily (હાર્ટીલી) Without any sorrow. જીગરથી, ખરા દિલથી.
Bosom (બુઝમ) Chest. છાતી.
Excellent (એક્સ્સેલેન્ટ) Best ઉત્તમ.
Intent (ઈન્ટેન્ટ) Tenor. સામાન્ય અર્થ, શબ્દાર્થ.
Purpose (પરપઝ) Spirit. ભાવાર્થ.
Hath......relation to (રીલેશન) Fully allows, lays down
clearly the proportion of, ની સાથે બરાબર સંબંધી છે, ચોકખી
રીતે પ્રમાણ મલે છે.
Appeareth due (એપીઅરેથ ડયુ) Appears that it should be
given. જે શિક્ષા આ દસ્તાવેજ ઉપરથી યોગ્ય રીતે નીકળી આવે છે, જે
શિક્ષાનો વખત ભરાઇ ગયો છે.
Upright (અપ્રાઇટ) Honest. પ્રમાણિક, સીધો.
Elder (એલ્ડર) Older વધારે ઉમ્મરનો. માત્ર સંબંધ, સગપણ દર્શાવવું
હોય ત્યારે હવે, Elder, વપરાય છે.
How......looks—તમે દેખાઓ છો તેના કરતાં (ડહાપણમાં) કેટલા બધા
વધારે મોટા છો? તમારી ઉમ્મરના પ્રમાણમાં તમારૂં ડહાપણ ઘણુંજ
અસાધારણ છે.

Lay bare (લે બેઅર) Make uncovered ખોલો, ઉઘાડી કરો.
Breast (બ્રેસ્ટ) Bosom. છાતી.
So......bond—દસ્તાવેજમાં એમ લખેલ છે, ખરૂંને, ખાનદાન ન્યાયાધીશ ?
Balance (બૅલૅન્સ) Scales. ત્રાજવાં તોલાં. Balance, દેખીતી રીતે એક-
 વચન છે, છતાં તેની અંદર બે ત્રાજવાં, એક દાંડી તથા તોલાં વિગેરેનો
 સમાવેશ કરેલ છે તેથી તેનો ઉપયોગ બહુ વચન તરીકે થયલો છે.
Weigh (વે) To measure by balance. તોલવું.
By—near—પાસે કોઇ ડાકટરને રાખ.
Surgeon (સર્જન) A doctor who is skilled in cutting, in
 operations, in healing wounds. શસ્ત્રવૈદ, [Gr. *cheir*, hand,
 ergon, work].
On your charge—You, paying his fees. તેની ફી તું આપીને.
Stop (સ્ટૉપ) Dress. મલમ પટ્ટો કરવાને, લોહી અટકાવવાને.
Bleed to death (બ્લીડ ટુ ડેથ) Give out so much blood that
 he should die of the loss. લોહી નીકળી નીકળીને મરી જાય.
 પોર્શિઆ ચકાસી જૂએ છે કે યાહુદીને દયાનો છાંટો પણ છે] અને
 કચેરી આગળ તેની નિર્દયતા ખુલ્લી કરે છે. [લખેલું છે.
Nominated (નૉમિનેટેડ) Named, said in so many words કહ્યું છે,
Expressed (એક્સપ્રેસ્ડ) Mentioned, told. બતાવેલું, સ્પષ્ટ લખેલું.
For charity (ચૅરીટી) Out of loving kindness. દયા ખાતર, પ્રેમ
 ખાતર. [my bond. નથી મળી શકતી.
Find it (ફાઇન્ડ ઇટ) Show it either in my heart or
But little—only little સ્હેજ સ્હાજ, નહીં જેટલું.
Armed (આર્મ્ડ) With arms, with sufficient virtue
 to answer before God. સજ્જ, હથીયારબંધ, એટલે કે પાપપુંજ
 રહિત, હું અત્યારે મરૂં તો મારા આત્માની અસદ્ગતિ થાય એમ નથી,
Fare you well (ફેઅર યુ વેલ) May you be happy, good-bye
 for ever. છેલ્લી સલામ, મારો તને છેલ્લો આશીર્વાદ, પછીની અમુક
 લીટીઓ છોડી દેવામાં આવી છે.
Repent......heart—you may be sorry only (but) on your own
 account that you shall lose your friend but not for me

because I assure you that I do not feel sorry at all in repaying your debt for it the jew wholly cuts out my heart you will see that I have given out all my heart in love for you and done it quite cheerfully. તારે માત્ર તારી ખાતરજ એટલી દિલગીરી કરવી કે તું તારો મિત્ર ખોઇશ. અને મારે માટે નહિ કારણ કે તે તારો મિત્ર તું (નક્કી માનજે કે) તારૂં કરજ (તારાં લગ્ન માટે મેં ઉછીના લીધેલાં નાણાં, તારા પ્રેમ બદલ મારે જે પ્રેમ આપવો જોઇએ તે) ભરી દેવામાં જરાએ દિલગીર થતો નથી, કારણ કે આ યાહુદી જો મારા હૈયામાં ઉંડો કાપ મેલશે તો તત્ક્ષણ મારા સામટા જીગરથી (આખું જીગર કપાવીને તારે માટે આખા જીગરની આહુતિ આપીને, ઘણી ખુશીની સાથે) હું તે ભરી આપીશ (એમ તને ખાત્રી થશે).

Debt—તારે માટે કરેલું કરજ. (૨) તારી પાસેથી લીધેલા પ્રેમ રૂપી કરજ.
All my heart— હૃદયનો આખો અવયવ (૨) મારૂં આખું હૃદય બહાર કઢાવીને, મારો પ્રેમબતાવી આપીશ. (3) ઘણી ખુશીથી; સ્હેજ પણ સંકોચ વગર.

Esteemed (એસ્ટીમ્ડ) Valued. કીંમતી, માનનીય.

Above (ઍબવ) More than. થી વધારે.

Ay (આઇ) Yes. હા, જરૂર.

Sacrifice (સૅક્રિફાઇસ) Give up. બલિદાન; ભોગ આપવો, તારા જેવા મિત્ર તરફના પ્રેમ રૂપી વેદિ ઉપર તે બધાંનું બલિદાન હું આપું.

Deliver (ડીલિવર) Save. બચાવવાને. [L. *delibero*, I set free].

Trifle (ટ્રાઇફલ) Waste. make light use of. નકામો, રમતમાં કાઢીએ, છીએ, નિર્દયને મન ઉંચી ભાવનાઓ રમત લાગે છે અને શુષ્ક કાયદો સારો લાગે છે.

Pursue (પરસ્યુ) Proceed to. તરફ ચલવો, અંત લાવો, પાર પાડો.

Sentence (સેન્ટેન્સ) Punishment. ચુકાદો, સુનાવણી, શિક્ષા.

Awards (ઍવોર્ડ્ઝ) Give it as due. હક મુજબ આપે છે.

Rightful (રાઈટ ફુલ) Righteous. ન્યાયી, હક વિચારનાર, સમદર્શી.

From off—માંથી. A sentence—હોદ્દો, શિક્ષા થઇ.

Tarry (ટૅરી) Wait, delay. ઉભો રહે, ધીરો, ખમ, સબુર કર.

Jot (જૉટ) Particle. અણુંમાત્ર, એક ટીપું પણ.

Expressly (એકસપ્રેસ્લી) Clearly. ચોકખી સ્પષ્ટ રીતે.

It--The flesh. Shed (શેડ) Cast, draw out. કાઢીશ, પાડીશ.

Christian blood (ક્રિસ્ટચન) The blood of Antonio who is a Christan. ખ્રિસ્તીના લોહીનું ચાહુદીઓ ઇશુખ્રિસ્તમાં ન માને અને ખ્રિસ્તીઓનાતો તે પયગમ્બર ,એટલે એ બે કોમ વચ્ચે તિરસ્કાર અને દ્વેષ હતાં અને ખ્રિસ્તી લોકોનું બળ વધારે તેથી ખ્રિસ્તીના લોહીનું એક ટીપું પડે તો ચાહુદી ઉપર મોટું વેર લેવાય.

Goods (ગૂડઝ) Property. માલમત્તા, મિલ્કત.

Confiscate (કૉન્ફિસ્કેઇટ) To be 'confiscated, forfeited. ખાલસા કરવા યોગ્ય, ખાલસા થાય છે.

Unto (અન્ટુ) By. નાથી ની અંદર ને.

Is......law—ચાહુદી બચ્ચો ગભરાણો.

Shalt—Shows promise. વચન આપું છું કે તું પોતે વાંચી શકીશ.

Act (ઍક્ટ) A body of laws કાયદો એક બાબતને લગતો સઘળો કાયદો કાનુન સંગ્રહ.

Urgest (અર્જેસ્ટ) Present for. ને માટે દખાણ ખૂબ માગણી કરે છે.

Be assured (બી ઍસ્યર્ડ) Believe firmly. ખાત્રી રાખજે.

More...desirest—તું ઇચ્છે છે તેના કરતાં વધારે, ત્યાર પછીનાં ટપકાં એમ બતાવે છે કે અસલ નાટકમાંથી થોડોક ભાગ ઓછો કરવામાં આવ્યો છે.

Offer—પહેલાં જે બૅસૅનીઓએ કહેલું કે ત્રગણાં નાણાં આપું તે.

Pay......go—જોઈ ચાહુદીની મુત્સદ્દીગીરી! જાણે પોતે દયા કરતો હોયની! પરંતુ ખરી વાત તો એ છે કે ગરજનો માર્યો આમ બોલે છે. ધોકા મારીનો ધરમ. ભાઈશ્રીને હવે ભાન થયું છે કે નાણાં પણ નહીં મળે અને ઉલટી માલ મિલ્કત જશે; કારણ કે લોહી કાઢયા વગર માંસ ક્યાંથી કપાય? એટલે He makes a virtue of necessity=ગરજનો માર્યો ધરમ કરે છે.

Here...money--આ રહ્યા પૈસા, લેતો હો અને છુટકારો કરતો હો તો. ઍસાનીઓ હજી પોર્શીઆની ચાલાકી બરાબર સમજી શકયો નથી. અને પોતાના પક્ષને નબળો માને છે.

Soft—સબર, ધીરા.

All justice—ન્યાય ન્યાય કરતો હતો તો હવે પૂરેપૂરો ન્યાય મળશે.
No haste—કંઇ ઉતાવળ નથી. આ બધું દાઢમાંથી બોલાય છે. યાહુદીની પૂરેપૂરી મજાક થાય છે.
Penalty—યોગ્ય શિક્ષા જે ઍન્ટોનીઓને મળી છે, તેનો અમલ.
Less nor more—ઓછું કે વત્તું નહીં.
Just—એક રતલજ; બરાબર એક રતલ. આ વળી એક નવું પોઇન્ટ !!!
Be......much—પછી ભલે તે એટલું (વત્તું કે ઓછું) હોય કે જેથી
Light (લાઇટ) હલકું. Heavy (હેવી) ભારે.
Substance (સબ્સ્ટૅન્સ) The total weight. (2) Thing. સરવાળે, પદાર્થ, માંસ. Or—Or as. ના જેટલું.
Scruple (સ્ક્રુપલ) 24 grains or $\frac{1}{3}$ drachm or $\frac{1}{24}$ ounce. એક અઉન્સનો ચોવીસમો ભાગ.
Scale—ત્રાજવું. Turn—ઉંચે નીચે થાય.
In the estimation of (એસ્ટીમેયૂશન્) As much as by the extra weight of ના જેટલા વધારે વજનથી થાય તેટલું પણ.
Pause (પોઝ્) Halt, Stop. અટકવું. [ખાલસા કરેલી ચીજ.
Forfeiture (ફૉરફીટ્યુર) That which is due to thee. વસુલાત,
Principal (પ્રિંસિપૅલ) Original sum lent, without interest. મુદ્દલ, મૂળ રકમ હવે ગણત્રીની પણ વાત ગઇ !!
Refused (રીફ્યુઝ્ડ) લેવા ના કહી છે. Open court...ભર કચેરી.
Shall—Shows threat or order.
Barely (બેઅરલી) Merely. ફક્ત, માત્ર, કોરી.
So (સો) In the proper manner. દસ્તાવેજમાં લખેલી રીતે, માંસ માત્ર, લોહી નહીં.
At thy peril (પેરિલ) On thy responsibility તારી જોખમદારીથી.
Jew—Shows contempt. તિરસ્કારની છટા છે, અલ્યા યાહુદી.

PARAPHRASE.

The quality of mercy.........the merchant there.

Mercy cannot be compelled; it comes as naturally from the heart as rain from heaven. It is beneficial to

both parties,—the giver and the receiver. The strength of the strongest lies best in showing mercy. A king is honoured more by this quality than by his crown, because his crown, staff, etc. are merely the signs of his fleeting worldly power, keeping up his dignity and position by which his subjects may submit to and fear him. But mercy is a higher virtue than this kingly power; its throne is not any dull and dead substance but the living heart of kings; it is a quality which God himself has. And the power of a king will, therefore, be truly divine only when he shows a little mercy along with a sense of justice. Think of it, Jew, that if God were to give strict justice without showing any mercy, none of us should get salvation; all of us praty to God for mercy and this consideration, therefore, should make thee show mercy to Antonio, even if, in thy opinion, the demand may be quite just. These words will, I hope. induce thee to lessen thy demand, for, otherwise this court which follows the strict law of Venice is sure to decide against Antonio.

(2) Yes, here I tender it for him in the court...... cruel devil of his will.

I am quite prepared to give him not only the amount due but double that; if that is not sufficient, I will give him ten times as much as the sum lent by him, and if I do not, may everything of mine be destroyed. Now if the Jew is not satisfied even with these terms, then it is clear that his mind is full of a feeling of revenge rather than that of justice. Under these circumstances I beg you very earnestly to exercise your own good sense. Never mind if you have to break some points of law, considering that thereby you will render true service

to the cause of justice, of divine law. And by acting thus, prevent this merciless and cunning man from carrying out his evil desires.

(3) The Jew shall have justice......take thy forfeture No hurry about it. I am all eager to render perfect justice to the Jew, and will, therefore, allow him nothing except what the bond demands. Now, Jew, you are at liberty to cut off the flesh but bear in mind that not a drop of blood must appear. Another point is that the flesh you cut off must be exactly a pound. If it weighs a little more or less than that, even as much as one scruple or one hair, you shall be sentenced to death and all your property shall be confiscated. On these conditions, Jew, you are at perfect liberty to cut off the flesh. Now please, do not stop but go on, take your dues.

6.—THE EIGHT PENNIES.

(આઠ પેનીની વાત).

Introduction:—Historical ઐતિહાસિક.

Invented—જોડી કાઢેલી શોધેલી.

Middle Ages—મધ્યકાલ, માધ્યમિક યુગ. લગભગ છઠ્ઠાથી પંદરમા સૈકા સુધીનો જમાનો.

Supposed— ધારી લેવામાં આવેલો. Magician—જાદુગર.

Titus (ટાયટસ) He lived from 40—81 A. D. He was son to Vespasian. For his bravery in capturing and dertroying Jerusalem, he was honoured with the Arch of Titus which still stands in Rome. He came to the throne in 79 A. D. Before this, he was disliked but after he became Emperor he grew very popular. He however, only reigned two years. રોમન બાદશાહ, જે

રૂસલેમનો જીતનાર, પહેલાં સ્વચ્છંદી હતો પરંતુ બાદશાહ બન્યા પછી લોકપ્રિય થયો હતો. કૉલોસ્યમ પૂરૂં બંધાવ્યું અને બીજાં મકાનો તથા આરોગ્ય કુંડ વિગેરે પણ તેણે બંધાવ્યાં હતાં. તેનું રાજ્ય બે વર્ષ ઇ. સ. ૭૯–૮૧ સુધી ચાલ્યું.

Made a decree (ડીક્રી) Ordered, Made a rule. નિયમ, હુકમ, ફરમાન કાઢેલું.

Birthday (બર્થ ડે) જન્મ દિવસ, ગાંઠ.

Held Sacred (સેક્રેડ) Considered to be a holiday. પવિત્ર ગણવો, રજા પાળવી.

Whosoever (હુસો એવર) જે કોઈ.

Virgil (વર્જિલ) [70–19 B. C.] A great Roman poet. He was born near Mantua but lived and became well–known and wealthy in Rome during his later years. He composed the *Ecloges*, *The Georgics*, and the *Aeneid*.એક મહાન રોમન કવિ. ખરૂં જોતાં તે ટાયટસના રાજ્ય (ઇ. સ. ૭૯)માં ન્હોતો પરંતુ આ વાત જોડી કાઢેલી છે એટલે ચાલે.

We—Is the Royal Plural. રાજાના બાદશાહો પોતાને માટે બહુવચન વાપરે છે, તેમજ વર્તમાનપત્રનો અધિપતિ, ગ્રંથકર્તા અને ધર્માચાર્યો પણ વાપરે છે.

Frame (ફ્રેઈમ) Find out, form કરવું, બનાવવું.

Piece of Magic (પીસ ઑવ મેજીક) Miraculous device. અદ્ભુત, જાદુઇ યોજના, ઘાટ. Piece એ એક વાની સૂચવે છે. A Piece of advice—સલાહ, સલાહની એક વાત, વાની.

We...frame—અમે ઇચ્છીએ છીએ કે તમે...બનાવો. વિવેકથી હુકમ કરવાની આ એક રીતિ છે.

Reveal (રીવીલ) Show, lay bare. બતાવી આપે, ખુલ્લું કરી દે.

Breaker (બ્રેકર) One who disobeys. ભંગ કરનાર.

Constructed (કૉન્સ્ટ્રક્ટેડ) Framed. બનાવ્યું. [L. *con*, together with, *struo*, I build]

Statue (સ્ટેચ્યુ) પૂતળું. [L. *statuo* I cause to stand.]

Caused...up— મેલાવ્યું, મૂકાવ્યું. Got it placed.

By...of—By the force of. ના બળથી, ની અસરથી.
Secret (સીક્રેટ) Hidden, latent. ગૂઢ, અંતર્ગત.
Amiss (ઍમિસ) Wrongly. ખોટી રીતે, કાયદા, ફરમાનની વિરૂદ્ધ.
Accusation (ઍક્યુઝેયશન) Charge. આરોપ, પૂતળું આરોપ મેલે તેના પરથી. [L. *accuso*, I call to account.]
Convicted (કૉન્વિક્ટેડ) Found or taken to be guilty. ગુન્હેગાર ઠરાવેલા. [L. *con*, *vinco*. I conquer.]
Punished (પનિશ્ડ) Sentenced. શિક્ષા પામેલા.
Carpenter (કાર્પેન્ટર) A worker in wood. સૂથાર, સૂતાર.
Pursued (પરસ્યુડ) Carried on. ચલાવતો.
Occupation (ઑાક્યુપેયશન) Trade, work. ધંધો, રોજગાર.
Alike (અલાઇક) Without any change; equally. એક સરખી રીતે.
Turned upon—went towards. ની તરફ વળ્યા.
Multitudes (મલ્ટિટ્યુડ્ઝ) Great numbers of persons ટોળેટોળાં, મોટા સમૂહ.
Which......perish (પેરિશ) જે તેણે મરાવ્યાં હતાં. જેના આરોપથી નાશ પામ્યાં હતાં.
To perish—to be ruined.
Clothed himself (ક્લોધ્ડ) Put on his dress. કપડાં પહેર્યાં.
Proceeded (પ્રોસીડેડ) Went towards. ની તરફ ગયો. [L. *pro*, forth, *cedo*, I go.]
Addressed (ઍડ્રેસ્ડ) Spoke to. ને ઉદ્દેશીને બોલ્યો ને કહ્યું.
Because of—on account of. ને લીધે. [ખબર, સમાચાર, વાવડ.
Information (ઈન્ફૉર્મેયશન) Making known, ખબર આપવી તે.)
Citizens (સિટીઝેન્સ) Dwellers in the city. શહેરી ભાઇઓ.
Taken (ટેઇકન) Caught. arrested. પકડાએલા.
Slain (સ્લેઈન) killed. મરાયેલા.
Vow to (વાઉ ટુ) Take an oath before. ની માનતા લઉં છું. ની પાસે પ્રતિજ્ઞા કરૂં છું. My God—મ્હારા ઇષ્ટદેવ.
Accuse—આરોપ મેલવો.
Me—ઉપર ભાર છે તેથી Italics. વાંકે અક્ષરે છાપ્યું છે.

Home—હોમની પહેલાં To નથી આવતો. House હોય તો To આવે.
As usual (યુઝવૅલ) As was customary, according to his practice. મ્હાવરા મુજબ, હંમેશ, દર સાલ મુજબ, રિવાજ પ્રમાણે.
Messengers (મેસેન્જર્સ) Men. માણુસો. દૂતો, જાસુસો. [L. *mitto*, I send.]
Enquire (એન્કવાઅર) Know, ખબર કાઢવી, તપાસ કરવી.
If—Whether. કે—નહી. [L. *e*, *dico*, I say.]
Edict (એડિક્ટ) Decree, proclamation. ફરમાન, જાહેરાત, ઢંઢેરો.
Strictly (સ્ટ્રીક્ટલી) Word by word, શબ્દશઃ, બરાબર, સખ્ત, રીતે.
Delivered (ડીલિવર્ડ) Made heard, given. કહી સંભળાવ્યો.
Message—સંદેશ.
Beheld (બીહેલ્ડ) Saw written. લખેલાં જોયાં.
Ran thus—Were written thus. આ પ્રમાણે લખેલાં.
Altered (ઑલ્ટર્ડ) Changed. ફરી, બદલાઇ ગયેલ.
Grow worse—વધારે ખરાબ, દુષ્ટ બનતાં જાય છે.
Declare (ડીક્લેઅર) Proclaim, say. જાહેર, નિવેદન કરો [L. *de*, down, *clarus*, clear].
His Majesty—the emperor. બાદશાહ હિંદુસ્તાનના રાજાઓને His Highness કહેવામાં આવે છે. શિવાય નિઝામ કે જેને His Exalted Highness કહેવામાં આવે છે. સમ્રાટને His Majesty અને Prince of Wales (સમ્રાટના પાટવી કુંવર)ને His Royal Highness કહેવામાં આવે છે. ગવર્નરો તથા ગવર્નર-જેનરલ અથવા વાઇસરૉયને His Excellency કહેવામાં આવે છે.
Happened (હૅપન્ડ) Taken place. બનેલું.
Commanded (કૉમૅન્ડેડ) Ordered. હુકમ કર્યો.
To arm (ટુ આર્મ) To take up arms. હથીઆરબંધ, સજ્જ થવાને.
Guard (ગાર્ડ) Watch. ચોકી કરવા. Further—વિશેષમાં, વધારે.
Presumed (પ્રીઝયૂમ્ડ) Became bold, or haughty enough. ધૃષ્ટતા કરે; ઉદ્ધતાઇ બતાવે. [L. *pre*, before, *sumo*, I take.]
Molest (મૉલેસ્ટ) Disturb, annoy. કનડગત કરવી, હેરાન કરવું.
Bind......foot—હાથ પગ બાંધીને.

Drag (ડ્રૅગ) Bring forcibly. ઘસડવો, ઘસડી લાવવો. બળજોરીથી લાવવો.
Into......presence—બાદશાહ સમક્ષ.
Approached (ઍપ્રોચ્ડ) પાસે ગયા. Went to or near.
Scoundrel (સ્કાઉન્ડ્રેલ) Rogue. લુચ્ચો, હરામખોર, બદમાશ.
Threatens (થ્રેટન્સ) Speaks sternly to, menaces ધમકી આપે છે.
Violets (વાયોલેઇટસ) Breaks, opposes. ભંગ, અનાદર કરે છે.
Menaces......head (મેનેયસીઝ) મારૂં માથું ભાંગી નાખવાની ધમકી આપે છે. Says that he will break my head.

Expose (એક્સપોઝ) Give out his name. ઉઘાડો પાડું, તેનું નામ કહી દઉં. [L. *ex*, out, *pono*, I put.]

Immediately (ઇમ્મીડિએટલી) At once. એકદમ, આંતરો નાંખ્યા વગર, જલ્દીથી. [L. *in*, not, *medius*, middle.]

Apprehended (અપ્રીહેન્ડેડ) Taken prisoner. કેદ કરવામાં આવ્યો, પકડવામાં આવ્યો. [L. *ad*, *prehendo*, I seize.]

Conducted (કૅાન્ડક્ટેડ) Taken, led. લઈ જવામાં આવ્યો. [L. *con*, *duco*. I lead.]

Keep (કીપ) Observe પાળવું.
Obliged (ઓબ્લાઇજ્ડ) Compelled, forced ફરજ પડે છે.
Incessant (ઇન્સેસન્ટ) Constant. ચાલુ, સતત, અસ્ખલિત.
Means (મીન્સ) Way, remedy. સાધન, ઉપાય.
Returned (રીટર્ન્ડ) Replied. જવાબ આપ્યો વાળ્યો.
Bound (બાઉન્ડ) Obliged. બંધાએલો.
Repay (રીપે) Pay back. પાછી ભરી આપવી.
Borrowed (બૅારોડ) Received as loan. ઉચ્છીની લીધી.
Youth (યુથ) જુવાની.
Lend (લેન્ડ) Give as a loan. ઉચ્છીની આપું છું.–એ પેની.
Lose (લૂઝ) ખોટ ખાઉં છું, ખોઉં છું. બીજો એક શબ્દ Loose છે તેની જોડણી તથા ઉચ્ચાર તથા અર્થ જુદાંજ છે. Loose (લૂસ) ઢીલું, મોકળું, શિથિલ, શિથિલ કરવું.

Spend (સ્પેન્ડ) ખરચું છું, વાપરૂં છું.
Listen (લિસન) Hear attentively. ધ્યાનપૂર્વક સાંભળો.

Expended upon (એક્સપેન્ડેડ) Spent for. મારે માટે ખર્ચંતા.
The like—an equal. તેની બરોબર, બે પેન્સ.
Needs (નીડ્ઝ) Requires. ની જરૂર છે.
Assistance (ઍસિસ્ટૅન્સ) Help, aid. મદદ.
Borrowed—બાપ પાસેથી જે લીધું હોય તે ઉચ્છીનું ન કહેવાય પરંતુ જરૂર પડે ઓછામાં ઓછું તેણે આપણા માટે ખર્ચ્યું હોય તેટલું તો જાણે કે આપણે ઉચ્છીનું લીધું હોય અને પાછું ભર્યાં વગર છૂટકોજ ન હોય તેમ તેને આપવુંજ જોઇએ, એટલી તો ફરજજ છે. પારકા પાસેથી લીધું હોય તો ધોકો મારીને પાછું લે ત્યારે પિતાને પ્રેમથી ન આપીએ? સુતાર વ્યાજબી રીતે માને છે કે પોતે ઉચ્છીનું લીધું હોય એમ પિતાને આપવા પોતે બંધાયેલો છે. કાયદાની રૂએ નહીં તો ફરજની રૂએ.
Lend (લેન્ડ) ઉચ્છીની આપું છું. એટલે કે જેમ હું પિતાને પાળું છું તેમ મારો પુત્ર મને ઘડપણમાં પાળશે. આપણે, પિતૃઋણ (ફરજ), પુત્રઋણ વિગેરે શબ્દો વાપરીએ છીએ, તેમાં ફરજની રૂએ રહેલા કરજની ભાવના છે.
Pursuing (પર્સ્યૂઇંગ) Carrying on, ચલાવે છે.
Poverty (પૉવર્ટી) The state of being poor. ગરીબી.
Restore (રીસ્ટોર) Repay પાછી આપે.
Loan (લોન) Sum lent. ઉચ્છીની આપેલી રકમ.
Grandfather (ગ્રેન્ડ-ફાધર) દાદો, મારો બાપ. Great grandfather—પ્રપિતામહ, દાદાનો બાપ, અને એ પ્રમાણે દર પેઢી દીઠ એક Great વધારે લગાડતા જવું. Great grandson—પુત્રના પુત્રનો પુત્ર, પ્રપૌત્ર.
Lose—ખોવું છું, એ કંઇ પાછી આપવાની નથી.
Wilful (હવિલફુલ) Self-willed. સ્વચ્છંદી, મરજી, ધુન પ્રમાણે ચાલનારી, હઠીલી.
Ill-tempered (ઈલ-ટેમ્પર્ડ) Of a bad nature. કર્કશા, ખરાબ સ્વભાવ, મિજાજવાળી.
Entirely (એન્ટાયર્લી) Wholly. સાવ, તદન, સદંતર, બીલકુલ.
Lastly—છેવટમાં, છેવટ. Meat (મીટ) Food, eatables ખાણું.
I...less—ઓછાથી હું ચલવી શકતો નથી.
Earn (અર્ન) Get. કમાવું, મેળવવું.
Unremitting (અનરીમિટીંગ) Incessant, continual. અવિરત, ચાલુ.

Judge (જજ) Decide. નિર્ણય કરો.
Earnestly (અર્નેસ્ટલી) Heartily, seriously. ખરા જીગરથી, ગંભીરતાથી.
Calling (કૅાલિંગ) Profession, trade. ધંધો.
Singular (સિન્ગ્યુલૅર) Unequalled, extraordinary. અદ્વિતીય, અસાધારણ. Elected (ઇલેક્ટેડ) Chosen. ચુંટાયો.
Stead (સ્ટેડ) Place. જગ્યા.
Unanimous (યુનૅનિમસ) Given by each and all. એકમતિથી, ની સર્વાનુમતીથી. [L. *unus*, one, *animus*, mind.]
Governed (ગવર્ન્ડ) Ruled. રાજ્ય કર્યું.
Effigies (એફિજીઝ) Figures. આકૃતિઓ, પૂતળાં અથવા ચિત્રો.
Deceased (ડીસીસ્ટ) Dead. મરી ગએલા, ગત; મરણ પામેલા. બીજો એક શબ્દ Diseased છે તેનો ઉચ્ચાર-ડિસઈઝડ-અને અર્થ, રોગી, દરદી. આ બન્ને શબ્દ વચ્ચે ગોટાળો ન થાય એ ધ્યાન રાખવું.

7.—EXAMINATIONS.
(પરીક્ષાઓ).

School-boys નિશાળીયાઓ. Schoolના *boys* કહેવાય અને Collegeના *students* કહેવાય.
Class......public—એક વર્ગ અથવા એકજ શાળાના વિદ્યાર્થીઓની અથવા તો જાહેર એટલે કે ગમે તે શાળાનો અમુક લાયકાત ધરાવતો વિદ્યાર્થી જેમાં બેસી શકે તેવી.
Held (હેલ્ડ) Conducted. લેવામાં આવે છે. To take, નહીં પરંતુ to hold on examination એમ કહેવું જોઈએ.
Masters (માસ્ટર્સ) Teachers. શિક્ષકો, અધ્યાપકો.
Outside (આઉટ સાઇડ) શાળાની બહારનું.
Public body—જાહેર સંસ્થા, મંડળ જેમકે યુનીવરસીટી, ગુરૂકુળ, વિદ્યાપીઠ.
Purpose (પર્પઝ) Work. કાર્ય, ઉદ્દેશ.
Testing (ટેસ્ટીંગ) Putting on trial. examining. તપાસવા, કસોટી, પરીક્ષા કરવા.
Progress (પ્રોગ્રેસ) Study, marching forward. આગળ વધવું, પ્રગતિ. [L. *pro*, forth, *gradior*, I go.]

Decide (ડીસાઇડ) Determine. નક્કી કરે છે. નિર્ણય કરે છે.
To go on to—આગળ કૉલેજમાં જવા માટે.
College (કૉલેજ) A school for higher studies. મહાવિદ્યાલય, મહાશાળા.

Employment (એમ્પ્લૉયમેન્ટ) Service. નોકરી.
Certificates (સરટીફીકેટસ) Papers showing progress in studies etc. પ્રમાણપત્રો.
Generally (જેનરલી) As a rule. ઘણું કરીને, સામાન્ય રીતે.
Holders (હોલ્ડર્સ) Possessors, માલીક, કબજો ધરાવનાર.
Admitted (ઍડમિટેડ) Allowed to enter. દાખલ કરવામાં આવે છે. [L. *ad*, to, *mitto*, I send.]
Reason (રીઝન) કારણ. Continue—ચાલુ રાખવી.
Education (એડ્યુકેશન) Studies, training. કેળવણી. [L. *e*, out, *duco*, I lead]. That which leads out, develops all our powers. આપણી સર્વ, શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓ બહાર લાવે, ખીલવે તેનું નામ કેળવણી.
Obtaining (ઑબટેયનિંગ) Getting. મેળવવામાં.
Appointments (ઍપોઇન્ટમેન્ટસ) Posts, service. જગ્યા, નોકરી.
Government (ગવર્નમેન્ટ) Ruling body. સરકાર.
Private (પ્રાઈવેટ) Not public. ખાનગી.
Employer (ઍમ્પ્લૉયર) One who appoints on service. નોકરી આપનાર ગૃહસ્થ, શેઠ.
Easier (ઈઝીઅર) More easy. વધારે સ્હેલી.
Conducted (કૉન્ડકટેડ) Held. ચલાવવામાં, લેવામાં આવે છે.
Questions (ક્વેસ્ટચન્સ) સવાલો, પ્રશ્ન.
Taught (ટૉટ) Made to learn. શિખવેલા, પઢાવેલા, ભણાવેલા.
Set (સેટ) Drawn મૂકેલા, કઢાએલા.
Accustomed to (ઍકસ્ટમ્ડ) Familiar with. થી પરિચિત. Why ની પછી Which અધ્યાહ સમજી લેવો. Accustom ની પછી To આવે અને Familiarની પછી With આવે એવી રીતે દરેક વિશેષણ પછી કયો ઉપસર્ગ (પ્રેપોઝીશન) આવે છે તે ધ્યાનમાં લેતા જવું.

Usually (યૂઝ્યૂઅલી) Generally સાધારણ રીતે.

Value (વૅલ્યુ) Give marks for. માર્ક, ગુણ આપે છે, જવાબની કીંમત આંકે છે, તપાસે છે.

Lenient (લીનિઅન્ટ) Kindly. દયાળુ, નરમ, છૂટછાટ રાખે એવા.

Pupils (પ્યુપિલ્સ) Boys whom they have taught. વિદ્યાર્થીઓ, વર્ગના છોકરાઓ.

Strangers (સ્ટ્રેયન્જર્સ) Boys who are not known to them. અનણ્યા વિદ્યાર્થીઓ

Possible (પૉસિબલ) Likely. શક્ય, સંભવિત.

Then—Examinations.

To be too......themselves—To be so easy that they will not be even for the good of the boys themselves. તથાપિ પરીક્ષાઓ એટલી બધી સ્હેલી થવી શક્ય છે કે તેનાથી છોકરાઓનું પોતાનું પણ કંઇ સારૂં થાય નહીં; તથાપિ છોકરાઓનું પોતાનું પણ ભલું થાય તેના કરતાં, પ્રમાણમાં, પરીક્ષાઓ વધારે સ્હેલી બની જાય એ શક્ય છે એવો સંભવ છે.

Too easy—વધારે પડતી સ્હેલી, અતિશય સ્હેલી.

It...use—બહુ કામનું, ઉપયોગી, હિતકર્તા નથી.

Plucked (પ્લક્ડ) Rejected, Declared as having failed. નાપાસ થવું, પછડાવું, પાછા પડવું.

Going up— પરીક્ષા દેવા જવાનો હોય, માં પેસવાનો હોય.

Form (ફૉર્મ) Standard. ધોરણ, વર્ગ.

Instance (ઈન્સ્ટૅન્સ) Example. દાખલો.

For instance = દાખલા તરીકે.

Relative (રેલેટિવ) Comparative, proportionate. પ્રમાણમાં, અપેક્ષયા.

University (યુનિવર્સિટી) A public body entitled to give degrees. પદ્વી, ઉપાધિ આપનારી જાહેર સંસ્થા, વિદ્યાપીઠ.

Provinces (પ્રોવિન્સીઝ) પ્રાંત, પ્રદેશ.

Entrance (એન્ટ્રૅન્સ) પ્રવેશક, કૉલેજમાં પ્રવેશ આપનારી.

Final (ફાયનૅલ) છેવટની, શાળાન્ત. જે વિદ્યાર્થીઓ સાત ધોરણ સુધી ભણીને કારકુન થવા ઈચ્છતા હોય તેવા આ પરીક્ષામાં બેસે છે. તેમની

વિદ્યાનો અંત શાળાથીજ આવી જાય છે, કૉલેજમાં તે જતા નથી.

Secondary (સેકન્ડરી) Of the second order. બીજી પંક્તિની, માધ્યમિક. ગૂજરાતી શાળાઓ પ્રાથમિક, અંગ્રેજી હાઇસ્કૂલો માધ્યમિક શાળાઓ કહેવાય છે. Primary and Secondary. અને કૉલેજો Higher education માટે ગણાય છે.

Most—ઘણાખરા. કેટલાક બન્નેમાં બેસે છે.

Principal (પ્રિન્સિપૅલ) Chief. મુખ્ય. noun હોય ત્યારે મુખી, શાળા અથવા મહા વિદ્યાલયનો મુખ્ય અધ્યાપક, આચાર્ય. (૨) મૂળ રકમ, મુદ્દલ. બીજો એક જુદોજ શબ્દ Principle (પ્રિન્સિપલ) જેનો અર્થ, સિદ્ધાંત; મુદ્દો, નિયમ, એવો થાય છે.

Addition (ઍડિશન) વધારો.

Indian Language (ઈન્ડિઍન લૅન્ગ્વેજ) ભારતી, હિંદુસ્તાનની કોઈ એક, ભાષા. જેવી કે, સંસ્કૃત, ફારસી, ગૂજરાતી, મરાઠી, બંગાળી, અરબ્બી, કાનડી વિગેરે.

Mathematics (મૅથેમૅટિક્સ) ગણિત.

Geography (જીઑગ્રેફી) ભૂગોળ.

Physics (ફિઝિક્સ) પદાર્થ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, પ્રકૃતિ, જડ પદાર્થો વિષેના નિયમ ચર્ચનારૂં વિજ્ઞાન.

Chemistry (કેમિસ્ટ્રી) રસાયનશાસ્ત્ર; પદાર્થો શાના બન્યા છે તે ચર્ચનારૂં વિજ્ઞાન.

Choice (ચૉઈસ) Selection. પસંદગી, વિકલ્પ.

Shorthand—લઘુલેખન, Book-keeping—અંગ્રેજી રીતિ પ્રમાણેનું નામું, હિસાબ રાખવાનું.

Commercial Correspondence (કૉમર્શ્યલ કૉરેસ્પૉન્ડેન્સ) Business letters, the method of writing such letters. વેપારી પત્રવ્યવહાર. Employment—નોકરી.

Business firms—વ્યાપારી પેઢી દુકાન, Think—Consider. માને છે.

Imagine (ઈમૅજીન) Fancy. કલ્પે છે, ધારે છે.

How to find......them—તેમને નાપાસ કરી શકાય, તેઓને શું નથી આવડતું તે શોધી કાઢવાનો; તેઓ (વિદ્યાર્થીઓ) જે જાણતા ન હોય તે શોધી કાઢીને તેમને નાપાસ શી રીતે કરી શકાય તેનો.

This...case—આમ બાબત નથી, આ ખ્યાલ ખોટો છે, એમ હોતું નથી.

Really (રીઍલી) Truly. ખરેખર, સાચેજ.
Credit (ક્રેડિટ) Honour. વ્યાજબી માન, સારા ગુણ, માર્ક.
Deserve (ડીઝર્વ) Are fit. ને લાયક હોય. પરીક્ષકોને અગાઉથીજ નાપાસ કરવાની ધારણા હોતી નથી, ઉલટી પાસ કરવાની ધારણા હોય છે. પરંતુ જે ખરેખરા ડોઠ હોય તે નાપાસ થાય છે.
The...kings=પરીક્ષાની બ્હીકથી છોકરાઓ ઘણીવાર મૂર્ખાઇ ભરેલાં કામ કરે છે. Go about—Are in search of. ની શોધમાં પડી જાય છે.
Notes=ટિપ્પણો, અર્થ, સમજુતી, વિવરણ, સાર, વિગેરે, લખાવેલું વિવેચન.
Set (સેટ) સંગ્રહ.

Set to work—Begin to work, નું કામ કરવા મંડી પડે છે.
Learn...heart—Commit them to memory. મોઢે કરવા, ગોખવા.
Sit...night—મોડી રાત સુધી ગોખવા બેસી રહે છે.
Neglect (નિગ્લેક્ટ) Do not attend to. તરફ ઉપેક્ષા, બેદરકારી રાખે છે,

Exercise (એક્સરસાઇઝ) Training of the body. અંગ કસરત, વ્યાયામ. [આ શબ્દનો મૂળ અર્થ, યત્ન, મ્હાવરો, અભ્યાસ કરવો,—એવો થાય છે, માટે લખવાનો જે મ્હાવરો ઉત્પન્ન કરે તે પણ Exercise Book.]

Recreation (રેક્રીએયશન) Rest, any joy. આરામ અને આનંદ, પાછા તાજા બની જઇએ એવી કંઇ પ્રવૃત્તિ. [આજ શબ્દનો અર્થ, ફરી પેદા કરવું, એવો પણ થાય, પરંતુ ત્યારે એનો ઉચ્ચાર, રીક્રીએયશન. કરવો.] Re + creation.

Approaches (એપ્રોચીઝ) Comes nearer. પાસે આવતો જાય છે.
Weary (વેરી) Tired, exhausted. થાકેલાં, કંટાળેલાં, લોથપોથ.
Stupid (સ્ટયુપિડ) Dull. જડ, મંદ બુદ્ધિ, વાંચેલું ભૂલી જાય એવા, ધ્યાન બ્હેરા.

Are Aattacked by fever (ઍટેક્ડ બાય ફીવર) Suffer from fever. તાવનો હલ્લો આવે છે, ઓચિંતો, એકદમ તાવ ચઢી આવે છે.
Faint (ફેઇન્ટ) Become unconscious for a time. મૂર્છા આવી જાય છે, પડી જાય છે.

Violent Headache (વાયોલેન્ટ હેડએઇક) Severe pain in the head. સખત માથાનો દુખાવો, શિરોવેદના, Suffer from—આવે છે, થાય છે, ચડે છે, પીડાય છે.

Industrious (ઇન્ડસ્ટ્રીઅસ) Diligent મહેનતુ, ઉદ્યમી.

Through......course—શાળાના દૈનિક કાર્યની અંદર ઘણાખરા, શાળાના રોજરોજ ના લેસનના વખતમાં ઘણો ખરો વખત.

Make up for (મેઈક અપ ફૉર) Cover the loss, compensate for, ની ખોટખામી પૂરી દેવા ખાતર, નો બદલો વાળી આપવા.

Text-books (ટેક્સ્ટ—બુક્સ) Books which are appointed for study. પાઠ્ય પુસ્તકો.

Prevent (પ્રીવેન્ટ) Stop અટકાવવા. [L. *pre*, before, *venio*, I come].

Thoroughly (થરલી) Fully. બરાબર, સંપૂર્ણ રીતે

Understanding (અન્ડર સ્ટેન્ડિંગ) Knowing the meaning of નો અર્થ સમજવો.

To do well—સારૂં કામ બતાવવું, પાસ થવું.

Difficulty (ડિફિકલ્ટી) Trouble. મુશ્કેલી, મુંઝવણ.

Remembering (રીમેમ્બરીંગ) Knowing by heart. યાદ રાખવામાં.

Forgets (ફોરગેટસ) Does not remember. ભૂલી જાય, યાદ ન આવે.

Put in—અંદર નાંખવા, મોકલવા, ઘુસાડવા.

Nonsense (નૉન્સેન્સ) Meaningless matter. અર્થ વગરની વાત, ગોટાળો.

---

8. TRY AGAIN.

ફરી યત્ન કરો, ફરી ચાલો.

Escaped—નાશી છુટયો. Lonely—એકાકી, એકલો.

Shelter—આશ્રય. Remote દૂર.

Steadily—મક્કમતાથી, દઢતાથી. Spider (સ્પાઈડર) કરોળીઓ.

Succeeded (સકસીડેડ) ફતેહ પામ્યો. Web—જાળું.

Perseverance (પર્સીવીરૅન્સ) ખંત.

Flung (ફ્લન્ગ) Past tense of Fling, threw. અફાળીને પડયો, પડયો, ફેંકયું.

Lonely (લૉન્લી) Cheerless. અસહાય, એકાકી, દિલગીરી ભરેલા.
Mood (મુડ) State of mind. તોર, છંદ, મનોવૃત્તિ.
Sink (સિન્ક) Be depressed, disappointed. નિરાશામાં ડુબવા લાગેલું, નાહિંમ્મત થવા, બેસવા લાગ્યું હતું.
People (પીપલ) Subjects. રૈયત, પ્રજા.
Glad (ગ્લૅડ) Full of joy. આનંદી, હર્ષયુક્ત, સુખી.
Sad (સૅડ) Sorrowful, દિલગીર, નિરાનંદ, દુઃખી, સશોક.
Low (લો) Utter. તદ્દન, સાવ.
Despair (ડીસ્પેઅર) Despondence, disappointment. નાશીપાશી, નિરાશા. [L. *de*, down, *spero*, I hope]
Grieved (ગ્રીવ્ડ) Sad, grave and sorrowful. ગમગીનીવાળો, ગંભીર દુઃખમાં, શોક ભર્યો.
As......be—હરકોઇ માણસ ગમગીની ધરાવી શકે તેટલી ગમગીની સાથે, અસીમ શોકમાં ડુબેલો.
While (વ્હાઇલ) Moment, twinkle of the eye. ક્ષણ, સ્હેજ સમય.
Pondered (પૉન્ડર્ડ) Thought deeply and sadly. ગંભીર વિચાર કરતો હતો.
I......up—બધું છોડી દઇશ, જવા દો બધું.
Said he—મનમાં બોલ્યો.
Stanza 4. Spider (સ્પાઇડર) કરોળીઓ.
Dropped (ડ્રૉપ્ડ) Fell down. નીચે પડયો.
Silken (સિલ્કન) Shining like silk. રેશમની જેમ ચળકતી.
Cobweb (કૉબવેબ) The thin network produced by the spider. કરોળીઆનું જાળું, જાળાની.
Clue (કલ્યુ) Thread. તાંતણો. [ઘણીખરી જગ્યાએ આનો અર્થ, પત્તો, ચાવી, એવો થાય છે. Anything that helps to solve a mistery or to find out the truth of a matter.]
In the midst of—ની અધવચ, વચમાં વિચાર કરતાં કરતાં.
Ceiling (સીલીંગ) Ornamental stone or wooden covering. પત્થર અથવા લાકડાની શોભાયમાન છત, સીલીંગ.
Dome (ડોમ) An elevated part, shaped like an inverted cup. ઘુમ્મટ.

Rope—Thread. તાંતણો.
Fine (ફાઈન) Thin. ઝીણો, પાતળો.
Cobweb home—જાળારૂપી ઘર.
Divine (ડિવાઇન) Foretell. આગળથી કહી, કલ્પી શક્યો નહીં.
Get to—Reach. પહોંચવું.
Cling (ક્લિન્ગ) Adhere. વળગવું.
Crawl (ક્રોલ) Creep, Move up. પેટે ચાલવા લાગ્યો; પગ ઘસવા.
Straight (સ્ટ્રેઈટ્) Directly. સીધો વિચાર કે નાશીપાશી વગર.
Slippery (સ્લિપરી) Such as would make the climber fall back. લપસી, લસરી જવાય એવું; લપસણું.

Sprawl (સ્પ્રોલ) Toss, fall, awkward fall [Miidle English, *sprawlen*, to toss the limbs about] Sprawl અહિં નામ છે પરંતુ એ શબ્દ ઘણો ખરો ક્રિયાપદ તરીકે વપરાય છે અને એનો અર્થ—કફોડી સ્થિતિમાં પડવું; અવયવો તથા વસ્ત્રો કઢંગી સ્થિતિમાં આવી જાય તેમ પડવું.

Slippery sprawl—લપસી, લસરી જવાથી ભુસ દઇને પડયો.
As......over—અને પાછો જેવો હતો તેવો છેક ભોંયપર આવી પડયો; ભોંય ચાટતો થઈ ગયો.

Nor......stay—and it did not stop even for a second.
Second (સેકન્ડ્) One-sixtieth part of a minute. મિનિટનો સાઠમો ભાગ; સેકન્ડ; પળવાર.
Utter (અટર) Speak out બોલી નાંખવું, કાઢવું.
Complaint (કામ્પ્લેઈન્ટ) Protest. ફરીયાદ નારાજી.
Least— જરાપણ; થોડામાં થોડી.
Still lower—હજુ પણ વધારે નીચો; પહેલાં કરતાં પણ વધારે હેઠળ, હેઠે.
Lay—Past tense of *Lie*. પડયો.
Dizzy (ડિઝી) Giddy, having a whirling sense in the brain ચક્કરી, ઘુમરી ખાતો: ચક્કર આવતો.

Faint—મૂર્છિત.
Steady (સ્ટેડી) Firm. ઠરીઠામ; દઢ ચક્કર તથા મૂર્છા રહિત.
Its......steady—It came to its senses, સચેત થયો.

Half-yard—One foot and a half. અર્ધો વાર; દોઢ ફુટ.
Delicate (ડેલિકેઈટ) Soft and thin. સુંવાળો અને પાતળો, મુલાયમ.
Tread (ટ્રેડ) To crawl upon. ઉપર ચાલવા માટે.
It......tread—જે તાંતણા ઉપર ચાલીને તેને જવાનું હતું તે તાંતણો સુંવાળો અને પાતળો હતો.

Tire (ટાયર) Be fatigued. થાકી જાય. [swing.
Swung (સ્વન્ગ) Hung લટકી પડયો, ડોલવા લાગ્યો. Past tense of
Mounted (માઉન્ટેડ) Climbed. ની ઉપર ચઢયો.

Brave attempts (બ્રેઈવ ઍટેમ્પ્ટસ) Bold efforts. બહાદૂરીભર્યા યત્નો.
Counted—ગણાયા.
Till......counted—તે એટલે સુધી કે ઉંચે અને નીચે, ઘડીમાં એકદમ તો ઘડીમાં ધીમે એમ છેવટ નવ બહાદૂરીભર્યા યત્નો ગણાયા. અર્થાત નવવાર ચઢયો અને નવવાર તે કરોળીઓ પડયો. જૂઓ, આ કડી પણ અકસ્માત્ નવમી છે.

Sure (સ્યૉર) Surely, certainly. જરૂર, ચોક્કસ.
Strive (સ્ટ્રાઈવ) Attempt, make an effort. યત્ન કરવો, મથવું.
Climb (ક્લાઈમ્બ) Mount, ascend. ચ્હડવું.
Toils (ટૉઇલ્સ) Labours. મહેનત, મજૂરી કરે છે.
Tumbles (ટમ્બલ્સ) Falls down. પડી જાય છે.
Insect (ઇન્સેક્ટ) તે જંતુ, કરોળીઓ.
Ah me......it—આ વિચારો બ્રુસના મનમાં થાય છે.
Ah me (આહ મી) An exclamation, Oh, oh. આહા અરેરે, હાય, હાય; હાય જીવ.

Anxious (ઍન્કષસ) Such as produces anxiety, fear. ધાસ્તી, દહેશત, સદેહ જનક, ચિંતાજનક. [સાધારણ રીતે આનો અર્થ= ચિંતાતુર, પરંતુ અહિ તે મિનિટ, નું વિશેષણ હોવાથી, ચિંતાજનક. ખરી રીતે Minute, Anxious ન્હોતી પરંતુ Bruce, Anxious (ચિતાતુર) હતો છતાં વિશેષણ Bruce ને બદલે Minute ને લગાડયું છે તે Transferred Epithet નામનો અલંકાર થયો. (વિશેષણ સંક્રાંતિ) ગુજરાતીમાં આવો અલંકાર ઘણું કરી નથી આવતો].

He......foot—માત્ર એક ફુટને છેટે.

Lose or win (લુઝ ઑાર ઉવિન) Reach or not reach. હારશે કે જીતશે, પ્હોંચશે કે નહીં પ્હોંચે ? Lose—ખોવું.

Win=પ્રાપ્ત કરવું; જીતવું.

It—The race. શરત, પ્હોંચવાનું કામ, તેમાં.

Steadily......inch—આસ્તે, આસ્તે, એક ઇંચ પછી બીજો ઇંચ એમ.

Inch (ઇન્ચ) ફુટનો બારમો ભાગ, ચાર આંગળ. શબ્દને છેડે આવે ત્યારે તેનો ઉચ્ચાર ઘણોખરો 'શ' થાય છે, જેમકે Bunch (બન્શ), Bench (બેન્શ) કોઇ વાર 'ક' થાય છે, જેમકે Monarch (મૉનર્ક) શરૂઆતમાં આવે ત્યારે 'ચ' થાય છે.

Got—Reached. પ્હોંચ્યો.

Pinch (પિન્શ) Point, difficulty છેલ્લી ઘડીએ, કટોકટીને મામલે, અણીને વખતે. [Pinchના બીજા અર્થ (૧) કઢવું, ડંખ, જેમકે જોડાનો. (૨) ચપટી જેમકે તમાકુની. (૩) ચમટી, ચીંટીયો.].

Native (નેયટિવ) Belonging to birth, natural, simple. જન્મથી માંડીને રહેવાની, કુદરતી, સાદી. આ ત્રણે અર્થ અહીં લાગુ પાડી શકાય. [L. *nascor*, I am born.]

Cot (કૉટ) A small cottage or house. ન્હાનકડું ઘર.

And......cot—અને છેક છેવટની ઘડીએ બહાદૂરીથી સ્હેજ દોડીને, દોડવાથી, તે પોતાની અસલ મઢુલીમાં ભેલાઇ ગયો, પ્હોંચી ગયો

Bravo (બ્રાવો) Well done. શાબાશ, ભડ બહાદર.

Honour (ઑાનર) Respect. માન, સુયશ.

All...try—જે કોઈ યત્નશીલ હોય તે સર્વને સર્વથા માન, વંદન, સુયશ હો!

Defied (ડીફાઇડ) Set at naught, did not mind. ન ગણકાર્યો, અનાદર કર્યો, તુચ્છકાર્યો.

Why...I—માત્ર બ્રુસે નહીં પરંતુ દરેક વાચકે આમ વિચારવું જોઇએ.

Braced (બ્રેઇસ્ડ) Made strong or firm. હિમ્મતબાજ, દઢ, સબલ બનાવ્યું, કર્યું.

Gossips (ગોસિપ્સ) Rumours, reports given by idle persons. (2) Those persons who give such reports. ગપ્પાં, ગપ્પાંખોરો, ધાક, ધાક મારનાર.

Gossips...tale—લોકોમાં એવી વાત, દંતકથા ચાલે છે કે.

Did not fail—Succeeded, conquered. નિષ્ફળ ગયો, થયો નહીં; જીત્યો.

PARAPHRASE.

Once upon a time King Bruce of Scotland lay down alone and sadly thinking upon his fate. Although he was a king and had power, his heart knew no joy.

The reason for this was that he had many times tried to please his subjects by regaining Scotland for them but had failed and so he was quite sad over that.

And so he lay there in utter despair and greatest sorrow and thinking deeply upon all that had happened, he at last thought that there was no hope of conquest at all.

But at the very moment he thought like this, he saw a spider, fallen down, with the shining thread in its mouth. Its sight made the king forget his own thoughts and look at the action of the spider.

Bruce thought that the spider would not be able to reach the cobweb again, because the height was great and the thread by which it had to go up was very thin.

The spider, however, at once made a strong effort to catch the thread tightly and to go up but before it could climb much it missed its footing and fell headlong on the ground, just where it was.

And yet it did not give up the trial; it did not even show any dis-pleasure; but without any yes or no, it again began to move up, and again it fell down, this time even lower than before, and so severely that it felt giddy and fainted for a few minutes.

When it recovered, however, the same effort was continued and it was able to go a little higher. Its position was very dangerous for the thread was flimsy and it felt tired.

At this second trial also the thread slipped down and the spider hung in the air but again it climbed quickly. In this way with rises and falls, sometimes fast and at other times slowly, it made nine bold efforts to reach the web.

So now the king felt sure that as the spider had already failed nine times to reach the ceiling, in spite of hard work, it would no longer repeat the same foolish attempt.

He was wrong to feel so; the insect did make another effort and it went up so high that only a foot was wanting to complete the distance. Now was the moment of extreme suspense, whether the spider would reach its web or not.

Higher and higher went the spider, slowly and steadily and when it remained at a very little distance from the web it at once ran up and so got to its home, safe and sound.

Upon this the king could not but cry out 'Hurrah' for the spider and think that those who try and try again in spite of difficulties deserve all honour. If even a spider can keep up its courage in the face of repeated failures, he, a king, should certainly conquer if he hoped and persevered.

With these thoughts the king resolved to try once more and it is said that at his next trial he won and regained Scotland.

Moral:—If at first you don't succeed, Try, Try again.
(2) Patience and Perseverance over-come Mountains.

(3) A spider taught a king and we know that a mouse once saved a lion. In this way, we should learn not to despise small things. It is said that Newton was first moved to find out the principle of Gravitation (ગુરૂત્વાકર્ષણ), from seeing an apple fall and the principle of the Pendulum was first suggested by the action of a lamp-lighter. Thus many 'great events are drawn by small hair' and 'a little straw shows the direction of the wind' and 'trifles make perfection'. Learn to respect, therefore, small things. बालादपि सुभाषितं ग्राह्यम् ।

Note that the spider is supposed to be an *insect* in this poem but it is now classed with the *animals* of the Arachnida group. It has eight legs and from six to eight eyes. It is found in all parts of the world and comprises thousands of species, most of which spin webs (પેટના રસમાંથી જાળાં બાંધે છે). In Hindu Philosophy, God creating the universe is compared to the spider spinning a web. This is again a great lesson from a very small example.

9.—A PICTURE OF ENGLISH LIFE.

(અંગ્રેજની ગૃહચર્યાનું ચિત્ર).

Picture (પિક્ટ્યુર) Scene. ચિત્ર, દૃશ્ય.

Life (લાઈફ્) The style of living. જીવન ચર્યા, પદ્ધતિ.

In......place—પહેલી વાત તો એ કે.

Troubled (ટ્રબલ્ડ) Put to difficulty, મુંઝાતા, મુશ્કેલીમાં આવતા.

Plains (પ્લેઈન્સ) Region without hills. ખુલ્લો પ્રદેશ, પહાડ રહિત પ્રદેશ, મેદાનો.

And the air......cold—અને હવામાં એટલી ગરમાશ રહેલી હોય છે કે લોકો ઠંડીથી દુઃખી થતા અટકે છે.

On......hand—બીજી તરફ, બાજુએ, *ઉલટું.
Extra (એક્સ્ટ્રા) Additional. વધારાનું.
Indoors (ઇન્ડોર્સ) In the house. ઘરની અંદર.
Out of doors—બારણું, ઘરની બહાર.
Fires (ફાયર્સ) સગડી ચુલાઓ. Houses (હાઉઝીઝ) ઘરો. એકવચનમાં, હાઉસ.
Fireplace (ફાયર પ્લેઇસ) અગ્નિ રાખવાની જગ્યા, બાંધેલ ચુલો.
Chimney (ચિમ્ની) An outlet for smoke. ધુંવાડા માટે બહાર જવાનું પત્થરથી બાંધેલું ભૂંગળું, ધુંવાડીયું.
Kitchen (કિચ્ચન) A room for cooking. રસોડું, રાંધણીયું.
Warmth (વૉર્મ્થ) Heat. ગરમાશ, ગરમાવો. Noun from *warm*.
Dining room—ભોજન શાળા, ગૃહ.
When...done— દિવસનું કામ પૂરૂં થઇ રહ્યા પછી.
Chatting (ચૅટિંગ) Talking. પરચુરણ વાતચીત કરતા.
Chess (ચેસ) A game played on a chequered board by two players. શેત્રંજ. [Persian Shah, king.]
Cards (કાર્ડ્ઝ) ગંજીફાની, પત્તાંની રમત. [Trums—હુકમ, Clubs—કાળી. Spades—ફુલેવર. Hearts—લાલ. Diamonds—ચોકડી. Hand—હાથ. Ace—એક્કો. Jack or knave— ગુલ્લો.] ગંજીફાની રમતો ઘણી હોય છે.
Hearth—તાપવાની જગ્યા (હાર્થ).
Centre (સેન્ટર) Most important place કેન્દ્ર, મધ્યબિંદુ, મુખ્યસ્થાન.
Family life—ગૃહજીવન, કૌટુંબિક જીવન. Family life કહેવાય પરંતુ Family member ન કહેવું, a member of the family એમ કહેવું.
Arm-chair (આર્મ ચેયર) A chair with side supports. પડખેનાં ટેકણ, હાથ, હાથલાવાળી ખુરશી. આનો અર્થ આરામ ખુરશી નહીં. આરામ ખુરશી—Easy Chair
Smoking...pipe—ચલમ, ચુંગી પીતો પીતો.
On the right—ચિત્ર જોનારને જમણે હાથે, પરંતુ ચિત્રમાંના ધણીની ડાબી બાજુએ, હિંદુ લોકોમાં પત્નીને અર્ધાંગના કહેવામાં આવે છે.

અને ડાબું અંગ પત્નીનું ગણાય છે એટલે પત્ની વિધિ વખતે પતિની ડાબી બાજૂએ બેસે છે. અહીં કંઇ એવું નથી.

Bowl (બોલ) A domestic basin. ઘરમાં વાપરવાનું વાસણ, પ્યાલું, કુંડું.

Family...tea—કુટુંબે હમણાંજ ચાહ પી લીધેલી છે.

Things—ચાહનાં વાંસણકુંસણ. [મોટો, જાડો રોટલો.

Loaf of bread (લોફ્ ઑવ બ્રેડ) A shaped mass of bread. પાઉં,

Saucer (સૅાસર) A small plate. ચાહ પીવાની રકાબી.

Fork (ફોર્ક) A pronged insrument. કાપવાનો કાંટો, કાંટો.

Workman—મજુર, કામગરો.

Plates (પ્લેઇટસ) મોટી રકાબીઓ, ટીન કે કાચની થાળીઓ.

The poor—ગરીબ લોકો.

Need (નીડ) Require. જરૂર હોતી નથી. [હિંદુસ્તાન દેશ પૈસાદાર હોય તો ગરીબ લોકો ભલે કદાચ છરી કાંટો અને કાચની રંગબેરંગી રકાબીઓ ન રાખે પરંતુ દૂધ ઘી ખાય અને સ્વચ્છ કપડાં પહેરે. માટે 'જરૂર નથી' એ કહેવું વ્યાજબી નથી. સુખની જરૂર કોને ન હોય ? આપણો દેશ ગરીબ થઇ ગયો છે એટલે ગરીબ લોકો બહુ દુઃખી છે, નહીંતર તેઓ પણ વિલાયતના ગરીબ લોકો કરતાં પણ વધારે સુખની આશા રાખે.] માટે, Do not need or cannot have.

Is seated—બેઠેલી છે.

Grandmother (ગ્રૅન્ડમધર) છોકરાંઓની દાદી અને મજુરની મા.

Grandchildren—children of a son or daughter. પ્રપૌત્ર કે પ્રપુત્રી, દીકરા કે દીકરીનાં છોકરાં અહીં દીકરાનાં છોકરાં.

Very little—બહુ બાળક, બહુ ન્હાનાં.

Are...alike—Are made to put on the same clothes. ને સરખાં કપડાં પહેરાવાય છે, એકજ જાતનો વેશ અપાય છે.

His...short—એના વાળ ટુંકા રાખવામાં આવ્યા છે. છોકરી હોય તો વાળ લાંબા વધવા દે.

By—ની પડખે, બાજૂમાં પાસે. Picture-book—ચિત્રોની ચોપડી.

Watching (વૅાચિંગ) Looking eagerly at. નિહાળીને, આતુરતાથી જૂએ છે.

Family—દેખીતી રીતે એકવચન છે પરંતુ તેની અંદર અનેક માણસો રહ્યા એટલે ખરી રીતે બહુવચન છે, માટેજ, Are.

Floor (ફ્લોર) Ground, ભોં, જમીન.

Drum (ડ્રમ) પડઘમ, રામઢોલ, ઢોલ.

Trumpet (ટ્રમ્પેટ) Bugle. તુરી, વાજું.

Kite (કાઇટ) પતંગ, કનકવો.

Belong to—ના કબજામાં ની માલિકીનાં છે, ના ભાગમાં આવે છે.

Foot stool—પગ ટેકવવાનું ન્હાનું બાજઠ. [સગડી પરની છાજલી.

Mantel shelf (મૅન્ટેલ શેલ્ફ) A narrow shelf over a fireplace.

Teapot—કીટલી, ચાહ રાખવાનું વાસણ.

Near the middle—લગભગ વચ્ચોવચ, અધવચે. [ફ્લાવર પૉટ.

Vase (વેઇઝ, વાઝ) An ornamental jar or vessel. સુશોભિત કુંડું.

Brass—પિત્તળની.

Candle stick—મિણબત્તીની બેસણી, મિણબત્તી રાખવાનું વાલસટ.

Cloudy (ક્લાઉડી) Covered with clouds. વાદળાંથી ઘેરાએલું, મેઘાવૃત, ઘનઘોર. Bottles (બૉટલ્સ) શીશી, બાટલી.

Upper—Higher. ઉપલી. [મેળવણી સાથેનો ભૂકો, નું ચૂર્ણ.

Coffee-pot—કૉફી રાખવાની બરણી. કૉફી એટલે બુંદદાણાનો બીજ

Tin (ટિન) A silver-white metal, generally found in veins of rock. ખડકનાં ચીરોટામાંથી મળી આવતી એક ધોળી ધાતુ. ટિન.

It...o'clock—છ ઉપર વીશ મિનિટ થઇ છે. [20 minutes to six. છમાં વીશ કમ. (2) Half past six. સાડા છ. (3) A quarter past six. સવા છ. (4) A quarter to seven. પોણા સાત. આ સિવાય મિનિટથી ગણત્રી થાય છે. So many minutes past or to so much].

Cupboard (કપ્બૉર્ડ) A storing-place for usable or eatable things. ઉપયોગી કે ખાવાની ચીજો ભરવાનો ગોખલો, કબાટ.

Straw—પરાળથી બનાવેલી. Hung—લટકાવી, ભરાવી દીધી છે.

He...school—તે પણ નિશાળે ગયો હતો.

Go to school—નિશાળે ભણવા જવું. (2) To go to a or the school. નિશાળે કંઇ બીજા કામ માટે જવું.

Hoop (હૂપ) A ring of wood or metal લાકડાનું કે કોઇ ધાતુનું ચકરડું. અહીં, લોઢાનું પૈડું, જે છોકરાઓ ફેરવે છે તે.

On......home—ઘેર જતાં જતાં. Rolled (રોલ્ડ) Turned. ફેરવ્યું.

Seek the air—Take the open air. ખુલ્લી હવા લે છે. (1) To take the air—હવા ખાવી. (2)To take air—to be known abroad, ખુલ્લું પડી જવું, (વાત) વાને લે છે, એટલે, વા વાતને લઇ જાય છે.

Verandas (વેરૅન્ડૅઝ) Open porticoes or entrance ways supported by pillars. અગાશી. રવેશ કે ઓટલા.

To keep...rooms—હિંદુસ્તાનમાં સૂર્ય બહુ તપે છે એટલે ઓરડાઓ આગળ ઓટલા કે અગાશી કે લોબીની જરૂર રહે છે, જેથી સૂર્યનો તાપ ઓરડામાં આવતો થોડો ઘણો અટકે, પરંતુ વિલાયતમાં સૂર્યનો તાપ બહુ હોતોજ નથી. એટલે આવી જરૂર નથી.

Shutters (શટર્સ) Small doors, covers, બારણાં. કમાડ, ઢાંકણ, ફેરડીઓ, ઉંચાં નીચાં થાય તેવાં બારણાં.

Incovenient—અગવડ ભર્યું.

The light...rain—લાકડાનાં બાર બંધ થયાં એટલે ઠંડા પવન અને વરસાદની વાછંટની સાથે પ્રકાશ આવતો પણ બંધ થઇ જાય, જ્યારે કાચની તકતીવાળાં બારણામાં તેમ ન થાય.

Trousers (ટ્રાઉઝર્સ) Pants. પાટલુન, ચોરણો.

Shirt—શર્ટ, ખમીસ, બદન. Living—ઘર ચલાવવાનો ખર્ચ, ની રીતિ

Expensive (એક્સપેન્સિવ) High in price. ઘણી કિંમતનો, ખર્ચાળ.

Providing (પ્રોવાઇડિંગ) Supplying. પુરાં પાડતાં.

Wages (વેયજીઝ) Daily or weekly pays. મજૂરી, રોજ. રોજનો પગાર.

Coolies (કુલીઝ) Labour porters. મજૂર લોકો.

Necessary (નેસેસરી) જરૂર જોગો, જેના વગર ચાલે નહીં તેવો.

Expenses (એક્સપેન્સીઝ) ખર્ચ, ખરચો. Money spent.

Well-built—સારી, પાકી રીતે બાંધેલાં, જ્યારે હિંદના મજૂરોને ભાંગ્યાં તુટયાં ઝુંપડાથી ચાલે છે

They need—કાં ન જોઇએ ? આપણા મજૂરોને પણ પરવડે તો જોઈએ.

Plenty of (પ્લેન્ટી ઑવ) A great quantity of. પુષ્કળ, જથ્થા, થોકબંધ કોલસા આપણા મજૂરોને ન જોઇએ, એ વાત ખરી.

Charitable (ચૅરિટૅબલ) Incline to give something to the poor or the decrepit. ગરીબ કે અપંગ લોકોને દાન આપવાની વૃત્તિવાળા દાનશીલ.

Blankets (બ્લૅન્કેટસ)Thick, warm covers. ધાબળા.

Whereas—જ્યારે, બીજી તરફ.

Meals (મીલ્સ) Food, dinners. ખાવાનું જમણ.

In India, etc.—હિંદુસ્તાનમાં જે ઋતુની અંદર ખેતરોમાં થોડામાં થોડું કામ કરવાનું હોય છે અને પૈસા કમાવાનું અઘરામાં અઘરૂં બને છે તે ઋતુ ઉન્હાળો, (પરંતુ) તેની અંદર ગરીબ લોકોને પોતાને માટે ગરમાશ રાખવાનો વિચાર કરવાનોજ હોતો નથી. અર્થાત ઉન્હાળામાં તેમને પૈસા નથી મળતા પરંતુ તેની સાથે ગરમ કપડાં વિગેરેનો ખર્ચ પણ નથી હોતો.

When...famine—દુકાળનાં વરસમાં હિંદના ગરીબ લોકો બહુ દુખી હોય છે પરંતુ તે શિવાય એકંદર રીતે તેઓ કંઇ વિલાયતના ગરીબ લોકો કરતાં વધારે સુખી છે. હશે !! આપણને શું ખબર ?

Mention (મેન્શન) Describe, set forth. કહી બતાવવું. [સામાન્ય.

Commonest (કૉમનેસ્ટ) Most general. સાધારણમાં સાધારણ, અતિ

Disease (ડિસીઝ) Cause of Illness, affection. રોગ, દરદ.

10.—THE STORY OF ALI SAKAL.

(અલિ સકલની વાર્તા).

Reign (રેઈન) Rule. રાજ્ય.

Caliph (કૅલિફ) A title given to the successors of the Prophet Mahomed. The Caliph is vested with supreme dignity. The caliphat of Bagdad reached its highest glory and splendour under Haroun Al Rashid. The

title has now been swallowed up in those of *Shah, Sultan, Emir* and so on. મહમ્મદ પેગમ્બરના અનુગામીઓને મળેલો ખિતાબ. ખલીફ સર્વોપરી ગણાતા. ખલીફને બદલે હવે શાહ, સુલતાન, અમીર વિગેરે ખિતાબો વપરાય છે. [Arabic.—*Khalifa*, a successor, *Khalifa*, to succeed.]

Haroun Al Rashid—Reigned as Caliph of Bagdad from from 786 to 809 A. D. He is memorable in History and The Arabian Nights as a wise and powerful ruler. His territory extended from the Indus to the Nile and over a considerable part of North Africa. એ નામનો બગદાદનો ખલીફ. [સ્મરણ.

Of happy memory—પુણ્ય સ્મરણ, પુણ્ય નામા, પુણ્ય શ્લોક, સુખદ

ad—A famous city situated on the banks of the river Tigris in Asiatic Turkey. It was the capital of the ancient Saracen (Mahomedan) Empire. ટાયગ્રીસ નદી પરનું એક પ્રખ્યાત શહેર. હાલનું બગદાદ દરિયાથી લગભગ ૫૦૦ માઇલ દૂર આવેલું છે અને તેની વસ્તી ૧૪૫૦૦૦ ની છે. તેની કેટલીક જમીન ફળદ્રુપ છે.

Celebrated (સેલીબ્રેયટેડ) Much praised. પ્રખ્યાત, સારી ખ્યાતિવાળો.

Ali Sakal—અલી સકલની આ વાર્તા The Barber of Bagdad ને નામે પણ ઓળખાય છે અને તે મુજબ મૅકમિલન્સ ન્યુ ઇંગ્લીશ રીડર્સના પાંચમા ભાગમાં આપેલી છે.

Steady hand—ઠરેલ હાથ. Good shaving.

Dexterity (ડેકસટેરિટી) Cleverness. હુશીયારી, દક્ષતા, ચાલાકી. [L. *dexter*, the right hand, Sanskrit. *Dakshina*.]

Profession—ધંધો, હજામતનો ધંધો.

Shave (શેઈવ) વાળ કાપવા, હજામત કરવી.

Trim (ટ્રીમ) Cut properly. કાતરવું સંકોરવું, કાતરીને ઠીકઠાક બનાવવી.

Beard (બીઅર્ડ) દાઢીના વાળ. [મોવાળા.

Whiskers (વ્હિસ્કર્સ) Hair on the cheek. ગાલ ઉપરના વાળ, મોઢાના

Blindfolded (બ્લાઇન્ડ ફોલ્ડેડ) પાટા બાંધેલ, બાંધી દીધેલ.
Blindman's buff—આંધળા પાટાની રમત.
Drawing blood—લોહી કાઢવું. [ધાટીલો.
Of any fashion--ફેશનદાર, સ્હેજ પણ ફેશનદાર, કંઇક પણ ઠીકઠાક,
Employ (એમ્પ્લૉય) Give work. કામ લેવું, કામે લગાડવું.
Such...the—એવું કામ એટલું બધું ધમધોકાર ચાલતું કે.
At length (લેન્થ) છેવટે. [into, *salio*, I leap.
Insolent (ઇન્સોલેન્ટ) Haughty. ઉદ્ધત, તોછડો. [L. *in*,
Scarcely (સ્કેઅરલી) Hardly. ભાગ્યેજ.
Touch...*aga*—બેગ કે આગા શિવાય બીજા કોઇના માથાને અડતો, બેગ કે આગાની પદ્વી જેને ન હોય તેની હજામત કરતો.
Master—જે માથાનો ધણી, સ્વામી.
At least (લીસ્ટ) ઓછામાં ઓછો. છેવટ.
Fuel (ફ્યુએલ) બળતણ, બાળવા માટે.
Scarce (સ્કેઅર્સ) Less than required, rare. ઓછું, અછતવાળું.
Dear (ડીઅર) High in price. મોંઘું, [I take.
Consumed (કૉન્સ્યુમ્ડ) Used up. વાપરી, ખાઈ જવી. [L. *con*, *sumo*,
Consumption (કૉનસમ્પ્શન) ખાઇ જવું તે, ખાઇ જાય તે, ક્ષય.
A good deal—ઘણું એક, મોટો જથ્થો.
Wood-cutters—Those who cut wood. કઠીયારા.
Loads—લાદેલો ભાર, લાકડાં.
In...others—(પ્રેફરેન્સ) They asked the barber to purchase their wood before they asked others to do so. બીજાં ઘરાક કરતાં પહેલી પસંદગી તેને આપીને. Preference—Choice પસંદગી. [L. *pre*, before, *fero*, I carry, bear.]
Meeting...sale—પોતાનાં લાકડાં તુરતાતુરત વેચાઈ જશે એવી લગભગ ખાત્રીથી. Sale—વેચાણ. Ready તુરતનું.
New etc.—પોતાના ધંધામાં નવો નવો.
Ignorant of (ઇગ્નરૅન્ટ) Not knowing. અજાણ, અપરિચિત.
Character (કૅરેકટર) Nature. સ્વભાવ, ચારિત્ર્ય.

Considerable (કૉન્સિડરૅબલ) Fairly great. ઘણું, ઠીકઠીક.
Country (કન્ટ્રી) Villages. ગામડાઓમાંથી.
Agreed (ઍગ્રીડ) Consented. કબૂલ્યું. [ઠલવ્યો.
Unloaded (અનલોડેડ) Took off the wood from. નો ભાર ઉતાર્યો,
Pack-saddle (પૅક-સૅડલ) Frame in which the wood was *packed*, arranged and bound. ઓઠું, કાઠું.
Chiefly—મુખ્યત્વે કરીને, ઘણું ખરૂં.
Into the bargain—સાટામાં. As a thing to be given by the terms of the purchase. ખરીદીની શરત પ્રમાણે આપવાની વસ્તુ તરીકે, વધારામાં, સાટામાં. અહીં તેના બે અર્થ (૧) સાટાની રૂએ (૨) વધારામાં, માથે.
Agreement (ઍગ્રીમેન્ટ) Contract. કરાર, કબૂલત.
Amazement (ઍમેઝ્મેન્ટ) Wonder. આશ્ચર્ય, અચંબો, ચકિતતા.
Altercation (ઑલ્ટરકેશન) Quarrel. તકરાર, કજીયો, વાદાવાદી, રકઝક.
Over bearing (ઓવર બેઅરીંગ) Haughty, insolent. ઉદ્ધત, દબાવે એવો.
Peasant (પેઝન્ટ) Villager, farmer. ગામડીઓ, ખેડુત.
Distress (ડિસ્ટ્રેસ) Sorrow, misery. દુઃખ, દિલગીરી.
Stated (સ્ટેયટેડ) Described, told કહી બતાવ્યાં.
Griefs (ગ્રીફ્સ) Grievances, misery. દુઃખ, દિલગીરી.
Cadi (કેડિ) A Turkish magistrate. મુસલમાન મુન્સફ.
Customers (કસ્ટમર્સ) Employers. ઘરાક.
Refused (રીફ્યૂઝડ) ના પાડી.
Applied (ઍપ્લાઇડ) Stated his case before. અરજ કરી.
Patronized (પેયટ્રનાઈઝડ) Acted as a supporter of. નો મહેરબાન ઘરાક હતો.
Made...of—Attached little importance to, considered to be trifling. નજીવી ગણી કાઢી, કંઇ અગત્ય, કોઠું ન આપ્યું.
Appealed to (ઍપીલ્ડ) Applied to. ઉપર અરજ કરી.
Mufti (મુફ્તી) A Mahommedan officer who explains the law, acts as magistrate, etc. કાનુન શાસ્ત્રી; ઉપરી મુન્સફ.
Pondered (પૉન્ડર્ડ) Seriously thought. ઉંડો વિચાર કરીને.

Settled (સેટલ્ડ) Decided. ઠરાવ્યું.

It...decide—કીસ્સો એટલો બધો ગુંચવાડા ભરેલો છે કે હું નિર્ણય કરી શકતો નથી, કારણ કે કુરાનમાં તેને માટે કંઇ કલમ છે નહીં.

Provision (પ્રોવિઝન) Article. કલમ, પુરવણી.

Koran (કોર્ન) The Sacred Book of the Mahommedans. મુસલમાનોનું ધર્મ પુસ્તક, મુસલમાની ધર્મગ્રંથ કુરાન મુફતીનો જવાબ મુત્સદ્દીગીરી ભર્યો છે, આમ પણ નહીં, તેમ પણ નહીં. એક સિંહે એક ઘેટાને પૂછ્યું કે મારૂં મોઢું ગંધાય છે? ઘેટાએ જવાબ આપ્યો કે ના મહારાજ, એટલે તેને ખુશામતીયો ધારી ફાડી ખાધો. વરૂએ કહ્યું કે હા, મહારાજ એટલે તેને પણ ફાડી ખાધું. અને શિયાળ કહે કે, મહારાજ, મને સળેખમ થયો છે એટલે તે બચ્યું !!

Put up with—Bear. સહન કરી લેવી, ઉઠાવી લેવી.

Disheartened (ડિઝર્ટન્ડ) Disappointed, depressed. ના હિમ્મત બન્યો, નાશીપાસ થયો.

Forthwith (ફોર્થવિથ) At once. તુર્તજ, એકદમ.

Scribe (સ્કાઈબ) Writer. અરજી વિગેરે લખી દેનાર, લહીઓ.

Got...write—એક લહીઆ પાસે લખાવી.

Petition (પીટિશન) Application. અરજી.

Duly (ડયુલી) Formally. રીતસર, વિધિપૂર્વક, બરોબર રીતે.

Presented (પ્રીઝેન્ટેડ) Submitted, gave. રજુ કરી, આપી દીધી.

He—ખલિફ. In state—In a procession. દમામસર, રસાલા સાથે.

Mosque (મૉસ્ક) Mahommedan Church. મસ્જીદ. [નિયમિતતા.

Punctuality (પન્કટયુઍલિટી) Regularity. વખતસર કામ કરવાની ટેવ,

It...before—In a short time. થોડા વખતમાંજ.

Called...presence—પોતાની હાજરીમાં, સમક્ષ બોલાવ્યો.

Kneeled (નીલ્ડ) Bent on his knees. ઘુંટણીએ પડયો, પગે લાગ્યો.

Kissed (કિસ્ડ) ચુંબન કર્યું. એમ બતાવવાને કે આપની ભૂમિની રજ પણ મને વ્હાલી છે, અને શિરોધાર્ય છે. ખલિફ સમક્ષ આ વિધિ કરવાનો રિવાજ હતો.

Placing...him—હાથ સીધા લાંબા કરીને, દંડવત્ પ્રણામ કરીને.

Sleeves (સ્લીવ્ઝ) બાંય, બહાં.

Cloak (ક્લોક) ઝભ્ભો. હાથ લાંબા કરતી વખતે. આંગળાં વિગેરે બાંયની અંદર રાખવાથી ખલિફ્ પ્રત્યે માન અને નમ્રતા સૂચવતાં હતાં.

Close together—પાસે પાસે અડકીને, દંડવત પ્રણામમાં હોય તેમ.

Awaited (ઍહવેયટેડ) રાહ જોઇ રહ્યો.

Decision (ડીશિઝન) Judgment. નિર્ણય, ચુકાદો, ફેસલો.

Equity (એકિવટી) Justice, right. ન્યાય, સાચાપણું, સત્ય, વ્યાજબી હક્ક.

The barber...yours—According to the mere words of the bargain, the barber may demand tha pack-saddle but according to justice you have a right to refuse to give it to him. સાટા કે કાયદાના માત્ર શબ્દો પર જોઇએ તો હજામ ખરો છે પરંતુ અદલ ન્યાય પ્રમાણે તું ખરો છે.

Defined (ડીફાઇન્ડ) Limited. વ્યાખ્યા થવી જોઇએ, મર્યાદિત હોવો જોઈએ.

Course (કોર્સ) કાયદો કાયદાને રસ્તે ચાલવોજ જોઇએ. નહિતર તેની કંઇ કિમ્મત રહે નહીં.

Kept (કેપ્ટ) Observed, fulfilled. પાળવાં જોઇએ.

Or—Otherwise. નહીંતર.

Faith (ફેઇથ) Trust. વિશ્વાસ, શ્રદ્ધા.

Man and man—એક બીજા માણસ વચ્ચે.

Whispered (વ્હિસ્પર્ડ) Muttered. છાનુંમાનું કહ્યું, ગણગણ્યો.

But—શિવાય. Sent...satisfied—પૂરેપૂરો સંતોષ આપીને તેને જવાની રજા આપી. Obeisances (ઓબેયઝન્સીસ) Bow, salute. પ્રણામ, નીચા વળીને પ્રણામ. Without—Outside. બહાર.

Halter (હૉલ્ટર) A rope round the neck. દોરડું, દોરી.

Nothing...them—જાણે કે તેમના બે વચ્ચે કંઇ તકરાર થઇજ ન હોય તેમ.

Enjoy—અનુભવ, લ્હાવો લે.

Operations (ઑપરેયશન્સ) Performances. ક્રિયા, વિધિ.

Crown (ક્રાઉન) The top of the head. માથું, ટાલ, ટાલો.

Shorn (શૉર્ન) Cut. ના વાળ કાપ્યા. Presently—હમણાં, તુર્તજ

According—તે મુજબ, તદનુસાર.

Exclaimed (એક્સક્લેઇમ્ડ) Cried out. બોલી ઉઠયો, ગર્જી ઉઠયો.
Surprise (સરપ્રાઇઝ) Wonder. આશ્ચર્ય, તજુબી.
Demean (ડીમીન) Lower. હલકું પાડવું.
Insult (ઇન્સલ્ટ) Discharged. અપમાન કરવું.
To do as much—તેજ પ્રમાણે કરવાનું, હજામત કરવાનું.
Related (રીલેયટેડ) Stated. કહી બતાવ્યું, ની વિગત રજુ કરી, વર્ણવ્યું.
Commander of the faithful—ધર્મી લોકના સરનશીન, મુસલમાનોના સરદાર, ખલીફ. Razors (રેયઝર્સ) અસ્રા, સજૈયા.
Instant (ઇન્સ્ટેન્ટ) Moment. ક્ષણ.
In......minutes—દશ મિનિટની અંદર.
Made...as—ગધેડાને પોતાનો ગોઠીયો, મિત્ર, સાથી બનાવ્યો.
Companion (કમ્પૅનિઅન) Comrade, friend. ગોઠીયો, સાથી. [L. *con*, together, *panis*, bread.)
Treating (ટ્રીટીંગ) Behaving towards. ની તરફ વર્તવું.
One—Ass. ગધેડો.
Believer (બીલિવર) One who has faith in the Koran. મુસલમાન, ધર્મી, ઇમાનદાર. જેમ બીજા તેમ મુસલમાનો પણ પોતાનાજ ધર્મને ખરામાં ખરો માને, અને તે ધર્મમાં માનનારનેજ આસ્તિક ગણે.
You...right—તારૂં કહેવું ખરૂં હોય.
Insisting (ઇન્સીસ્ટિંગ) Pressing. આગ્રહ કરવો.
Insisting...wood–લાકડાંના ભારમાં કાઠાને પણ સમાવી દેવાનો આગ્રહ કરવાનું
Included (ઇન્કલ્યુડેડ) Considered a part of સમાવેશ કરેલો.
No...now—એ નહીં ચાલે હવે કઠીયારાનો વારો આવ્યો છે, તેને દબાવવાનો.
To the ass— ગધેડા તરફ ફર, ગધેડાની હજામત કરવા મંડી પડ.
Or, etc.—નહીંતર પરિણામ તું જાણે છે, નહીંતર ભારે શિક્ષા થશે.
Consequences (કૉન્સીક્વેન્સીસ) Results. પરિણામ.
Lather (લૅધર) Apply soap, foam. સાબુ લગાડી ફીણ કરવાં.
Jeered out (જીઅર્ડ) Laughed at. મેણાં ટોણાં અને હસાહસથી કાઢવવામાં આવ્યો,
Mocked (મૉક્ડ) Ridiculed. ચાળા પાડયા, ટોળ થઇ.

Taunts (ટૉન્ટસ) Harsh remarks. મેંણાં, ટાણાં.
By-standers—પાસે, નજીક રહેલા.
Dismissed (ડિસ્મિસ્ડ) Sent away. રજા મળી ગઇ, જવાનું કહેવામાં આવ્યું. (L. *dis*, apart, *mitto*, I send.)
Appropriate (ઍપ્રોપ્રિએટ) Proper. પ્રમાણસર, વ્યાજબી, ઉચિત.
Present (પ્રેઝન્ટ) Reward ઇનામ.
Resounded with (રીઝાઉન્ડેડ) Was full of the talk થી ગાજી ઉઠયું.
Celebrated (સેલીબ્રેચટેડ) Praised. વખાણ કર્યાં, સ્તુતિ કરી.

11—LITTLE CLAUS AND BIG CLAUS.—I.

(ન્હાનો કલૉસ અને મોટો કલૉસ).

Distinguish (ડિસ્ટન્ગ્વિશ) To know separately. જૂદા પાડવા, પારખવા.
Lend (લેન્ડ) બદલો લઇને આપવો, આપવો.
Crack (ક્રૅક) Produce a sound with. ચાબુક બોલાવવો, સડ સડ દઇને બોલાવવો.
They...day—તે ચારે ઘોડા તે એક દિવસ પોતાનીજ માલિકીના [હોય તેવું હતું.
Ringing (રિન્ગિંગ) Sounding. વાગતા. [હિલોળા ખાતા.
Merrily (મેરિલી) So as to produce joy. ઘણુ ઘણુ કરતા, આનંદથી,
Best—રવિવાર પ્રાર્થનાનો દિવસ હોવાથી લોકો સરસ કપડાં પહેરી નીકળે છે.
Prayer-books—પ્રાર્થના પોથી.
Ploughing (પ્લાઉઇંગ) Farming the land. ખેતર ખેડતો.
Beg (બેગ) Request. વિનંતિ કરવી, માગી લેવું.
Hit (હિટ) Strike severely. ફટકો મારવો, ઘા કરવો.
Drop dead—મરીને પડી જશે, મરી જશે.
Spot (સ્પૉટ) Place. તેજ જગ્યો ઉપર.
Nodding (નૉડિંગ) Shaking their heads in sympathy. મિત્રભાવ દેખાડવા માથું હલાવતા, વાહ વાહ, એમ માથું હલાવીને દર્શાવતા.
Good-day—સલામ, મહેરબાન, જે જે, આજ ઇશ્વર તમને અનુકૂળ હોજો. આજનો દિવસ તમને શુભ હોજો!
Hammer (હૅમર) An iron-piece. હથોડો.

Hung—લટકાવી દીધી. Hanged—ફાંસીને લાકડે ચડાવ્યો.
To dry—For being dried up. સૂકવવા.
Next—Nearest. સૌથી પાસેના.
Gloomy (ગ્લૂમી) Dark, Cheerless. અંધારા, નિર્જન, આનંદ શૂન્ય.
Storm (સ્ટૉર્મ) પવન કે વરસાદનું તોફાન.
He...way—માર્ગમાં ભૂલો પડયો.
Discovered—Found out. શોધી કઢયો.
Path (પાથ) Road. રસ્તો, કેડી.
Came on—પડવા લાગી, પડી ગઇ. [તોપણ રાત નડે.
He...night—શહેર તરફ જાય તોપણ રાત પડી જાય અને પાછો ફરે
Farmhouse—ખેતરમાંનું ઝુંપડું. Shutters—બારણાં, બહારનાં બારણાં.
Crevices (ક્રૅવિસીઝ) Slits, તડ, ફાટ, ચીરા.
Knocked (નૉકડ) કડું ખખડાવ્યું, ઠોકયું, બારણું, કમાડ ઠોકયું.
Hapstack (હેસ્ટૅક) A heay of hay. સુકા ઘાસની ગંજી.
Shed (શેડ) An outhouse. કોઢ. [છાજેલું.
Thatched (થૅચ્ડ) Covered with straw, etc. પરાળ વિગેરેથી ઢાંકેલું,
Turned—પડખું ફેરવ્યું.
Comfortable (કમ્ફર્ટબલ) At ease. નિરાંત, ઠીકઠાક, ચેનવાળો.
Laid out (લેઇડ) Spread ઉભું કરીને ઉપર પાથરીને ગોઠવવામાં આવ્યું હતું.
Splendid (સ્પ્લેન્ડિડ) Attractive. સરસ, શોભે એવી, મજાની.
Sexton (સેક્સ્ટન) Grave-digger. કબરનો ખાડો ખોદનાર.
Helped...fish—મચ્છી ખાવાનો આગ્રહ કરતી હતી.
Favourite (ફેવરિટ) That which was liked very much. પ્રિય, ખાસ. Dish (ડિશ) થાળી, ખાણું.
Stretched (સ્ટ્રૅચ્ડ) Put forward. લંબાવી.
Pie (પાઇ) A baked crust of pastry with fruit or meat into it. ફળ કે માંસનું પૂરણ કરીને શેકેલો પાઉં.
Glorious (ગ્લોરિઅસ) Grand. ભભકાદાર, અફલાતુન.
Prejudice (પ્રેજ્યુડિસ) Unreasonable feeling or opinion ચટ, જીદ, અંટસ. Oven (અવન) Fireplace. ચુલો, બાંધેલસગડી.
Disappeared (ડિસઍપીર્ડ) અદૃશ્ય થઈ ગઈ.

Lodging (લૉજીંગ) Residence રહેવાનું, રહેવાની સગવડ. *Boarding*—
ખાવાનું, ખાવાની સગવડ. [વિલાયતી ઘેંશ, ભડકું, કાંજી.
Poridge (પૉરિજ) Oatmeal boiled in water or milk.
Appetite (ઍપીટાઈટ) Taste. રૂચિ, સ્વાદ.
Roast (રોસ્ટ) Roasted, cocked before the fire. રાંધેલું, પકવ, શેકેલું.
Sack (સૅક) કોથળો, થેલો.
Trod (ટ્રૉડ) Pressed with the feet. પગ ચલાવ્યા, દબાવ્યો.
Squeaked (સ્કવીકડ) Produced a grating noise. ચડચડ અવાજ કર્યો.
બોલવા લાગ્યું. Hullo (હલો) અહાહા, અરે.
Conjurer (કૉન્જરર) Magician. જાદુગર, નજર બાંધી લેનાર.
Dared...anything—કંઇ કહેવાની હિમ્મત કરી શકી નહીં, છાતી ચલાવી
શકી નહીં. [ભૂત પિશાચ.
The evil one—The Devil, a ghost. શયતાન.
Conjure up—Cause to appear by magic. જાદુથી બોલાવી શકે.
Him—શયતાન, વૈતાલ. [*Now that*—માટે, એટલે.
Now...merry—હું એટલા બધા આનંદમાં છું એટલે, માટે. *Now* or
Look–દેખાવ. Ugly (અગ્લી) Unattractive, repulsive. કદરૂપો, બાહુક.
Mind (માઈન્ડ) Be offended, care. ચિંતા નહીં રાખું, માઠું નહીં લગાડું.
Got up (ગૉટ અપ) Made firm, raised the degree of. ધરી છે,
પેદા કરી છે, ટટ્ટાર કરી છે.
Crouching (ક્રાઉચિંગ) Sitting in a stooping position. નીચો
વળીને બેઠેલો, હાથ પગ વાળીને બેઠેલો, સંકોચાઇને રહેલો,
Lid (લિડ) The cover. ઢાંકણું.
Slip (સ્લિપ) Go softly. સરી જવું. Very...way—થોડુંકજ.
Peeped (પીપ્ડ) Looked. ડોકીયું કર્યું, ચીરામાંથી જોયું.
Springing (સ્પ્રિન્ગિંગ) Jumping. કૂદતાં.
Exactly (એગ્ઝૅક્ટલી) In all respects. દરેક રીતે, બરાબર તદ્દન.
Far...night—મોડી રાત સુધી Until late at night.
Bushel (બૂશેલ) A dry measure of 4 pecks or 8 gallons.
આશરે બે મણનું માપું. તે ભરીને નાણાં આપું.
Full—પૂરેપૂરૂં માપ ભરીને. As well—સાથે સાથે, તે પણ તેમજ.

Exchange (એક્સચેઇન્જ) Bargain. સાટે, બદલે, સાટામાં.
Wheel-barrow (વ્હીલ બૅરો) A hand-cart with one wheel.
  ભાર લઇ જવાની એક પૈડાવાળી ઠેલણ ગાડી.
Farewell—નમસ્કાર, સાહેબજી, તમારૂં કલ્યાણ હોજો.
Stupid (સ્ટ્યુપિડ) જડ નકામી.
Wheel (વ્હીલ) ઠેલણ ગાડી પર લઈ જવી.
Swims (સ્વિમ્સ) તરી આવે. પેટી જાદુઈ હતી.
Well and good—ઠીક છે, સારૂં.
It...much—કંઇ ભારે વાત નથી અગત્ય નથી.
Lifted (લિફ્ટેડ) Raised. ઉંચકી. As it—જાણે કે, હોય તેમ.
Leave it alone—રહેવા દે, મૂકી છાંડ.
Let me out—મને બહાર નીકળવા દે.
Pretending, etc.—બ્હીતો હોય તેવો ઢોંગ કરીને, લિટલ ક્લૉસ તો જાણતોજ હતો કે પેટીમાં માણસ છે, ભૂત નથી છતાં ભૂત હોય તેવો ઢોંગ કરે છે. He—The devil.
Be drowned (ડ્રાઉન્ડ) Go to the bottom. ડૂબી જાય.
Bushelful—એક બૂશેલ ભરીને.
Crept (ક્રેપ્ટ) Crawled. હાથ પગ વાપરી બહાર ચડી આવ્યો.
One—એક બૂહેલ. Barrowful—ઠેલણ ગાડી ભરાઈ જાય તેટલું.

12.—THE SOLDIER'S DREAM.
(સૈનિકનું સ્વપ્નું).

Scare—બ્હીવરાવીને નસાડી મૂકવા. Vision—ભ્રમણા, માયા.
Melted—ઓગળી ગઈ, ઉડી ગઇ. Vineyard—દ્રાક્ષના વેલાના મંડપો.
Sang (સૅન્ગ) Sounded so as to declare. ની જાણ કરવા મધુરી લાગી.
Truce (ટ્રુસ) Short peace. થોડા વખત માટે સુલેહ, રાત્રે લડાઈ બંધ રહે છે તેટલી શાંતિ. લડાઇ બંધ પાડવા માટે અમુક મધુરી રીતેજ તૂરીઓ વાગે છે. [આવરણ, અંધારૂં.
Night-cloud—The darkness of the night. રાત્રિનું વાદળું,
Lowered (લોવર્ડ) Looked gloomy and dark, frowned ગમગીની તથા કાળાશ સાથે ઉતરી આવ્યું હતું, ભ્રુકુટી ચ્હડાવી હતી.

Sentinel (સેન્ટિનેલ) Acting as soldiers on guard. ચોકીદાર તરીકે પહેરો ભરતા.

Sat...watch—પોતાની ચોકી જમાવી દીધી હતી.

Sunk—Fallen, flung themselves. પડયા હતા, લાંબા થઈ સૂતા હતા.

Overpowered (ઓવર પાવર્ડ) Exhausted. થાકી, ઘેરાઈ જઇને.

To sleep—ઉંઘવાને માટે, નિંદર કરવા માટે. Weary, wounded—એકજ ઉચ્ચારના અક્ષરો યોગ્ય અને મધુરી રીતે હારબંધ આવે તે અલંકાર અનુપ્રાસ (Alliteration) કહેવાય.

Reposing (રીપોઝીંગ) Resting સૂતાં આરામ લેતાં.

Pallet (પૅલેટ) A small, poor bed, ન્હાની, ગરીબડી પથારી.

By—પાસે, નજદીક. [wolves. વરૂ-વલોપાતણી, વરૂને ભડકાવનારી.

Wolf-scaring (ઉલ્ફ-સ્કેઅરીંગ) That which frightened away the

Faggot (ફૅગૉટ) A bundle of sticks for fuel. તાપણી, ધૂણી.

Guarded (ગાર્ડેડ) Protected. વરૂના ત્રાસથી બચાવતી, મુડદાંને વરૂ ચુંથી નાખે તેવી રીતે રક્ષણકરતી.

Slain (સ્લેઈન) Slaughtered, killed. મરાએલાં, કતલ થએલા.

At...night—At mid-night. મધ્ય રાત્રિએ, જ્યારે બધું મરેલ જેવું. શૂનસામ હોય છે.

Vision (વિશ્ઝન) Dream. સ્વપ્ન, માયાવી દશ્ય.

Ere (એઅર) Before. ની પહેલાં.

Methought—I thought, it seemed to me. મને લાગ્યું કે

Battle-field (બૅટલ ફીલ્ડ) રણસંગ્રામ.

Dreadful (ડ્રેડફુલ) Terrible. ભયાનક, ત્રાસદાયક.

Array (ઍરેય) Troops, etc. થોક બંધ સામગ્રી, લશ્કર વિગેરે.

Roamed (રોમ્ડ) Wandered away. રખડી આવ્યો, ચાલ્યો આવ્યો.

Desolate (ડેસોલેઈટ) Uninhabited, waste. નિર્જન, ઉજ્જડ.

Track (ટ્રૅક) Path, રસ્તો, કેડી, પ્રદેશ.

Autumn (ઑટમ) *From* September *to* November. યુરોપની પાનખર ઋતુ.

Sunshine...fathers—The soldier had begun his walk (in his dream) at nightfall and when it was morning he

found himself on the familiar path which led to his own home. રાત પડી ત્યારે સૈનિકે (સ્વપ્નામાં) મજલ શરૂ કરી હતી અને સૂર્યોદય થતાં તે પોતાના બાપદાદાના ઘરને રસ્તે આવી ચ્હડયો. "મારા બાપદાદાના ઘરને રસ્તે સૂર્ય પ્રકાશ થયો."

Fathers (ફાધર્સ) Ancestors. બાપદાદા. જે ભૂમિમાં ઘણી પેઢીઓથી આપણું કુટુંબ રહેલું હોય તે આપણું Home (વતન, મૂળ ઘર) અને બીજું આપણું House (અમુક વખતથી જેમાં રહેતા હોઈએ તે ઘર).

Welcomed me back—લડાઈમાંથી પાછા ફરેલા મને સત્કાર આપ્યો.

Traversed (ટ્રૅવર્સ્ડ) Crossed. ઉપર થઇ ચલાએલાં, ઓળંગાયલાં.

Oft–often—ઘણી વાર.

In...march—In my chilhood and boyhood. મારા બચપણમાં, બાળક અને બટુક તરીકે, જીંદગીના પરોઢીઆની પ્રગતિ વખતે, બચપણ, તે જીંદગીનું સ્હવાર, જુવાની, તે બપોર, અને આધેડ તથા વૃદ્ધાવસ્થા, તે સાંજ, અને મરણ, તે રાત.

Bosom (બુઝમ) Breast, heart છાતી, હૃદય.

Young (યન્ગ) Tender, full of feeling for home and relatives. કુમળું, ઘર તથા સગાંવ્હાલાં માટે લાગણીથી ભરપૂર.

Bleating (બ્લીટીંગ) Crying. બેં બેં કરતાં.

Aloft (ઍલૉફ્ટ) Loudly, ઉંચેથી, મોટેથી, મોટે અવાજે.

Strain (સ્ટ્રેઈન) Song. ગીત, ગાયનની લ્હે, લયનો સુર.

Corn-reapers (કૉર્ન-રીપર્સ) દાણાનાં ડુંડાં લણનારા.

Pledged etc.—We took wine, wishing health and good luck to one another in our family. એક બીજાની સુખાકારી ઇચ્છી દારૂનું પ્યાલું લીધું. Pledged—Promised. વચન આપ્યું, અમારી શુભેચ્છાનું વચન આપ્યું, દુવા ગુજારી.

Fondly (ફૉન્ડલી) Foolishly, out of great love. અતિ સ્નેહના મોહથી મૂખાઇ ભરેલી રીતે, પ્રેમ મુગ્ધતાથી, મૂર્ખાઈથી. કારણ સૈનિકને તો ગમે ત્યારે લડાઇમાં જવું પડે તેથી આવા સોગંદ લેવા એ મૂર્ખાઇ ભરેલું કહેવાય. બીજી રીતે પણ આતો સ્વપ્ન હતું એટલે હંમેશાં ઘર આગળ રહેવાનું શક્ય હોય તો પણ મૂર્ખાઈ થઇ.

Part (પાર્ટ) Be separated. વિખુટા, છુટા, જુદા પડવું.

Little ones—Children. બાળ બચ્ચાં.

A thousand...o'er...ફરી ફરીને હજારો વખત, અનેકવાર. In o'er the sign' is the sign of elision, showing that *v* is elided (omitted) for the sake of metre. સ્વરમેળ માટે કરીને *over* માંથી *v* ઉડાડી દીધો છે અને ઍપૉસ્ટ્રૉફી જેવા ચિન્હને ઇલિસ્ઝનની નિશાની કહેવામાં આવે છે. 'હજારો વખત' એમાં અતિશયોક્તિ અલંકાર રહેલો છે. (Hyperbole—અતિશયોક્તિ).

Sobbed (સૉબ્ડ) Wept softly and at intervals. ડુસકા ભરતી હતી.

In...heart—કારણ કે તેનું હૈયું ભરાઈ આવ્યું હતું.

Worn (ઉવૉર્ન) Lean and pale. મહેનતથી ઘસાઈ, ઉતરી ગયેલો, નબળો પડી ગયલો.

Fain (ફેઇન) Glad. ખુશી, રાજી,

War-broken—Exhausted by hard fighting in the war. લડવાની ભારે મહેનતથી, લોથ પોથ થઇ ગયેલો, બીન ઉપયોગી બનેલો.

But...morn—સહોક્તિ અલંકાર. પરંતુ અરૂણની સાથેજ શોકનો ઉદય થયો.

Dreaming ear—સ્વપ્નમાં હું મારા કાનમાં જે સ્વર સાંભળતો હતો તે, 'અહીં રહો, અહીં રહો' એવો પોતાની સ્ત્રીનો સ્વર જે સાંભળતો હતો તે.

Melted away (મેલ્ટેડ) Slowly ceased to be heard, died away ધીમે ધીમે સંભળાતો બંધ પડયો, ઉડી ગયો.

PARAPHRASE.

The dark and gloomy night had come and the stars had taken up their places in the sky like so many watchers over earth; and thousands of soldiers lay stretched on the ground, some sleep after the day's hard work and others who were wounded to sleep for ever,—to die.

I was of the former class and was sleeping on my small straw-bed; near me was the fire kept up to drive away the wolves who might otherwise injure the corpses of soldiers cut off in the battle. In such a place and

such condition I dreamt a lovely dream which was repeated thrice again before the morning came.

In that dream I felt that, leaving the terrible battle-field with its terrible troops far, far behind me, I had come away on a solitary, waste path and gone on and on till at sunrise I found myself on the way to my ancestral home, the season being autumn. And my family was full of joy because I met them once more and alive.

I at once went out to take walks in those pleasant fields which I had passed over so often when I was a boy and my heart, tender. The familiar cries of the goats that grazed on the mountains of my motherland came to my ears and the sweet songs sung by the reapers in the fields were familiar also.

At home again the members of my family drank to one another's happiness and forgetting my duty as a soldier I swore never to go away from my home and my dear ones. Times out of number did my children kiss me and my wife felt so much on the occasion that she sobbed aloud.

My dear ones pressed me and begged me to stay with them, saying I was lean and exhausted. And I myself also wished very much to stay but the morning came, and alas : I found it was all a dream, nothing but a dream !

Moral:—'Mid pleasures and places though we may roam,

Be it ever so humble. there's no place like home.

(2) The finger of God points to home, and says to us all, "There is the place to find your earthly joy."

(3) Love rules the court, the camp, the grove,
And men below, and saints above;
For love is heaven, and heaven is love.

સુખમાં પણ ઘર બહુ સાંભરે તો પછી સિપાઇને લડાઇની અશાંત ધમાલમાં શાંતિદાયક ઘર યાદ આવે એ સ્વાભાવિક છે. વતન માટે પ્રેમ એ જનસ્વભાવ છે, તે પ્રેમ આ કાવ્યમાં ચિતર્યો છે એવી રીતે કે સિપાઇના દુ:ખથી આપણું અંત:કરણ પણ દુ:ખે છે; બિચારાને ઘરનું સુખ સ્વપ્નવત્ થઈ ગયું !

13.—CITIES OF THE WORLD—PECKING.

(દુનિયાનાં શહેરો—પેકિન)

Cities of the World—એ નામના આ પુસ્તકમાં ક્રમવાર અનેક પાઠો છે. (Series છે,) તેમાં આ પાઠમાં પેકિનનું વર્ણન છે.

Northern—ચીન દેશમાં ઉત્તર દિશામાં રહેલી.

Main (મેઇન) Chief. મુખ્ય મુખ્ય.

Features (ફીચ્યર્સ) Characteristics. લક્ષણો.

Chinese (ચાયનીઝ) Of China. ચીનના, ચીનાઇ.

Walled (વૉલ્ડ) Surrounded by high walls. કોટ, રાંગવાળી.

Differ (ડિફર) જૂદાં પડે છે, હોય છે.

Size (સાઇઝ) Area, extent. કદ, વિસ્તાર.

Inclosed by (ઇન્ક્લોઝ્ડ) Surrounded by. થી ઘેરાએલ, ના ઘેરાવાની અંદર આવેલી.

The two former—આગલી બે, ટાર્ટર નગરી અને ચીનાઇ નગરી.

Forbidden (ફરબિડન) That which people were forbidden to enter. જેમાં સામાન્ય પ્રજાને આવવાની મનાઈ હતી, ખાનગી, મનાઇ થયેલ.

[નજર નાંખીએ તો.

Viewed (વ્યૂડ) Seen, observed. અવલોકિત, અવલોકન કરવાથી.

Foliage (ફૉલિએજ) Leaves and fruits. પત્ર ફળ ફુલ, લીલોતરી, લીલોછમ ઘેરાવો.

[વગર બાંધેલા, બીન જડેલા.

Unpaved (અનપેઇવ્ડ) Not built with stones. શિલાબદ્ધ નહીં એવા,

Double (ડબલ) એકની પાછળ, ઉપર બીજી એવી, બેવડી.

Faded (ફેયડેડ) Dimmed, that whose colour is mostly gone. ઝાંખો પડી ગયેલ. ભૂંસાઈ ગયેલ. [ખુલતો રાતો રંગ.
Vermilion (વરમિલ્યન) A bright red colour. હિંગળોકીઓ રંગ.
Consist (કૉન્સિસ્ટ) Made of, ની બનેલી.
Glittering (ગ્લિટરિંગ) Shining. ચળકતા ચળક ચળક થતા.
Yellow-tiled (યેલો-ટાઈલ્ડ) Having yellow tiles. પીળા રંગનાં નળીયાં વાળા. Pavilions (પૅવિલ્યન્સ) Building. મકાનો.
Palace roofs (પૅલેસ રૂફ્સ) મહેલનાં છાપરાંઓ.
Bulk (બલ્ક) Most of, great mass. મુખ્ય જથ્થો, ઘણુંખરાં.
Tents (ટેન્ટસ) Cloth sheds. તંબુઓ.
Caravans (કૅરૅવન્સ) Troops. સંઘ.
Brown (બ્રાઉન) Reddish dark or grey. રાતા ભૂરા રંગનાં. મેલા ભૂરા રંગના.
Wooly (ઉલી) Hairy વાળથી ભરેલાં, રૂંછડાં રૂંછડાંવાળાં.
Mongolia (મૉન્ગોલિઍ) A territory to the North-east of China and Chinese Turkistan. Its area is over 1,250,000 square miles. It contains many mountain ranges and the Gobi and other deserts. Its people are chiefly wandering cattle-breeders and traders. ચીનથી ઈશાન કોણમાં આવેલો પ્રદેશ. તેના લોકો ઘણાખરા ઢોર ઉછેરનારા તથા વેપાર ચલાવનારાછે.
Eating-houses (હાઉઝીઝ) Hotels, etc. ખાનપાન ગૃહ, હોટલ વિગેરે.
Theatres (થીએટર્સ) A place where dramas are performed. નાટકશાળા.
Sundown (સનડાઉન) Sunset. સૂર્યાસ્તનો વખત. [રાજ્યનું.
Imperial (ઈમ્પીરિઍલ) Of the Emperor, of the state. બાદશાહી રાજ્યનું.
Enter—અંદર જઇએ, વર્ણન કરીએ. આ પારામાં આપણે જાણે કે નગરીમાં ખરેખર જતા હોઇએ, અને બધું જોતા હોઇએ અને તેના પર ટીકા કરતા હોઈએ એવી કલ્પના કીધી છે.
Crowded (ક્રાઉડેડ) Full of people. લોકોની ગીરદી વાળા.
Ruts (રટસ) *Deep, broad lines.* ચીલા, સળંગ ખાડા.

Plough...axles (ઍક્સલ્સ) ચીલામાં ધરી સુધી ખૂંચી જાય છે અને તેથી માંડ માંડ તેમાં થઈ રસ્તો કાપે છે.

Plough—હળ ખેડવો. હળ જેમ જમીનમાં ઊંડો ખૂચી જાય અને બળદને ખૂબ જોર પડે તેમ અહીં ગાડાં ખૂંચી જાય છે. The carts sink in the mud upto the axles and so the oxen have to drag hard through those ruts.

Axle (ઍક્સલ) The rod on which the wheels revolve, pivot. ધરી, આંસ, અક્ષ, આંક.

Pavement (પેઇવમેન્ટસ) બાંધેલ પત્થર, બાંધેલ રસ્તાઓ.

Squares (સ્કવેઅર્સ) A place where four roads meet. ચૌટા, ચોક.

Parks (પાર્ક્સ) Enclosed pleasure-lands. બાંધી લીધેલી હરવા ફરવાની જગ્યાઓ. Packed (પૅક્ડ) ભરેલાં ગોઠવેલાં.

Story (સ્ટોરી) A floor of a building. માળ, મજલો. એક માળીયાં. કેટલીકવાર આ શબ્દ *Storey*, એમ લખાય છે, પરંતુ *Story* એ વધારે ખરો છે.

Fronts (ફ્રન્ટસ) Foreparts. આગલા ભાગ, મ્હોરા.

Carved (કાર્વ્ડ) Engraved, cut. કોતરેલા, કોતરકામ વાળા.

Patterns (પૅટર્ન્સ) Models, shapes. ઘાટ, નમુના, નકશી.

Decorated (ડેકોરેયટેડ) Adorned. શણગારેલાં, સુશોભિત બનાવેલાં.

Gold-leaf (ગોલ્ડ-લીફ) Gold beaten out very thin. સોનાનો વરખ, સોનેરી પાનાં.

Sign-boards (સાઈન-બોર્ડ્ઝ) Boards with names, etc. નામનાં પાટીયાં, દુકાન કે ઘર ધણીનું નામ વિગેરે વાળાં ચિત્રેલાં પાટીયાં.

Painted (પેઇન્ટેડ) ચિત્રેલાં.

Characters (કૅરૅક્ટર્સ) Letters. અક્ષરો.

High-sounding (હાઇ-સાઉન્ડીંગ) Big if one speaks it out. ઉચ્ચાર કરવામાં જબરાં લાગતાં, શબ્દાડમ્બરી, ડોળ ઘાલુ જેમકે હોય એક ન્હાની, ગરીબડી હોટેલ અને તેનું નામ હોય 'ઇંદ્ર ભવન', અથવા, 'અખિલ ભારતીય ઉપહાર ગૃહ'.

Title (ટાઇટલ) Name. નામ, ખિતાબ.

Yonder (યૉન્ડર) That. પેલી.

Heavenly Ornament—સ્વર્ગીય વિભૂષણ.

Undertaker (અન્ડર ટેઈકર) One who makes arrangements for a funeral. દાટવા વિગેરેની ક્રિયા માટેની પૈસા લઈને ગોઠવણ કરી આપનારો, દટ્ટણીયો.

United, etc.—શ્રી સંપ છે, શ્રી લાભ છે. ખરૂં જોતાં વિલાયતમાં હોય તે પ્રમાણે આ માત્ર દુકાનોનાં નામ નથી પરંતુ દુકાન સારી રીતે ચાલે તે માટેના આદર્શ અથવા શુભેચ્છાઓ છે. એટલે આ પાઠ લખનારની ગેર સમજ તો નહીં થઇ હોય? હિંદુસ્તાનમાં પણ 'શ્રી લાભ છે' શ્રી કૃપા છે' વિગેરે લખવાનો ચાલ છે

Virtuous—સદ્‌ગુણી, શ્રી સત્ય છે.

Abundant—પુષ્કળ, શ્રી લાભ છે, શ્રી આબાદાની છે.

Carriage (કૅરિજ) Vehicle. ગાડી.

Ride (રાઇડ) કંઇમાં કે ઉપર બેસીને જવું.

Sedan-chair (સેડૅન-ચેઅર) ખુરશીવાળી પાલખી, ડોળી. આવી પાલખી પહેલવહેલાં ફ્રાંસના સેડૅન નામના ગામમાં બનેલી તેથી આ નામ. પડ્યું પરંતુ હવે આવી પાલખી યુરોપમાં વપરાતી નથી. A portable chair-conveyance.

Progress (પ્રોગ્રેસ) Going on. આગળ જવાનું,

Rings (રિન્ગ્ઝ) Resounds. તીના અવાજથી ગાજી રહ્યો હોય છે.

Look...backs—પીઠ સમાલો, પાછળ જુઓ, દૂર ખસો.

Motley (મૉટલી) Variegated, of different persons. જુદાં જુદાં માણસોનું, રંગબેરંગી. પચરંગી. આપેલા, ચિત્રમાં બતાવ્યા મુજબ.

Handsomely—Beautifully. સુંદર રીતે.

Mandarin (મૅન્ડૅરિન) A Chinese official. ચીનો અમલદાર.

Attendants (ઍટેન્ડન્ટસ) Servants. નોકરો.

Clear (કલીઅર) Make people move aside. ચોકખો, ખુલ્લો કરવા ગીરદી હઠાવવા. [અવાજ નહીં.

Respectful silence—અમલદાર સાહેબના માનમાં ચુપ રહો,

Scholars (સ્કૉલર્સ) Learned persons. વિદ્વાન લોકો, સાક્ષરો.

Soberly (સોબરલી) In a grave fashion. ગંભીરતા તથા ડહાપણ દેખાય તેવી રીતે.

Clad (કલૅડ) Clothed. કપડાં, જામા પહેરેલા, જામા વાળા.
Spectacles (સ્પેકટેકલ્સ) Eye-glasses. ચશ્માં. Spects.
Shaven-headed (શેયવન-હેડેડ) With heads shorn of all hair.
બોડકાં માથાંવાળાં, ટાલ, મુંડાવાળાં, ટાલીયા, મુંડીયા.
Priests (પ્રીસ્ટસ) Religious persons. ગોર, પાદરી લોકો, ધર્માચાર્યો.
Gowns (ગાઉન્સ) Robes. ઝભ્ભા, જામા.
Dandies (ડૅન્ડીઝ) Foppish persons. ફીશીયારીખાઉ લોકો, અતિ ફૅશનદાર, છેલબટાઉ. Satin (સૅટિન) સાટીન.
Rags (રૅગ્ઝ) Torn clothes. ચીંથરે હાલ, ફાટેલ તુટેલ કપડાં, ગાભા.
Stalls (સ્ટૉલ્સ) Benches on which things are arranged for sale. દુકાનની આગળ પડતુ પાટીયું,
Booths (બૂથ્સ) Covered temperry shops. થોડા વખત માટે તંબુની જેમ ઉભી કરેલી દુકાન, તંબુ. [વેપારી, ધંધાવારી.
Tradesmen (ટ્રેઇડઝમેન) Small merchants. છુટક વેપારી, ન્હાના
Here—એક જગ્યાએ. There—બીજી જગ્યાએ, અહીં તહીં.
Quack (કવૅક) Pretending. ડોળઘાલુ, ખરૂં જ્ઞાન ન હોય પરંતુ છે એવું બતાવનારો, ઉંટ વૈદ.
Expounding (એકસ પાઉન્ડીંગ) Explaining. સમજાવતો.
Virtues (વચ્યુંઝ) Properties. ગુણ, અસર.
Gaping (ગેઈપીંગ) With mouths open with wonder. અજાયબીથી મોઢાં ખોલીને ઉભેલું, આતુર, ઉત્સુક.
Fortune-tellers (ફૉર્ચ્યુન-ટેલર્સ) Those who point out coming events of our lives. ભવિષ્ય જોનારા, ગ્રહ હાથ કે મસ્તક જોનારા.
Letter-writers—Those who write letters for others. અભણ લોકો પાસેથી પૈસા લઇને કાગળ, અરજી વિગેરે લખી દેનાર, લહીઓ.
Money-changer—પરચુરણ, ખુડદો આપનાર, પારેખ.
Copper—ત્રાંબું. Brass—પિત્તળ.
Cash (કૅશ) સીક્કાનું નામ. Coin (કૉઇન) સીક્કો, નાણું.
Changes hands—એક હાથમાંથી બીજા હાથમાં જવાનો હોય છે, એક માણસે બીજાને આપવાનો હોય છે. [પડે અને ભાર બહુ વધી જાય.
Silver (સિલ્વર) રૂપું. ત્રાંબા કે પિત્તળના સીક્કા વાપરે તો ઘણા ઘણા આપવા

Tael (ટેઇલ) A money value of about 3 s; it is not a coin but a certain quality of silver, weighing 1½ English ounces.એક ચિનાઈ આઉંસ જેટલું રૂપું, અંગ્રેજી દોઢ આઉંસ જેટલી રૂપાની લગડી; ટેઈલ એ સીક્કો નથી.
Undertake (અન્ડર ટેઇક) Begin. માથે લે, શરૂ કરે.
Set out—નીકળે. Start. Unless—શિવાય કે જો, જો નહી તો.
Assures (ઍશ્યુર્સ) ખાત્રી આપે છે.
Drug-shops (ડ્રગ) ઓસડીયાં, દવાની દુકાનો.
Crockery (ક્રૉકરી) Earthenware. મટ્ટીકામ. Paper—પાનાં.
Land of spirits—શરીર રહિત આત્માઓની ભૂમિ, અધ્યાત્મભૂમિ.

14.—LITTLE CLAUS AND BIG CLAUS.—II
(ન્હાનો કલૉસ અને મોટો કલૉસ, ભાગ રજો).

Paid—કીંમત મળી ગઇ છે.
Emptied (એમ્પ્ટિડ) Poured out. ખાલી કર્યાં.
Vexed (વેકસ્ટ)Enraged, annoyed, ચીડવાયલો, મનમાં ખીજાએલો, બળેલો.
Borrow (બૉરો) Take away for a little time. થોડા કામ માટે લઇ આવવું. Bushel measure—બૂશેલનું માપીયું.
What...for—શા માટે તેને તે જોઇતું હશે?
Smeared (સ્મીઅર્ડ) Rubbed· લેપ ચ્હડાવ્યો, ચોપડયું, લગાડયો.
Tar (ટાર) A black substance. ડામર.
Stick (સ્ટિક) Be fixed. ચોંટી રહે.
And...happened—અને બન્યું પણ તેમજ.
Florin (ફ્લોરિન) An English silver coin, valued at 2 s. બે શિલીંગની કીમ્મત જેટલો એક અંગ્રેજી રૂપાનો સિક્કો.
Skin—Which *understood*. ચામડું કે જે.
Ran...house—સીધો પોતાને ઘેર ગયો, પોતાને ગામ પોતાને ઘેર ગયો.
Hatchet (હૅચ્ચેટ) A small axe. કુહાડી.
Flayed off (ફ્લેઈડ) Took off. ઉતારી લીધું.
Skins. etc.—ચામડાં લ્યો ચામડાં, ચામડાં જોઇએ કે?
Tanners (ટૅનર્સ) Those who turn hides or skins into leather.

ચામડું કેળવનાર, ચમાર.

By...bushel—બુશેલ ભરી ભરીને.

Straps (સ્ટ્રેપ્સ) Long pieces of leather. પટ્ટા.

Aprons (એપ્રન્સ) A clothing worn on the front to protect it front dust or injury. વક્ષસ્ત્રાણ, છાતી પર લગાવેલું ચર્મવસ્ત્ર.

Mocking (મૉકિંગ) Imitating in ridicule. ચાળા પાડી, ટોણું મારીને.

Mark (માર્ક) ચિન્હ, સોળ પાડી દેવું.

Black and blue—કાળા અને ભૂરા સોળ પડી જાય ત્યાંસુધી, અર્થાત, ખૂબ.

Out...him—તેને ગામ બહાર કાઢો, કાઢો સાળાને.

Pay...this—આનો બદલો આપવો પડશે, અર્થાત હું તેના પર બરાબર વેર લઇશ. Meanwhile—દરમ્યાન. Grandmother—દાદી.

Cross (ક્રૉસ) Ill-natured. વાંકાપાડી, ખીજાળ, ચીડી.

Corner (કૉર્નર) ખૂણો.

Make...me—મને મૂર્ખ બનાવવો, ઉડાવવો, બનાવવો.

Harnessed (હાર્નેસ્ડ) Yoked. જોડયો,

By sunrise—When the sun rose. સૂર્યોદયનો વખત થતાં, સૂરજ ઉગ્યો તેટલામાં.

Inn (ઈન) A place where travellers put up. ધર્મશાળા, ઉતારૂગૃહ.

Landlord—ધર્મશાળા, હોટેલનો માલીક.

Passionate (પૅશનેઇટ) Irascible, hot-tempered. ક્રોધી, ખીજાળ.

Wagon (ઉવૅગન) Cart. ખટારો, ગાડું.

Take her—તેને આપી આવવો.

Pouring (પોરીંગ) રેડીને, કાઢીને

Upright (અપ્રાઈટ) Straight. સીધેસીધી, ટટ્ટાર.

Bawled (બૉલ્ડ) Spoke very loudly મોટેથી બૂમ પાડી.

Stir (સ્ટર) Move. હાલવું, ચાલ.

He...passionate—He became very angry at once. એકદમ ખીજ ચડી ગઇ, એકદમ ખીજાઈ પડયો, તપી ગયો.

Seated—છુટી ડાલી બેસાડવામાં આવી હતી.

Forehead (ફોરહેડ, ફૉરિડ) કપાળ, લલાટ.

Unfortunate (અનફૉર્ટ્યુનેઇટ)Unlucky આફત, કમનશીબ, દિલગીરીની વાત.

Wringing (રિન્ગિંગ) Rubbing together ઘસતો, ચોળતો.
Comes of—Is the result of. નું પરિણામ છે. થી થયું છે.
Bury (બેરી) Put into the grave. દાટવું, દફન કરવું.
As...own—મારી દાદી હોય તેમજ.
Disagreeable (ડિસૅગ્રીઍબલ) Unpleasant. પ્રતિકૂળ, ન ગમે તેવું.
Staring (સ્ટેઅરીંગ) Looking steadily. એકી નજરે, ટસે જોતો.
Heaven...us—ઇશ્વર મેર કરે, ઇશ્વર આપણું રક્ષણ કરો.
Out...mind—Mad. ઘેલો, ગાંડો.
Seriously (સીરીઅસ્લી) Earnestly. ગંભીરતાથી, ભારે દિલથી.
Whipped up—ચાબુક મારી મારીને દોડાવી દીધા.
Highroad—A broad public road. શાહ, સરિયામ રસ્તો, સડક.
You...trick— તેં મારા સામે બીજું કાવતરૂં રચેલું, તેં મને બીજીવાર ઉડાવ્યો છે, બનાવ્યો છે. Trick—અડપલું, મજાક, કાવતરૂં, આળવીંતરૂં.
Laid hold of—Seized. પકડી ઝાલ્યો. ઉપાડયો.
Pushed—પરાણે જોરથી ધાલ્યો. Drown (ડ્રાઉન) ડૂબાવવું.
Light (લાઈટ) Not heavy, હલકો, બહુ વજન વિનાનો.
Led by the church—દેવળ પાસે થઇને જતો હતો.
Organ (ઑારગન) A large musical instrument.દેવળનું મોટું વાજું.
Playing—વગાડવું, બજાવવું બજવું.
Psalm (સામ) Prayer. પ્રાર્થના સંગીત.
Twsited about—આમતેમ મરડાવા, મચડાવા માંડયો.
Loosen (લૂસન) Make less tight, મોકળી ઢીલી કરવી.
String—દોરી.
Cattle-drover (કેટલ-ડ્રોવર) Herdsman ગોવાળીઓ, ગાય ભેંસ હાંકનાર.
Staff—દંડો, ડાંગ, ડંગોરો.
Stumbled against (સ્ટમ્બલ્ડ) Dashed with the feet. ભટકાણું, ના પગ લથડીયા, અફળાયા.
Sighed—નિસાસો મેલીને કહ્યું.
I...heaven—સ્વર્ગે જવાનો છું, મરવાનો છું.
Creep—પેસી જવું, સરકી જવું. With...heart—ઘણી ખુશીથી.
Sprang—કુદકો મારી બહાર નીકળી આવ્યો.
Half so heavy as—ના કરતાં અરધો અરધ પણ ભારે, વજનદાર.

Wherever—Whence. વળી ક્યાંથી ? Beasts (બીસ્ટસ) પશુઓ.
Cattle—ઢોર, ગાય અને ગોધા અથવા બળદ.
Hurt (હર્ટ) Injure. ઇજા કરવી.
Snow-white—બરફ જેવાં સફેદ, શ્વેત. Wreath (રીધ) Garland. માળા.
Bed (બેડ) તળીયું, સપાટી.
Loveliest (લવલીએસ્ટ) Most beautiful સુંદરમાં સુંદર.
Handsome—દેખાવડા, રૂપાળા.
Grazing (ગ્રેયઝીંગ) Eating grass ચરતાં હતાં.
Lucky (લકી) Fortunate. નશીબદાર.
Give...beating— સારી પેઠે મારીશ, ધબોડીશ.
Fierce (ફીઅર્સ) Cruel. વિકરાળ, ઘાતકી. Hurry (હરી) Haste ઉતાવળ.
See...in—See in what a hurry they are. આવાં વાક્યોમાં
Preposition છેવટે મૂકવું એ વધારે સુંદર લેખાય છે. દાખલા તરીકે,
What's this for ? આનું શું કામ છે, આ શા માટે છે ?
Longing—Desiring eagerly. આતુરતાથી ઇચ્છે છે.
Get beaten—માર ખાઇશ.
Plump—ભક દેઈ અવાજ થયો, ઘુબાક ધમ્મ જેવો અવાજ થયો.
Homeward—ઘર તરફ.

Moral:—Although Little Claus is smaller in body than Big Claus, he is greater in cleverness. Success is thus obtained by stronger intelligence and not by a stronger body. Between body and mind, the latter is superior to the former.

(1) Knowledge is Power. બળે ન થાય તે કળે થાય. (2) The Pen is Mightier than the Sword. બળ કરતાં બુદ્ધિ વધે, માનસિક બળ શારીરિક બળ કરતાં ચડીઆતું છે.

Again we see that what was meant by Big Claus to be injurious to Little one turns out in his favour. His luck and bravery reward him. (1) ભાગ્યવાનને ભૂત રળે.

(2) Fortune favours the Brave. (3) God helps those

who help themselves. (4) A faint heart never won a fair lady. (5) Put your shoulder to the wheel. (6) Luck is stronger than Labour. (7) We are the architects of our own fortune. (8) Slow and Steady wins the Race.

15.—THE THREE CAKES.

(ત્રણ રોટલાની વાત.)

Covetous (કૉવેટસ) Greedy. લોભી, અભિલાષી.

Trunk (ટ્રન્ક) The thick part. થડ. [નજર બહાર રાખતો નહીં.

Which...of—તે તેણે ઘરના ચુલા પાસે રાખ્યું અને તેને કદાપિ પોતાની

Suspect (સસ્પેક્ટ) શંકા લાવવી, સંદેહ રાખવો.

House-hold—Members of the family. ઘર, ઘરનાં માણસો.

Overflowed—Past beyond. ને ફરી વળ્યો, થી આગળ વધ્યો, માઝા મૂકી.

Boundaries—રોજની હદ, સરહદ, માઝા.

Log (લૉગ) Piece of wood. થડ, લાકડાંનો કટકો.

Floated (ફ્લોટેડ) Flowed on water. તરતો તરતો ગયો, તરતો ચાલ્યો.

Hospitable (હૉસ્પિટેબલ) Receiving guests heartily. અચ્છી રીતે મ્હેમાનગીરી કરનારો, મ્હેમાનની સારી બરદાસ કરનારો, ખીજમત ઉઠાવનારો.

Perceived (પરસીવ્ડ) Saw જોયું.

Liberal (લિબરૅલ) Generous. ઉદાર દીલનો. [દાનશીલ, દયાળુ.

Charitable (ચૅરિટેબલ) Inclined to give love or money.

Entertained (એન્ટરટેઇન્ડ) Received. આદર સત્કાર કર્યો.

Pilgrims (પિલગ્રીમ્સ) Travellers going to some holy place. યાત્રાળુઓ, જાત્રાળુ.

Rattling (રૅટલીંગ) રણક, રણરણ, રડરડ અવાજ. ઉચ્ચારની જેવો જેનો અર્થ થતો હોય તે Onomatopoetic Word કહેવાય, દાખલા તરીકે, Pump. Thud, etc.

Split...two—ચીરીને બે ફાડીયાં કર્યાં. Floor (ફ્લોર) ભોંય, જમીન.

Rejoiced (રીજૉઇસ્ડ) Glad. ખુશી ખુશી, આનંદિત.

Discovery (ડિસકવરી) Finding out. શોધ, જડી આવવું.

Bitterly—Very sorrowfully. અતિ દિલગીરીથી, મોઢું કટાણું, કડવું કરીને.
Lamenting (લૅમેન્ટીંગ) Crying for. રૂદન, શોક કરતો.
Search (સર્ચ) શોધ. Quest. Accident (ઍક્સિડેન્ટ) અકસ્માત, અચાનક.
Object—હેતુ, વિષય, પદાર્થ. Title (ટાયટલ) Right. હક.
Addressing (એડ્રેસીંગ) Speaking to. ને ઉદ્દેશીને, ની તરફ.
Flour (ફ્લાવર) Finely ground meal. આટો, લોટ.
Directed (ડાયરેક્ટેડ) Asked to do. સુચવવામાં આવેલું.
Infirm (ઇન્ફર્મ) જેમનાં મન નબળાં પડી ગયાં હોય એવા, શિથિલ, ખળખળી ગયેલ, અશક્ત. Weak-bodied, weak minded.
Preferred (પ્રીફર્ડ) વધારે પસંદ કર્યો. Earth—માટી Will—મરજી.
Distributed (ડિસ્ટ્રીબ્યૂટેડ) Divided. વહેંચી આપ્યા ભાગ પાડી આપ્યા.

Moral:—God makes us rich in order that we may help the poor and infirm. Money is worthless as money; it is valuable only if by means of it we can make ourselves and others happy. And the best happiness is that which comes of the satisfaction felt in helping others.

16.—THE MUNICIPAL COUNCIL.

(શહેર સુધરાઈ સમિતિ, સભા).

Koochperwanipore—કુચપર્વાણિપોર. Sixth form—છઠ્ઠું ધોરણ.
Vakil (વકીલ) Pleader. આ શબ્દ ગૂજરાતી હોવા છતાં અંગ્રેજીમાં વપરાય છે. It is an anglicised word. [સારી રીતે કમાતો.
Made......income—Earned well. સારી આવક જમા કરતો,
Local (લોકલ) Of the place. સ્થાનિક, તેજ ગામની.
Bar (બાર) Properly, the railings which divide the seats of pleaders, etc. from the raised seat of the judge; court. કોરટ, ન્યાય કચેરી.
Quite—Fully. જેટલુંજ, થી ઓછું નહીં. [તેની રૂએ.
Naturally (નૅટચુરૅલી) સ્વાભાવિક રીતે, જીજ્ઞાસા તે બાલસ્વભાવ છે.
Them—The crowd of people. Elbows (એલ્બોઝ) કોણી.

Between...crowd—લોકોના પગ વચ્ચેથી તથા કોણીની નીચેથી રસ્તો કરીને ટોળાના મધ્ય ભાગમાં જઈ પહોંચ્યા.

Chairman (ચેઅરમૅન) President. સરનશીન, અધ્યક્ષ. પ્રમુખ.

Municipal (મ્યુનિસિપલ) શહેર સુધરાઈની. [કમિટિ.

Council (કાઉન્સિલ) Assembly, corporation. મંડળ, સભા, સમિતિ,

Assistant Commissioner (ઍસિસ્ટૅન્ટ કમિશનર) મદદનીશ કારભારી.

Prize-giving—ઇનામનો મેળાવડો. [પરનો સ્વેશ.

Veranda (વેરૅન્ડૅ) An open portico. ઓટલો અને તેની પરના થાંભલા

Projected (પ્રોજેક્ટેડ) Stretched out. બહાર પડતો, નીકળતો.

Undoubted (અનડાઉટેડ) Certain, clear, ચોક્કસ, ચોકખી રીતે.

Encroachment (એનક્રોચમેન્ટ) Trespass, occupying more than rightful. આક્રમણ, હક્ક કરતાં વધારે દબાવવું તે, પગપેસારો.

Move—ફેરવી નાંખવો. Notices—ચેતવણી.

Come down—પડાવી નાંખવો, પડાવો. Agreed—સંમત થયો, હા કહી.

Coolies—મજૂરો. [ચાંચીયો સંબળ.

Crowbars (ક્રોબાર્સ) Iron bars with beaks. સંબળ, પરાઈ, કોશ,

Joints (જૉઇન્ટસ) The places where one brick was joined on to another. સાંધા, તરડાટી. Brick-work—ઇંટનું ચણતર.

Levers (લીવર્સ) Bars for raising weights. કોશ, સાગટી, સોટા, ઉચ્ચાલન. Thrust out—બહાર ખેંચી કાઢી.

Constables (કૉન્સ્ટૅબલ્સ) Policemen. પોલીસ.

Crash (ક્રૅશ) Crushing sound. કડડ ભૂસ, કડેડાટ. This is also an onomatopoetic word.

Inspection (ઇન્સ્પેક્શન) નિરીક્ષણ, તપાસ. [ખાણું.

Break-fast (બ્રેકફાસ્ટ) સ્હવારનું ખાણું, રાત્રિનો ઉપવાસ (fast) તોડનારૂં

Sowcar (સાઉકાર) Shethia, a man who lends money on interest.

Pull...down—તે પાડી નાખવા. [જે ગઇ સાલ બંધાવેલો તે (પાડી નાંખ્યોછે).

They...year—તેનું આખું ઘર પાડી નાંખ્યું નથી, માત્ર એક ન્હાનો ઓટલો

Put up—Built, erected. ઉભો કરવામાં આવેલો.

Wedding (ૉવેડીંગ) Marriage. લગ્ન, વિવાહ. [in being built.

It...build—તેને બંધાવવામાં પૈસા બેઠા હતા. To build—

It—તે ઓટલો. Right—વ્યાજબી, ખરૂં.

To encroach...to be—જ્યાં હોવાનો તમને કંઇ હક્ક નથી ત્યાં હોવું તેનું નામ પેશકદમી, પગ પેસારો કરવો.

Objected (ઑબ્જેક્ટેડ) Argued against. વાંધો દર્શાવ્યો.

Drain (ડ્રેઇન) Water channel. પાણીને નીકળવાનો રસ્તો.

Getting out of the way—પડખે થઇ જવું, ગાડીના રસ્તામાંથી ખસી જવું.

Direct (ડાયરેક્ટ) Instruct. સૂચના કરે.

So I suppose, etc.—તું કહે છે કે અધ્યક્ષ ન જોઇએ, અધ્યક્ષ ન હોય તો સુધરાઈ ખાતું પણ ન હોય એટલે તું એમ ઇચ્છે છે કે આખી સુધરાઇ કમિટિજ ન જોઇએ ?

Govern—નો વહીવટ ચલાવવો. Welfare—Good. ભલું.

Inhabitants (ઇન્હૅબિટૅન્ટસ) રહીશો. Residents, dwellers.

Elected (ઇલેક્ટેડ) Chosen. ચુંટવા. પસંદ કરવા.

Oftener (ઑાફનર) વધારે વાર. [સાહિત્ય સભા.

Literary (લિટરરી) સાહિત્યના વિષયો પર વ્યાખ્યાન ચલાવતી.

Decisions (ડીસિસ્ઝન્સ) ઠરાવો, નિર્ણયો.

Municipal (મ્યુનિસિપૅલ) મ્યુનિસિપાલિટિનાં, ને લગતાં.

Taxes (ટૅકસીઝ) કર. [સેંકડે અમુક ટકા.

In proportion to (પ્રોપોર્શન) According to. ના પ્રમાણમાં,

Salaries (સૅલીરીઝ) પગાર. Gently (જેન્ટલી) ધીમે, વિચાર કરી જો.

Thick with—Full of. થી ભરેલા.

Smoothly (સ્મૂધ્લી) Without jolts. સડસડાટ,આંચકો ખાધા વગર.

Springs—ગાડીની કમાનો, જેના પર તેનો આખો ભાર રહેલો હોય છે.

Riding...bicycle—બાઇસીકલ ઉપર બેસીને નિશાળે આવતા હતા.

Ran—દોડાવ્યું, છૂટું મુકાઇ ગયું. Lit (લિટ) Lighted. સળગાવેલા.

When...moon—જ્યારે અજવાળીયાં ન હોય ત્યારે.

Maintains (મેઇનટેઇન્સ) Supports. નો ખર્ચ ઉઠાવે છે, ચલાવે છે.

Hospital (હૉસ્પિટૅલ) Dispensary where indoor patients are also treated. દવાખાનું, જ્યાં દવા અપાય અને ગંભીર માંદગીવાળા દરદીઓને સારવાર માટે રાખવામાં આવે છે.

16.—ALICE IN WONDERLAND—1.

(અલકાનો અદ્‌ભુત પ્રવાસ).

Alice (ઍલિસ) એક અંગ્રેજી છોકરીનું નામ.

Wonderland—Fairy land. અદ્‌ભુત પ્રદેશ, સ્વપ્ન ભૂમિ જેની અંદર આ દુનિયામાં ન બને એવી વાતો થાય. Introductory—ઉપોદ્‌ઘાત રૂપે.

Extract (એક્સટ્રેક્ટ) Passage. ઉતારો, ચુંટી કાઢેલું પ્રકરણ.

Alice in Wonderland—આ અંગ્રેજી પુસ્તકનું ગૂજરાતી ભાષાંતર વડોદરા રાજ્ય તરફથી પ્રગટ થતી શ્રી સયાજી સાહિત્યમાળામાં થયું છે અને તે ભાષાંતરવાળા પુસ્તકનું નામ 'અલકાનો અદ્‌ભુત પ્રવાસ' એવું રાખવામાં આવ્યું છે.

Fairy (ફેયરી) ન્હાની ન્હાની અપ્સરાઓને લગતી, અદ્‌ભુત, અલૌકિક.

Caterpillar (કૅટરપિલર) A grub that feeds upon the leaves of plants. કીડો.

Mushroom (મશ્રુમ) કુતરાનો, બિલાડીનો ટોપ, કુતરાનો કાન. Fungus.

Hookah (હૂકા) A long pipe for smoking. હોકો, હુકો.

Languid (લૅન્ગ્વિડ) Weary. થાકેલ, ધીમે ધીમે અફીણીયાની માફક.

Sleepy—જાણે ઉંઘમાંથી ઉઠયો હોય તેવે અવાજે, રગસ, રગસ.

Encouraging (એન્કરેજીંગ) ઉત્તેજક, આગળ બોલવાનું મન કરે તેવી.

Opening—Beginning. શરૂઆત, ઉદ્‌ઘાટન, ઉપોદ્‌ઘાત.

Shyly (શાઈલી) With hesitation; feeling shame. શરમાતી રીતે.

Sternly (સ્ટર્નલી) Severely. કઠોરતાથી, કડકીને.

Explain yourself—તું શું કહેવા માગે છે તે સમજાવ, ઘડી ઘડીમાં તારૂં રૂપ ફરી જાય એવું તે કંઇ બને !

I...myself—હું જેવી હતી તેવી નથી રહી, સમજ્યા.

I... see—ના હું સમજી શકતો નથી.

Put...clearly—Explain what I say more clearly. વધારે ચોખવટથી, સ્પષ્ટતાથી સમજાવી શકું.

Politely (પોલાઈટલી) વિવેકથી, નરમાશથી. To begin with—પહેલાં તો.

Being...confusing—એક દિવસમાં જૂદાં જૂદાં રૂપ ધરવાં એ બહુ મુંઝવી મારે છે. Confusing (કૅનફ્યુઝીંગ)

It isn't—It is not. મુંઝવી મારે એવું નથી.

Chrysalis (ક્રીસૅલિસ) The grub stage of butterflies, moths, flies, etc., often gold-coloured. [Gr. *chrusos*, gold]. કીડાની કોશસ્થિતિ; કોશવાસી કીડો, કોસેટો.

Butterfly—પતંગીયું, પોપટી. Queer (ક્વીર) Strange. વિચિત્ર.

Not a bit—Not at all. જરાએ નહીં.

Contemptuously (કૉન્ટેમ્પ્ટયુઅસ્લી) With scorn. તિરસ્કારની છટાથી.

Which...conversation—જે સવાલે તું-કોણ છે, તેણે તેમને પાછાં વાતની શરૂઆતે આણી મૂકયાં. કારણ કે વાતની શરૂઆતમાંજ કીડાએ ઍલિસને પૂછેલું કે તું કોણ છે ?

Irritated (ઇરિટેયટેડ) Angry. ચીડવાઇ, ખીજાઈ.

Drew...up—ટટ્ટાર થઇ. Gravely (ગ્રેઇવ્લી) ગંભીરતાથી.

Puzzling (પઝલીંગ) Confounding; difficult. મુંઝવે એવો મુશ્કેલ.

Reason—કારણ. કીડીએ 'શા માટે' પૂછેલું તેના જવાબમાં કારણ દર્શાવી શકી નહીં.

This—promising—પાછી બોલાવી તેમાં સારો, ઉત્તેજક ધ્વનિ રહેલો હતો, આશા આપનારૂં લાગ્યું. Promising—Giving hope for good. શુભસૂચક, શંસક, આશા આપનારૂં,

Keep...temper–મિજાજ હાથ રાખજે, ખાઇ જઈશ માં. Be always calm.

Swallowing down (સ્વૅલોઇંગ) Suppressing. માંડ માંડ દબાવી દઈને, કેમે કરીને ગળી ગઈ, ગમ ખાઇ જઈને. એટલુંજ કહેવા મને ઠેઠ અહીં સુધી પાછી બોલાવી? આ વિચારથી ઍલિસને ગુસ્સો ચડેલો તે ગળી જઇને. [લેવા લાગ્યો.—હોકાની, હોકો પીવા મંડી ગયો.

Puffed away (પફ્ડ) Continued to smoke vigorously. જોસબંધ ફુંક

Unfolded—બીડેલા હાથ છૂટા પાડયા. What things—કઈ બાબત?

How......bee—કાં ન્હેનકડી મહેનતુ મધમાખી, કેમ છે ?

But—different—હું કહેવા ગઇ હતી તે પરંતુ મોઢામાં આવી ગયું જુદું.

Melancholy (મેલૅન્કોલી) Sorrowful. ગમગીની ભરેલે.

Incessantly (ઇન્સેસૅન્ટલી) Constantly. સતત, વિશ્રાંતિ વગર.

Brain—મગજ. ઉંધે માથે રહેવાથી મગજ પર લોહી ચડી જાય.

None—No brain. હવે મને મગજજ રહ્યું નથી એટલે પછી તેને ઇજા

થાની પ્હોંચે ? Why...again—અને તેથી હું વારંવાર તેમ કરૂં છું, શું ?
Mentioned (મેન્શન્ડ) Said. કહ્યું.
Uncommonly (અન્કૉમન્લી) Very much. અસાધારણ રીતે, અતિશય.
Back-somersault (સોમરસૉલ્ટ) A leap in which one turns heels over head and comes down again on the feet. પાછું હલગુલાંટીયું. Sage—સાધુપુરુષ, વયોવૃદ્ધ, ડાહ્યો ડમક.
Supple (સપલ) Agile. ચપળ, વળે એવા. Ointment—લેપ, માલેશ.
One...box—એક પેટીનો એક શિલીંગ, એ ભાવે, એક શિલીંગની એક પેટી.
Allow...couple—બે પેટી મારી પાસેથી વેચાતી લઇશ ? ડાહ્યો ખરેખર ડાહ્યો છે ! Jaws—જડબાં.
Tougher (ટફર) Harder વધારે કડક, કઠણ.
Suet (સ્યૂએટ) 'કેડની પાસેની એકદમ ઓગળે નહીં તેવી ચરબી, મેદ'.
You...beak—છતાં તમે તો આખું બતક હાડકાં અને ચાંચ સહિત (ખાવામાં) ખલાસ કરી ગયા હતા.
How...it—એ તમે કેમ કરી શકયા ? એ વ્યવસ્થા થઈ શકી ?
Manage (મૅનેઇજ) વ્યવસ્થા, ગોઠવણ કરવી.
I...law—હું કાયદાને ધંધે વળગેલો. Argued—વિષે દલીલ દાખલા દેતો.
Muscular (મસ્કયુલર) Of the muscles. સ્નાયુઓનું.
Has...life—મારી બાકીની જીંદગી સુધી ટકી રહ્યું છે.
Steady—ઠરેલી, નિશ્ચલ, જોવામાં તીક્ષ્ણ.
Balanced (બૅલૅન્સ્ડ) Supported equally. તોળી રાખ્યું હતું, અધર રાખેલું.
Eel (ઇલ) A long, snake-like fish with slimy skin. સાપ જેવી એક જાતની લાંબી માછલી. End—ટેરવું.
Awfully (ઑફુલી) Terribly, very much. ચકિત કરે તેટલા, અતિશય.
Give...airs—મોટાઇનો ડોળ કર મા, ડાલો ડાઠ લેવા જા માં. Airs—showy appearance. ડોળ, ઠાઠ, લટકા.
Stuff (સ્ટફ) Foolish matters. મૂર્ખાઈની વાતો, બાબત.
Kick...stairs—લાત મારીને સીડીની નીચે ગબડાવી દઇશ.
Timidly (ટિમિડલી) With some fear. બ્હીતે બ્હીતે.
Altered (ઑલ્ટર્ડ) Changed. બદલાઈ ગયા છે.
Decidedly (ડીસાઇડેડલી) નિશ્ચયપૂર્વક, ભાર દઈને, જાણે પોતે બધું જાણતો

હોય તેમ. Particular (પાર્ટિક્યુલૅર) Choosing only one and never the other. ચિકણી, ખાસ અમુકજ પસંદ કરનારી.

Contradicted (કૉન્ટ્રૅડિક્ટેડ) Gainsaid, told quite the opposite. તર્કન વિરૂદ્ધ કહેવાયલું, વિરોધ દર્શાવેલો.

Losing...temper—મિજાજ હાથથી જતો હતો, ખોઇ બેસતી હતી.

If...mind—તમને કંઈ હરકત ન હોય તો.

Wretched (રેચેડ) Miserable. દુઃખ, દીનતા ઉપજાવે એવી.

Rearing (રીઅરીંગ) Rising on hind parts. પાછલા પગ પર ઉભો થઇને. [આકરી લાગે છે.

I...used to it—મને તેની ટેવ નથી. ત્રણ ઇંચની ઉંચાઇ મને

Offended—ગુસ્સે થઇ જાય, ખોટું લગાડે. Yawned—બગાસું ખાધું.

Shook itself—શરીર થથરાવ્યું, આળસ મરડયું.

Just...aloud—એલીસે તો મન સાથેજ સવાલ કરેલો પરંતુ જાણે કીડો તે સાંભળી ગયો હોય તેમ. એ તો અદ્‌ભુત દુનીયાં હતી ને!

18.—THE BURIAL OF SIR JOHN MOORE.

(સર જ્હૉન મૂની દફનક્રિયા).

Clergyman—પાદરી. Pathetic (પૅથેટિક) લાગણીભરી.

Ally—સાથી. Embarked—વહાણ ઉપર ચડયા.

Vividness—આબેહુબતા, ઉજ્જવલતા. Sir Join Moore—છેવટ જૂઓ.

Drum—લશ્કરી રામઢોલ. જ્યારે કોઇ મોટો સેનાધિપતિ મરી જાય છે ત્યારે તેને લશ્કરી બૅન્ડના ઠાઠમાઠથી દાટવા લઈ જાય છે. When a general or some big military officer dies, his funeral procession is attended by a military band.

Funeral (ફ્યુનરૅલ) Relating to a burial. દફનક્રિયા વખતે વાગતું.

Note (નોટ) Sound of trumpets, etc. લશ્કરી તુરી, વાજાં વિગેરેનો ધ્વનિ. Corse (કૉર્સ) Corpse. શબ, મુડદું.

As—જે વખતે, જેવામાં.

Rampart (રૅમ્પાર્ટ) Wall of a fort. કિલ્લાની દિવાલ, કોટ, કિનાર.

Hurried (હરિડ) Carried hastily. ઉતાવળે ઉપાડી જતા હતા.

Discharged (ડિસ્ચાર્જડ) Fired, let off. ફોડી, છોડી. [છેલ્લી સલામીની.

Farewell (ફેઅર વેલ) As last salute to the dead hero.
Shot (શૉટ) Ball of the rifle. બંદૂકની ગોળી, બંદૂક.
Hero (હીરો) Great man. વીર પુરૂષ, વિભૂતિ.
Note:—Nothing of this was done because there was no time to spare. અંગ્રેજ સિપાઇઓને ફ્રેંચ લશ્કરના સપાટામાંથી બચી જવા માટે જલ્દીથી ઈંગ્લાંડ તરફ જવાનું હતું તેથી સંપૂર્ણ વિધિ કરવાનો જરાએ વખત ન્હોતો. અંગ્રેજ લશ્કરે કોરૂન્ના આગળ જીત મેળવેલી છતાં ભવિષ્ય વિષે તેમને ભારે ચિંતા હતી. જૂઓ, We bitterly thought of the morrow. (St. 4).
Buried (બેરીડ) દાટયો. [it seems to be *dead*. બરાબર મધ્ય રાત્રિએ.
Dead of night—Midnight, when everything is so clean that
Darkly—Without sufficient light. અંધારામાં, પૂરતા અજવાળા વિના.
(2) Gloomily—ગમગીની સાથે.
Sods (સૉડઝ) Pieces of earth; turfs. ઢેખાં, ખોડાં
Bayonets (બૅયોનેટસ) The short piece at the top of a rifle. સંગીન. [From *Bayonne*, a French town where they were first made].
Turning (ટર્નિંગ) Drawing out.બહાર કાઢતા, ઉથલાવતા, કબરનો ખાડો ખોદવા માટે. This is a present participle going with *we* in the first line. ઘોર ખોદવા માટે કોશ કોદાળી કે પાવડો ન્હોતાં એટલે અમારે તે માટે સંગીનનો ઉપયોગ કરવો પડયો હતો. લશ્કરી અમલદારને ઠેઠ અંત સુધી લશ્કરી હથીયાર કામમાં આવ્યાં. જેમ પ્રભુનો ભક્ત તુળશી, માળા ચંદન વિગેરેનો ઠેઠ સુધી પ્રભુ કૃપાથી સાથી બને છે, તેમ આ વીર જાણે કે વીરનાં આભુષણોથીજ પોતાની ઘોર ખોદાવતો હોયની! એક તરફ આ ભાવના અને બીજી તરફ સિપાઇઓની લાચારી તથા સમય સૂચકતાનું આપણને આ કડીમાં ભાન થાય છે.
Struggling (સ્ટ્રગ્લીંગ) That which was trying to force its way out through the clouds and mist. ચળવળ કરતું, વાદળાં-માંથી ભેદવા યત્ન કરતું. Moonbeam—ચંદ્રનું કિરણ.
Misty—Darkened with mist ઝાંખું ધુમસને લીધે ઢંકાએલું.
Dimly (ડિમ્લી) ઝાંખું ઝાંખું.

Useless—નક્કામો માણસ મરી જાય પછી તેને પેટીમાં મેલો કે ન મેલો તે સરખું છે. પેટીથી કંઇ ખાસ કામ સરતું નથી માટે તેને નકકામી કહી છે. પરંતુ યુરોપીય રિવાજ એવો છે કે શબને પેટીમાં મેલવું જોઇએ. અહીં પેટી પ્રાપ્ત કરવાનો વખત ન્હોતો તેનાથી નાશીપાસ ન થતાં સિપાઇઓ માને છે કે ખરા વીરને એવી ઉપાધિઓની જરૂર નથી.

Sheet and shroud are garments for the dead. શબને વીંટવાનાં અને ઓઢાડવાનાં વસ્ત્રો, કફન.

Coffin (કૉફિન) Chest for the dead. શબ મેલવાની પેટી.

Enclosed (એન્કલોઝડ) Covered. ઢાંકી દીધેલી, બંધ કરેલી.

Breast (બ્રેસ્ટ) છાતી, આખું શરીર. This is a figure of speech, called Synecdoche (લક્ષણા) in which, *part* is used for the *whole*. *Breast* is a part of the body but it stands here for the whole body.

Wound (વાઉન્ડ) Past tense of *wind* (વાઈન્ડ) વીંટાળ્યો, લપેટયો. Wrapped. Martial (માર્શલ) Military. લશ્કરી.

Steadfastly (સ્ટેડફાસ્ટલી) Intently. એકીટસે, નિશ્ચલતાથી.

Gazed (ગેઈઝડ) Looked on. જોયા કર્યું. મન મરનારના શોકમાં ગરકાવ થઇ ગયું હતું અને તેથી નજર પણ નિશ્ચલ બની ગઈ હતી. અમારો શોક ઉંડો અને ગંભીર હોવાથી અમે કંઇ મોટેથી રૂદન કરી શકયા નહીં, માત્ર જોયા કર્યું અને કોઈ વાર અમારાં નિશ્ચલ નેત્રમાંથી અજાણ્યે આંસુ ખર્યાં હશે.

Bitterly (બિટર્લી) Very sadly. પારાવાર દિલગીરી સાથે.

Morrow—Next day, future. વખતો દિવસ, ભવિષ્ય.

Hollowed (હૉલોડ) Dug out. પહોળી કરતાં, ખોદતાં.

Narrow bed—સાંકડી પથારી, કબર ઘોર, માણસ જીવતું હોય ત્યારે પહોળી પથારીની લાલસા તેને રહે છે પણ મરી ગયા પછી શું?

Smoothed down—કાંકરી વિગેરે ખસેડીને અને ધૂળ પાથરીને સુંવાળી કરી. મરનારને કંઈ નહીં પરંતુ તેના સ્નેહીના મનમાં થાય કે રખેને ખૂંચશે!

Lonely Pillow—એકાંત ઓશીકું, એકલ પથારી. ઘોરમાં આપણો કોણ સાથી હોય? માતા પિતા અને ગુરૂ જેવી સ્વભાવતઃ સ્નેહાળ વ્યક્તિઓ પણ ચિતામાં આપણી સાથે નથી ચડતાં. જે સરદાર અસંખ્ય સૈનિકોની સાથે રહેતો હતો તેને આજે-એકલ ચલોરે-નો સમય આવી પહોંચ્યો!

Foe—દુશ્મન દ્વેષને લીધે તેની કબર કચરે અને Stranger અજાણ્યો માણસ અહીં સર મૂર દાટયો છે એમ નહીં જાણતો હોવાથી કચરે. કબર કચરવી એ મરનારનું હડહડતું અપમાન ગણાય છે.

Billow—Wave. મોજું, સમુદ્ર. અહીં પણ સમુદ્રનો એક ભાગ આખા સમુદ્રને માટે વપરાયો છે તેથી લક્ષણા અલંકાર થાય છે. તેવીજ રીતે Pillow (-bed)નું સમજવું.

Lightly (લાઈટલી) In an unworthy manner, disparagingly. ગમે તેમ, ઉતારી પાડવાની રીતિએ અયોગ્ય રીતે, ગંભીરતા વિના.

Spirit...gone—Sir John Moore who is dead.

Over...ashes—તેની ઠંડી ખાખ ઉપર રહીને, તેના મરણ પછી પણ. The Romans used to burn their dead as we Hindus do and so the word *ashes* has come down in English to mean the remains of the dead, the corpse and *not* the ashes. તેના શબ આગળ, તેની કબર પાસે ઉભા રહીને.

Upbraid (અપબ્રેઇડ) Chide him with doing something wrong; censure. મેણાં ટાણાં મારશે, નિંદા કરશે. મરનારની નિંદા કરશે. મરનારની નિંદા કરવી એ ઘણુંજ અસભ્યતા ભરેલું ગણાય છે, નિંદા ખરી હોય તોપણ. પરંતુ દુશ્મન પાસે સભ્યતાની આશા શી ? આ કડી બતાવે છે કે સાધારણ રીતે અંગ્રેજો નેપોલીઅનને હાનો દુશ્મન ન ગણતા. તેના સિપાઇઓ ખરેખર એવા અસભ્ય હતા ?

Reck (રેક) Care for that. દરકાર કરવી.

If...on—Without disturbing his grave. તેને નિરાંતે સૂવા દે, તેની કબરને અપમાન ન પ્હોંચાડે તો.

Briton (બ્રિટન) British soldiers. અંગ્રેજ સિપાઇઓ.

Laid—Buried. મૂકેલો, દાટેલો.

When...retiring—અમારે ચાલ્યા જવાનો વખત ઘડીયાલના ટકોરાથી દર્શાવાયો, જેટલે વાગે અમારે ચાલ્યા જવાનું હતું તેટલા ઘડીયાલમાં વાગ્યા.

Rendom (રૅન્ડમ) Aimless, haphazard. કંઇ નિર્દેશ વગરની, છૂટક છૂટક, નિશાન રહિત. [કહેવાય છે.

Gun—તોપ. બંદૂકનું અંગ્રેજી Rifle. પરંતુ શિકારીની બંદૂકને Gun

Sullenly (સલન્લી) Peevishly. ચીડાઇને, હાર્યાં હતા એટલે બીજું કંઇ

હવે થાય એમ ન્હોતું તેથી પોતાની બહાદૂરી દાખવવા તોપ ફોડતા હતા કે મીયાંભાઇ પડયા તોપણ ટંગડી ઉંચી.

Slowly—Out of respect and affection. માન અને સ્નેહની લાગણીને લીધે, ધીમે ધીમે, રખેને તેના શરીરને ઇજા થાય !

From...gory—જે સમરાંગણમાં તેણે દુશ્મનોને હરાવી કીર્તિ પ્રાપ્ત કરી હતી ત્યાંથી તાજોજ (તુર્તજ) અને લોહીથી ખરડાએલો, અહીં લાવીને. અમારો સરદાર મર્યો તો કે જીત મેળવતાં અને દાટયો તો કે પોતાના વિજયનાં ચિન્હ (લોહી) સાથેજ. માતૃભૂમિ કાજ માથું સમરપીયું અમારા વીર સરદારે.

Gory (ગોરી) Besmeared with blood. *Fresh* and *gory* are adjectives going with *him* in the first line. It is also possible to take them with *we* or with *fame*. But the first sense is better and seems to be the meaning.

Carved...line—તેની કબર ઉપર એક લીટી પણ કોતરી નહીં. સાધારણ રીતે મરનારની કબર ઉપર તેનું નામ, જન્મતિથિ, મરણતિથિ અને તેની કારકીર્દીનું ટુંક વર્ણન કોતરવામાં આવે છે, પરંતુ આ વખતે તેમ કરવા સમય કે સાધન ન્હોતાં. તેથી આવો વીર સરદાર પણ કંઇ સ્મરણલેખ વગર ગયો.

Stone—Monument, સ્મરણસ્તંભ. ખાવલું, એ બધું નકામું છે એટલે અહીં તેને Stone કહ્યો છે. અમારા સરદારની કીર્તિને ન્હોતી જરૂર સ્મરણ લેખની કે સ્મરણસ્તંભની. તેની કીર્તિ આપોઆપ અવિચલ રહે એવી હતી.

Sir John Moore (1761–1809). A British general who served in Holland, Egypt, and in the Peninsula. In the Peninsular War he found himself hedged in between two great French armies, led by Napoleon and Soult, whereupon he retreated successfully up to Corunna. But there he was overtaken by Soult before the British troops could embark and a desperate battle ensued in which Sir John won but was himself slain.

PARAPHRASE.

There was no procession and no military bound when we carried the corpse of Sir John Moore for burial; we had to hurry up and be silent, so that not one of us could fire even a single shot to pay our last respects to our great general.

It was midnight and for digging the grave we had to make use of our bayonets; in such a task the only light we had was that of the cloud-covered moon and of a dim lantern which we had brought with us.

His body was neither laid in a chest nor covered with a shroud for, after all, what purpose could they serve to a man who seemed in his death like a living warrior, only gone to sleep, and whose cloak as of a general seemed like the best shroud possible !

There was not sufficient time even for regular prayers and lament we could not. Our sorrow was however deep and sincere both for our general and for what might happen the next day. So we held our breath and continued to look on the face of the hero.

As we dug the grave and smoothed it out where Sir John was, alas ! to sleep alone, the painful thought occured to us that an enemy or a stranger might insult that grave and we ourselves be quite unable to defend it by reason of our starting away for England.

They will perhaps censure the hero even after his death but it will not matter for the words will not be heard by him. We only wished that they might not tread over or upturn the grave and thus insult both the dead hero and the British army.

When it was time for us to leave for England we had yet to perform nearly half of the sad duty which had fallen to our lot. On the other side, the enemy was perhaps drawing nearer as the guns fired by him showed, although it was done in the distance aimless by and out of a bitter sense of defeat.

At length we lowered his body slowly and full sadly. Even the marks of that bloody battle were still upon him, the battle-field so near and the famous victory so recently achieved. Thus he died and was buried without either any inscription or monument. But what then? His own glory was more than (many monuments put together) his monument.

Moral:—The greatest die as well as the smallest. 'The paths of glory lead but to the grave' and when and where we do not know.

2 Inscriptions and monuments, coffins and bands do not make up a person's greatness but his glory is his real greatness.

19.--ALICE IN WONDERLAND.—II.

(અલકાનો અદ્ભુત પ્રવાસ, ભાગ ૨જો.)

Make out—Understand. સહમજવું, શોધી કાઢવું.
Stretched (સ્ટ્રેચ્ડ) *Held out.* લંબાવ્યા.
Which is which— કઇ એક બાજુ અને કઇ બીજી ?
Nibbled (નિબલ્ડ) Cut with the teeth. કરડી કાઢી.
Try the effect—તેની અસર શું થાય છે એ જોવા.
Violent (વાયોલેન્ટ) Severe. જોસબંધ.
Chin (ચિન) હડપચી, દાઢી.
No time...lost—વખત ગુમાવવાનો ન્હોતો; વિલંબ કરવાપણું ન્હોતું.

Shrinking (શ્રિન્કિંગ) Getting smaller. ન્હાની થઇ જતી હતી, પેસતી, બેસતી જતી હતી.

Her...foot—પહેલો કટકો કરડવાથી એની હડપચી પગ સાથે એટલા બધા જોરથી દબાઇ ગઇ હતી. Closely (કલોઝલી) Very near. બહુજ પાસે. આખું ધડ બેસી જઈને દાઢી પગ સાથે મળી ગઇ મતી ! મોઢું અંદર પેસી ગયું હતું એટલે ઉઘડવાનો માર્ગ ન્હોતો.

Morsel (મૉર્સેલ) Mouthful. કોળીયો.

Come...at last—ચાલો સારૂં થયું, મારૂં માથું તો છેવટ મોકળું થયું છે.

Delight—આનંદ, ઉમળકો. [Alarm—Sudden fear.

Which...alarm—પરંતુ આનંદનો તે અવાજ બીજેજ ક્ષણે ભયભીત થઈ ગયો.

Immense (ઇમ્મેન્સ) Great. અમાપ, અતિ મોટી.

Stalk (સ્ટૉક) Staff of a plant. દાંડો.

Sea (સી) A great quantity. સમુદ્ર, પથરાએલો મોટો જથ્થો.

Stuff—આ લાંબી લાંબી વસ્તુ, આ લપસીંદર.

Got to—Reached. જઇ પ્હોંચ્યા.છે.

She...leaves—હાથ હલાવવા માટે ક્રિયા કરવી પડે તેવો ચળવળાટ કર્યો પરંતુ હવે હાથ તો ન્હોતા અને તેને બદલે પેલું લંબૂસ હાલ્યું હશે તેનાથી નીચેનાં પાંદડાંમાં કંઇક સળવળાટ થયો, બાકી હાથ બાથ કંઈ હાલ્યા નહીં. હોય તો હાલે ને ? નાસ્તિ મૂલમ્ કુતઃ શાખા ?

Shaking (શેઈકીંગ) ધ્રુજારી, ચલન વલન, સળવળાટ.

Direction (ડાયરેકશન) Way. દિશા, માર્ગ. Serpent—સાપ, સરપ.

Curving (કર્વિંગ) Bending વાંકી વાળવી.

Graceful (ગ્રેઈસ ફુલ) Beatiful સુંદર, છટાદાર.

Zigzag (ઝિગઝૅગ) Bent, turn. વળાંક, ગુંચળું.

Dive (ડાઈવ) Enter deeply. ડૂબકી મારવી, અંદર સોસરવું પેસી જવું.

Sharp—સીધો, સખત, તીણો.

Hiss—સુસવાટો, સુસુ......કરતો અવાજ' Hurry—ઉતાવળ, ઝડપ.

Pigeon (પિજન) A bird of the dove kind. એક જાતનું ખબૂતર, કબૂતર.

Flown (ફ્લોઉન) Past Participle of *Fly*. ઉડેલું.

Screamed (સ્ક્રીમ્ડ) Cried. તીણી ચીસ પાડી.

Indignantly (ઇન્ડીગ્નૅન્ટલી) Angrily. ક્રોધે ભરાઇને.

Let me alone—મારે આડે આવ માં, મને જવા દે.

Repeated—ફરી કહ્યું. Subdued (સબ્ડ્યુડ) Low. ધીમે, દબાએલ.

Sob (સૉબ) ડસકું. Suit (સ્યૂટ) Be agreeable to. ને અનુકૂળ, માફકજ આવવું. હું ગમે ત્યાં જાઉં પણ સાપોને તે પોસાતું નથી. જ્યાં ત્યાં મારી આગળને આગળ.

Tried—માં રહેવાની કોશીશ કરી જોઈ છે.

Attending to her—Minding her words.તેના શબ્દો પર ધ્યાન દેવું.

There...them—કેમે કર્યાં તેને રાજી રાખતા નથી, કોઇ પણ ઉપાયથી તેઓ મને પજવવાનું છોડી દેતા નથી.

Hatching (હૅચીંગ) Sitting upon and watching. સેવવાં.

As...day—જાણે ઈંડાં સેવવાનું કામ પૂરતી રીતે માથાકુટીયું ન હોય તે મારે રાત અને દિવસ સાપની દેખરેખ રાખ્યાજ કરવી.

On the look-out—Watching. નજર, દેખરેખ રાખવી.

Wink (વીન્ક) Twinkle. મટકું, પલકારો.

I...weeks—ગયાં ત્રણ અઠવાડીઆથી મેં એક મટકું પણ માર્યું નથી.

Annoyed—Troubled. મુંઝવણ પડી છે, ખલેલ પુગી છે.

Meaning—એલીસને હવે ભાન થયું કે મારી લાંબી લસરક ડોકથી કતબૂતરને એમ લાગે છે, કે હું સાપછું અને તેનાં ઇંડાં ખાઈ જઈશ.

Shriek (શ્રીક) Shrill cry. તીની ચીસ. Them—સાપ.

Wriggling (રિગ્લીંગ) Coming in their zigzag manner. વાંકા ચુંકા, સળવળીયાં ખાતાં આવવું.

Ugh—ત્રાસ અને તિરસ્કાર દર્શક વચન, અરર, ઉંહું.

Invent—Find out falsely. ધતીંગ, જૂઠાણું ઉભું કરવું, તુક્કો લગાવવો.

A likely...વાહ વાહ, સંભવિત વાત હોં, ઝટ મનાય એવી વાત, ખરેખર!

There...it—તું ગમે તેટલી ના પાડે એ કંઇ ચાલવાનું નથી.

I...egg—હવે હમણાં પાછું તું એમ કહીશ કે મેં કદી પણ ઇંડું ચાખ્યુંજ નથી એ પણ હું ઝટ માનું, ખરુંને ? નહીં, નહીં, તું સાપ નથી એ તારી વાત જેવી જૂઠી છે તેવીજ આ વાત પણ હું ગણું, બીજું કંઈ ચાલે નહીં.

Opportunity (ઑપૉરટ્યુનીટી) Chance. તક, પ્રસંગ.

Looking for—ની શોધમાં છે.

What...me—એની મને શું અગત્ય ? એનું મારે શું કામ ?
As...happens—જોગ જોગે, વાત એવી છે કે.
Yours—તારાં ઇંડાં. [ન ખાઉં
Raw (રૉ) Uncooked. કાચા, સાપ કાચાં ઇંડાં ખાય, હું માણસ
Be off—ચાલી જા. નીકળ અહીંથી.
Sulky (સલ્કી) Sullen. ચીડાએલે, ડોસાબંધ.
Settled down—બેસી ગયું, ભરાઇ ગયું. Nest (નેસ્ટ) માળો.
Crouched (ક્રાઉચ્ડ) Lay down. નીચી ભરાઇ બેઠી.
Kept...entangled (એન્ટૅન્ગલ્ડ) Caught. ગુંચવાયા કરી ગભરાયા કરી.
Untwist (અનટ્વીસ્ટ) Disentangle, take out. ગુંચ ઉકેલી લેવી. છૂટી કરવી, મરડીને મોકળી કરવી. Branches (બ્રેન્ચીઝ) ડાળીઓ.
Usual (યુઝ્યુઅલ) Ordinary. normal. હંમેશની, સાધારણ, હતી તેવી.

20.—PLAGUE PREVENTION.
(મરકી રોકવાના ઉપાય).

Prevention (પ્રીવેન્શન) Stopping. અટકાયત, રોકવાની ક્રિયા.
Rats (રૅટ્સ) મોટા ફુલેલા ઉંદર, પ્લેગના હંમેશાં Rats કહેવાય, Mice નહીં.
Fancy...that—મરેલા ઉંદરને આગ્રમાણે લઇ જવાનું કેટલું ખરાબ !
Filthy (ફીલ્થી) Dirty ગંદી. Mind (માઇન્ડ) Care for. ની દરકાર, ફીકર કરવી. Station—ચોકી, ગેટ. Live (લાઇવ) જીવતો, Either—પણ.
They do, though—હા હા, આપે છે. Either અને Though ના આ ઉપયોગ ધ્યાનમાં રાખવા. તું ભલે કહે, જો કે તું કહે છે પરંતુ ખરી વાત એ છે કે એક આનો આપે છે.
Sweeper (સ્વીપર) One who removes refuse from the streets. ઝાડુ કાઢનાર, રસ્તામાંથી કચરો કાઢનાર.
I...house—મારા ઘરમાંથી તો નહીં ને !
Drain (ડ્રેઇન) Water channel. પાણી જવાનો માર્ગ ગટર.
Why...here—પણ અહીંથી પકડે એમ તમારે શા માટે ન જોઇએ !
I...matters—એમાં કંઇ મોટી વાત છે. એમાં હું માનતો નથી, એમાં આપણું શું જાય ? Bite (બાઇટ) કરડવું.
Outbreak (આઉટબ્રેક) Beginning, ચલગત, સપાટો.

Is—આનો કર્તા *Sign* છે, *Rats* નહીં અને તેથી એક વચન.

Rat-fall ઉંદર પડે તે. Snow-fall, Rain-fall વિગેરે શબ્દોની માફક આ શબ્દ સમજવો.

But...school—પરંતુ તમારે નિશાળે જવાનો વખત થઈ ગયો છે.

Reading-book—વાચનમાળા, રીડર.

Algebra (ઍલ્જીબ્રૅ) બીજગણિતનું પુસ્તક.

Fountain-pen (ફાઉન્ટેઇનપેન) Stylo, independent pen. શહી ભરી કલમ, ખડીઆમાં બોળ્યા વગર જેનાથી લખાય તેવી કલમ.

Lent—આપેલી. Left—ભુલી ગયેલો, મૂકી છાંડેલી. આવા અર્થ માટે *Forgot.* શબ્દ નહીં વાપરવો.

Get—લઇ આવો. Boys' room—છોકરાંઓનું વાંચનાલય.

Alarmed—ભયચકિત. Lit a match—દિવાસળી સળગાવી.

Sure enough (શ્યુર ઇનફ) ખચિતજ Rest—ટકીને રહેવું, અઢેલીને રહેવું.

District (ડિસ્ટ્રીક્ટ) જીલ્લો, જીલ્લાની.

He...buried—ઉંદરને દટાવવા માટે રોકાઈ શકે એમ ન્હોતું.

Knew...reason—કંઇ કારણ જોયું નહીં. Waste—ઠાલો, મફત નાખી દેવો.

Midday—બપોર, મધ્યાન્હ, રેંઢો. [સુંદર લાગે છે, અને રિવાજ પણ તેવોજ છે.

What...from–From what house it cam. પરંતુ From છેવટ મુકવાથી

Govind's—ગોવિંદના ઘરમાંથી. In conversation—વાતો કરતા.

Laboratory (લૅબોરેયટરી) A place for scientific experiments. વિજ્ઞાન પ્રયોગશાળા.

There...to morrow—કાલે નિશાળ બંધ રહેશે. રજા પડશે. પરંતુ 'આવતી કાલે રજા છે, તહેવાર છે' તેને માટે 'There is a holiday to morrow' એમ નહીં કહેતાં, 'Tomorrow is a holiday' એમ કહેવું જોઇએ.

I hope not—બંધ ન થાય તો સારૂં.

Go up for—માં બેસવું છે. [ચોકખી રીતે.

Evidently (એવિડેન્ટલી) Obviously, apparently. દેખીતી રીતે.

Assistant surgeon—મદદનીશ ડાકટર.

Posted—ને જગ્યો આપવામાં આવી છે, ની નીમણુક થઇ છે.

Plague officer—ખાસ મરકી માટેનો ડાકટર.

Anglo-Indian (ઍન્ગ્લો-ઈન્ડિએન) હિંદુસ્તાનમાં જન્મેલો અથવા રહેતો અંગ્રેજ.

Fleas (ફ્લીઝ) ચાંચડ. Suck— ચૂસે.
Human being (હ્યુમન બીઇંગ) માણુસ.
Minute (માઇન્યૂટ) Very small સૂક્ષ્મ, ઝીણી.
Powerful—ઘણા જોરવાળુ, જોરદાર.
Microscope (માયક્રૉસકોપ) An instrument which makes very small things appear large. સૂક્ષ્મદર્શક યંત્ર.
Broke in— વચમાં બોલી ઉઠયો. Tiny (ટાઇની) Very small. ઝીણું.
Germs (જર્મ્સ) જંતુ. Disappear–અદૃશ્ય થાય, ચાલ્યું જાય.
To settle on—ની ઉપર બેસવા માટે. [હેરાન થતાં.
Rat-infested (રૅટ-ઇન્ફેસ્ટેડ) Troubled with rats. ઉંદરવાળાં, ઉંદરથી
Got rid of—Dismissed. દૂર કરવામાં આવે છે.
Pains—Trouble, steps. મહેનત, તકલીફ.
European (યૂરોપીઍન) યુરોપ ખંડનાં.
Destructive (ડીસ્ટ્રકટીવ) Ruinous. નાશકારક.
Over crowded—Very full of people. ઘીચ વસ્તીવાળાં.
Tropical (ટ્રૉપિકૅલ) Belonging to hot countries. ગરમ દેશમાં ફાટી નીકળે એવું, ગરમ દેશનું. Disease—દરદ, રોગચાળો.
Dies out—મટી જાય છે, ચાલ્યું જાય છે.
Madras Presidency (પ્રેઝીડેન્સી) મદ્રાસ ઇલાકો.
Stupid (સ્ટયુપિડ) Foolish. મૂર્ખો.
I wish...so—તમારી માને કહ્યું હોત તો ઠીક થાત.
This afternoon— આજે બપોરે.
Make...house—ઘર છોડાવશે, બીજા ઘરમાં જઇ રહેવાની ફરજ પાડશે.
Apprehension (ઍપ્રીહેન્શન) Fear. ધાસ્તી, ભય, ચિંતા.
Not far off—નજીકનાં Officials (ઑફીશલ્સ) અમલદારો. સરકારી નોકરો.
Then—તે વખતે, પહેલ વહેલો પ્લેગ જ્યારે મુંબઇમાં ફાટી નીકળ્યો ત્યારે.
Town—મુંબઇની પાસે જે નાના ગામમાં તે રહેતો હતો ત્યાં.
Mr. Govind...house—પોતાના ઘરમાં મળી આવેલા ઉંદરને છુપાવવા કરતાં વધારે સારૂં ડહાપણ દાખવવું જોઇતું હતું, તેને જ્ઞાન હતું કે મરેલો ઉંદર પ્લેગનો કદાચ હોય અને તો પછી તેને છાનોમાનો દટાવી દેવો તેના કરતાં પોલીસ પાસે નક્કી કરાવી જરૂર પડે ઘર છોડી દેવું હતું.

પરંતુ તે બધી કડાકૂટથી કાયર બની સમજ છતાં તે તેણે ન કર્યું તે અયોગ્ય ગણાય. Possibility—સંભવ. Report—જાહેર કરવું.

Doorway—આગળનો દરવજ્જો, બારણું.

Infected (ઈન્ફેક્ટેડ) Attacked by plague. મરકીનો ચેપ લાગેલો.

Rest—વિસામો ખાવો. ભાઇ શ્રી ગોવિંદભાઇ ઘર છોડવાની કડાકૂટમાંથી બચી ગયા એટલે ભાઇ શ્રી રોઝારિઓને ચાપાન કરાવે ને ?

Dawn—પરોઢીઆથી માંડીને, સૂરજ ઉગ્યો તે પહેલાંથી.

Siberia (સાયબીરીઍ) A territory of Asiatic Russia from the Ural Mountains to the Sea of Okhotsk and Behring Strait. The climate is mostly very severe.

Sanitation (સૅનિટેયશન) Keeping the streets and houses clean. રસ્તાઓ વિગેરે સાફસુફ અને પૂરતાં હવા અજવાળાંવાળા રાખવાં, આરોગ્ય રક્ષણ.

Means (મીન્સ) Remedy. ઉપાય, સાધન.

Inoculation (ઇનૅાક્યુલેયશન) રસી મેલાવવી તે.

Fluid (ફ્લ્યુઇડ) પ્રવાહી પદાર્થ, રસી.

Recover (રીકવર) Become free. પાછા સાજા થઈ જાય છે.

Evacuation (ઇવૅક્યુએઈશન) Making vacant. ખાલી કરી નાખવું તે, નિર્ગમન. Neighbouring (નેયબરીંગ) પાસેનાં, પડોશનાં.

Disinfected—Made free from germs by medicines. ફીનાઈલ વિગેરે છાંટીને સાફસુફ કરવામાં આવે છે, પ્લેગનો ચેપ કાઢી નાંખવામાં આવે છે. Troublesome (ટ્રબલસમ) મુંઝવણ, મુશ્કેલી ભરેલું, હાડમારી પ્હોંચાડનારૂં. Inconvenient—અગવડ ભર્યું.

Proportion (પ્રોપોર્શન) Number. પ્રમાણ, સંખ્યા, અમુક ભાગ.

Camping—થોડા વખત માટે ઘર કરી રહેવું, નિવેશ કરવો.

See—કાળજી રાખવી. તપાસ રાખવી.

Escaped (એસ્કેઈપ્ડ) Been saved from. માંથી બચ્યું છે.

Have had—Have got. રસી મેલાવવી પડતી નથી.

21.—KING JOHN.

Put out his eyes—તેની આંખો ફોડી નાંખવી. Red-hot. રાતા ચોળ.
Irons—લોઢાના સળીયા. Carry out—અમલમાં મેલવું.
Finally—છેવટે. Moved to pity—દયા આવી જાય છે.
But...dead—તું મરી ગયોં છે તે શિવાય બીજું કંઇ.
Tragic—ભયંકર, દયામણો. In store for—ના ભાગ્યમાં હતો.
Castle—Of Rouen. [નોકરને હુબર્ટ આ પ્રમાણે હુકમ કરે છે.
Heat me—Make hot for my use. મારા કામ માટે તપાવો, પોતાના
Look—કાળજી સંભાળ રાખજે કે. [France. પડદાની ઝુલ, પડદો.
Arras (ઍરૅસ) Tapestry hangings, first made at *Arras* in
Strike—પછાડું, ધબકારો મારૂં. Bosom (બુઝમ) That part. સપાટી.
That...me—જે મારી પાસે હશે. Fast (ફાસ્ટ) Strongly. મજબુતાઈથી.
Warrant (વૉરેન્ટ) Authority given to you by the king. વારંટ, રાજાએ આપેલું હુકમપત્ર.

Bear on—Support. ટેકો આપવો, ની બરાબર હોવું.

Your...deed—ખુરશીએ બાંધવાનું તમે જે કહો છો એ હું માનું છું કે રાજાના હુકમની બહાર નહીં હોય, રાજાએ તમને આપેલી સત્તાથી વધારે તો તમે નથી કરતાને ?

Uncleanly (અન્કલીન્લી) Impure, disloyal. બેવફા, ધર્મહીન.

Scruples (સ્ક્રુપલ્સ) Thoughts about right and wrong. ખરા ખોટાના વિચાર, આનાકાની. હું જે હુકમ કરૂં તેમાં તું શંકા ઉઠાવે એ તારો ધર્મ નથી માટે તારા વિચાર અશુદ્ધ છે.

Exeunt (એકઝીઅન્ટ) Go out. જાય છે, વિન્ગમાં પેસી જાય છે.
Good morrow—તમારી આવતી કાલ શુભ હોજો. સલામ, નમસ્કાર.
As little...may be—એક રાજકુંવર કે જેને વધારે મોટા રાજા થવાને મોટા હક્ક છે (પરંતુ જે થઇ શકતો નથી) તે જેટલો ન્હાનો, દીન હીન થઇ શકે, તેટલો ન્હાનો અને દીનહીન તો હું થઇ ચૂકયો છું. અરે, ન્હાનો શા માટે ? તું કલ્પી શકે એટલો હું ન્હાનો, હુબર્ટ હુબર્ટ *Little* શબ્દ 'ઉમ્મરમાં ન્હાનો' એ અર્થમાં વાપરે છે તેમાંથી આર્થર બીજો અર્થ કાઢે છે, 'સ્થિતિ પદ્દીમાં ન્હાનો' અને કહે છે કે ખરી વાત છે કે હું ન્હાનો છું. હું જાણું છું કે ગાદી ઉપર

મારો હક્ક છે છતાં મને કેદ કર્યો છે, એ મને બહુ સાલે છે અને નીચું જોવરાવે છે. હું પોતેજ મારા મનથી નીચ બન્યો છું. 'મારી ન્હાનાઇ' તારા કરતાં પણ હું પોતે વિશેષ સમજું છું.

Merrier (મેરીઅર) Than I am now. પહેલાં કેટલીકવાર હું વધારે આનંદમાં હતો એ ખરી વાત પરંતુ અત્યારે દિલગીરીમાં તો નથીજ.

Mercy on me—પ્રભુ ભલું કરજો ? મને લાગે છે કે, હું ધારૂં છું કે.

As...night—Gloomy and dark in the face.

Wantonness (વૉન્ટનનેસ) Perversity, Playfulness, jest. જીદ, મજાકમાં, આનંદ, રમતમાં. ચ્હેરો ગંભીર બનાવી' ભવાં ચ્હડાવીને ચાલવું એ ફ્રાંસના લોકોને મન એક મજાક હતી.

Christendom (ક્રિસનડમ) Christianity. મારો ખ્રિસ્તી ધર્મ, ઇમાન, મારૂં ખ્રિસ્તી નામ વિધાન.

So...long—I should feel very joyful all the day long only if I were not in jail, even if my position were low. મને જો જેલમાં પૂરવામાં ન આવે, પછી ભલેને ગરીબડા મેંઢાની માફક મને રાખવામાં આવે તોપણ હું આખો દહાડો ખુશી ખુશી રહું. any high position. Here—અને અહીં જેલમાં પણ હું ખુશી રહું.

But—Except for this reason. શિવાય કે આ કારણને લઇને.

Practises—Plots. છાનુંમાનું કરે છે, કાવત્રાં કરે છે.

Geoffrey (જીઑફ્રે) King John's elder brother. જ્હૉનનો મરણ પામેલો મોટો ભાઇ, અને આર્થરનો પિતા.

It's not—It is not. I...heaven—I wish and pray before God.

So—So that. જેથી, અને એ પ્રમાણે. Aside—સ્વગત.

Prate (પ્રેઇટ) Prattle. કાલાકાલા બોલ.

He...dead—મારો દયાભાવ જે મૃત પડેલો છે તેને જગવશે, અત્યારે નિષ્ઠુર બનીને આવ્યો છું તેને દયાથી પીગળાવશે.

Sudden and dispatch—I *will do may task at once.* હવે વધારે વાત કર્યા વગર એકદમ હું મારા કામનો નિકાલ કરી નાંખું.

Dispatch—Finish. અમલ, નિકાલ કરી નાંખવો.

Sick—બિમાર, મગજમાં ચકરી કે પેટમાં ચીટ આવે છે.

Sooth—Truth, ખરેખર કહું તો. Would—Wish.

